કુમાર



સરસ્વતી

ચિત્રકાર · પુલિનબિહારી દત્ત; મૂળ ચિત્રનું માપ: ૧૩॥×૧૦ ઇંચ; કલાકારના પરિચય માટે અંદર વાંચો

આવતી કાલનાં નાગરિકોનું માસિક

વર્ષ અઢારમું · અંક પહેલો · જાન્યુઆરી ઓગણીસસો એકતાળીસ · તંત્રી : રવિશંકર રાવળ · સંપાદક : બચુભાઈ રાવત







કુમાર પ્રત્યેક અંગ્રેજી મહિનાની પંદરમી તારીખે બહાર પડે છે


મુદ્રક-બચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક રવિશંકર રાવળ, કુમાર પ્રિન્ટરી. કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ; વાર્ષિક રૂા. ૬, બ્રહ્મદેશના રૂા. ૬॥, પરદેશના ૧૨ શિ., છૂટક દસ આના; મુંબાઇમાં: શેઠ ઍન્ડ શાહ, ૧૩૬–૧૪૨ મેડોઝસ્ટ્રીટ મુંબાઈ–૧; તથા બીજા એજન્ટો: આર.આર.શેઠની કં., શિષ્ટ સાહિત્ય ભંડાર અને રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ.



જીવનસખ્ય

ચિત્રકાર · પુલિન બિહારી દત્ત
(સર ચીનુભાઈના સૌજન્યથી)







ફોટોગ્રાફી હરીફાઈ

ઉપર: જમણી બાજુ–'વિસામો': ડી. ટી. બારોટ (વડોદરા) પહેલું ઈનામ; ડાબી બાજુ–'રેંકડીવાળી': મનુ પટેલ (સાંખેજ) બીજું ઇનામ; વચ્ચે: ડાબી બાજુથી–(૧) છબછબિયાં: ભગવાનજી મિસ્ત્રી (અમદાવાદ) ત્રીજું ઈનામ ગુમાવેલી તકો: અનુક્રમે–'કુદરતી બક્ષિશ': રાજેન્દ્રલાલ દવે (વલસાડ); 'જંગ': ફિરોઝ સરકાર (સુરત); 'ઠૂંઠાં ફેલતાં': મનુ પટેલ (સાંખેજ); 'મધુર હાસ્ય': ફિરોઝ સરકાર (સુરત); 'જીવનકળા': જયંત મધવાણી (પૂના); 'સાઇકલના પ્રવાસી': બી. એમ. મિસ્ત્રી (અમદાવાદ).

પ્રાર્થના

·મિશ્ર·

સંપૂર્ણતા હુંથી પરી રહો સદા;
આનંદ માગું હું અપૂર્ણતાનો.
દમેદમે કૈંક થવા મથી રહું.
મથામણોની ન મણા હજો મને.

ચડી, પડી, આથડી કાળભેખડે
પંજા વડે બાઝી રહી કહીં કદી,
ચાલું જરી ગોઠણિયે ટગુમગુ;
ડગેડગે આખડી આખરે લડી
રે ટોચ છોને સર ના કરી શકું,
મારી રહો મોજ મથામણોની.

આકાશમાં તારકજૂથ વચ્ચે
ઝૂમી રહ્યું જે લલચાવનારું
ઝૂમી રહો તે ધ્રુવલક્ષ્ય ત્યાંનું ત્યાં;
એ જોઉં છું એ જ મને ઘણું છે.
એ વ્યોમ કેરો ચમકંત, હાથમાં
તારોડિયો તોડી મને ન આપશો.
એ ધ્યેય તો દૂરનું દૂર છો રહો,
આદર્શ આકાશ વિષે જ છો વસો.
આધાર આગે ડગ માંડવામાં
બની રહે,—ના બસ એટલું કે?
માગું: રહો દૂરનું દૂર લક્ષ્ય તો,
ઉતારશો ના ધ્રુવને ધરા પરે.

સંપૂર્ણતા દૂર રહો;
સદા મને
હો ઊણપોના ઉકળાટ અંતરે.
વિશ્વે હું જે વારસ ચેતનાનો
નિષ્પ્રાણતા ધારું ન પૂર્ણતાની.
ઊણો છતાં માનવ થૈ રહું; મને
અધૂરપોના બહુ ઑરતા; હજો
મને ન ઓછી ઉરઓછપો કદી,
કે ખોડ કે ખાંપણ કેરી ખોટ,
કે હીનતાની ન હજો કમીના.
છે સિદ્ધિ સાચી મુજ હીનતા જ.

સંસારના ચાક પરે ચડેલો
માટી તણો આકૃતિહીન પિંડ,
એમાંથી જે ઘાટ ઘડાય મારો,
ન એ હજો પૂર્ણ સુરેખરૂપ કે
રહે ન તારે અવકાશ લાડની
બેએક મીઠી ટપલી લગાડવા,
આત્માધિદેવા, બસ એ જ માગું.

ઉમાશંકર જોષી

વર્ષ ૧૮ · અંક ૧   આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનાં ઘરોનું માસિક   જાન્યુઆરી '૪૧



હારજીત

● હારજીતની અનેક ભાતોથી દુનિયાનો ઇતિહાસપટ ચીતરાતો આવ્યો છે. કોઈ દિવસ માનવી જંપીને બેઠો હોય એવું તો દેખાતું જ નથી. તેના સ્વભાવમાં જ આપત્તિઓ અને પ્રતિપક્ષીઓનાં આક્રમણો ટાળવાનો સતત પ્રયત્ન ભભૂકતો રહ્યો છે. જ્યારેજ્યારે માનવી એ પ્રયત્ન કરતો અટક્યો છે ત્યારેત્યારે સમાજ પર દારિદ્રય, દીનતા ને હીનતાનાં વાદળ છવાઈ ગયાં છે. એના એ પ્રમાદનું પ્રાયશ્ચિત્ત અનેક પેઢીઓ સુધી તેની પ્રજા ભોગવે છે. એમાંથી છૂટવા ઈચ્છતા જાગૃત માનવીને તો પોતાની ઉત્ક્રાન્તિ અને પ્રગતિ આડે આવતા પ્રતિપક્ષીઓને અને આપત્તિઓને શોધી શોધી તેમની પર વિજય મેળવવાનું કર્તવ્ય ઊભું ને ઊભું રહેવાનું જ.

ટાઢ, તાપ કે હીમના ઝંઝાવાતોને ટાળવા અગ્નિ, ગુહાનિવાસ કે સ્થાનાંતર કરી પ્રાચીન માનવે અસુરો પર વિજય મેળવ્યાની વીરકથાઓ લખાઈ છે. સાગર, વાયુ અને અંતરીક્ષ પર કાબૂ મેળવ્યાનું ગૌરવ આજનો વૈજ્ઞાનિક વીર ગાણી રહ્યો છે. માનવીની વીરગાથાઓનો તો હજુ પણ પાર નહિ રહે; છતાં હારજીતનું દ્વંદ્વ અટકવાનું નથી.

અંતિમ વિજેતા

ધંધામાં, અભ્યાસમાં, વેપારમાં, સંશોધનમાં હારજીત હમેશાં ચાલુ છે. જીવનવ્યવહારનાં બધાં ક્ષેત્રોમાં કોઇ ને કોઈ મોરચો હાથ કરવાનો હોય છે. તમારા પહેલા પ્રયત્ને કદી તે પ્રાપ્ત ન કરી શકો તો હારનું કલંક તમને યુદ્ધમાં પરાસ્ત થએલા યોદ્ધા જેટલું જ ગભરાવશે. એકાદ પરીક્ષામાં નાપાસ થાઓ કે નોકરી મેળવવામાં નાકામેદ થાઓ અથવા તમારી માગણીઓનો કોઇ અસ્વીકાર કરે અગર ધાર્યું પદ કે સત્તા તમને ના મળે તે વખતે તમારા હૃદયમાં થએલાં ગ્લાનિ અને નિરાશા તમને શસ્ત્રયુદ્ધની હાર કરતાં ઓછાં નહિ લાગતાં હોય. પરંતુ એ જ વખતે તમારી વીરતાની કસોટી છે એ વાત તમે ભૂલશો નહિ. ખરેખરા યુદ્ધ કરતાં, ખરેખરા ઘા ખમવા કરતાં નિરાશા અને હાર્યાની લાગણી પર વિજય મેળવનારમાં પ્રતિપક્ષી વિજેતા કરતાં યે વધારે શૌર્ય અને ધૈર્યની પ્રતીતિ થાય છે, એટલું જ નહિ પણ કાળક્રમે સાચા અને અંતિમ વિજેતા રૂપે તેનો જ સ્વીકાર થાય છે. જયઘોષ સાથે પાછા ફરેલા વીરો કરતાં રણમેદાન પર ઘા ઝીલતા પડેલા વીરોનું જગત વધારે સન્માન અને સ્મરણ કરે છે.

અંતિમ વિજેતાનું લક્ષણ

અંતિમ વિજય પર લક્ષ રાખી લડનાર યોદ્ધાને પિછાનવો મુશ્કેલ છે. જગતના કોઇ પણ બહારના મનુષ્યને એ દુશ્મન માનતો નથી. બહારના મનુષ્યને દુશ્મન બનાવનાર કોઇ આંતર અસદ્‌ગુણને તે ઓળખી રહ્યો હોય છે અને પળેપળે તે પોતાની હારનાં કારણોમાં તેને જ આગળ મૂકયા કરે છે. ચક્રવર્તી મહારાજ અશોકને એ વાત સમજાઇ ત્યારે એણે યુદ્ધસામગ્રીથી દેશો જીતવાનું છોડી મહાન બૌદ્ધ ઉપદેશકોના કાફલા ચારે તરફ મોકલી લોકોનાં હૃદયમાં જે દુશ્મનભાવો હતા તેનો નાશ કરી સદ્‌ધર્મનું ચક્ર ગતિમાન કર્યું અને શાંતિ સ્થાપી. ઈશુ ખ્રિસ્તે પોતાનું આત્મસમર્પણ કરી દુશ્મન બનેલા માનવોને પોતાના સહધર્મી બનાવ્યા અને અંતિમ વિજેતા કોણ છે એ જગતને બતાવી આપ્યું.

यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः
तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम:

જ્યાં જ્યાં સ્વાર્થરહિત યુદ્ધ પર નજર રહે છે, ત્યાં કોઈ દુશ્મન રહેતું નથી. હારજીતની ભાતોમાંથી યોગી વિજેતા જ સર્વની વિભૂતિ સમો શોભે છે. શ્રીકૃષ્ણ, રામ, બુદ્ધ, ઈશુ ખ્રિસ્ત અથવા આ યુગના લિંકન કે ગાંધીજીમાં આપણને એવી વિભૂતિનું દર્શન થશે. જગતનાં અતલ નિરાશા, ગ્લાનિ કે હાર પર એ જ પ્રસન્ન હાસ્ય કે આશીર્વાદ એ એમનો મંત્ર હતો.

સત્તાવનના બળવા વિષે કોઇ એક મિત્રે એક કિસ્સો કહેલો કે કોઈ તત્ત્વજ્ઞાની મહાત્માને એક સોલ્જરે બળવાખોર માની બૅયોનેટ મારી દીધું, તે વખતે તેણે 'તત્ત્વમસિ' (તું જ એ છે) એટલો જ શબ્દ સાંભળ્યો. એ તો જ્ઞાનની પરાકાષ્ઠાનું ચિહ્ન હતું; પણ તમે તમારી સાધારણ ભીડ, નિરાશા કે આપત્તિમાં યે વ્યાકુળ અને નિઃસહાય બની હૃદયવેદનાથી પીડાતા હો તે વખતે આ પૃથ્વી પર બે પગ સ્થિર કરી તમારૂં ક્ષેત્ર બરોબર તપાસવા જેટલી બુદ્ધિ અને શૌર્ય જાળવી શકો તો આજે હારેલા તમે અંતિમ વિજેતા બની શકો એમાં શંકા જ નથી.

તમે જો એટલી સ્વસ્થતા મેળવી શકશો તો તમારા કાર્યમાં જે જે કારણોએ નિરાશા અને હાર ઉપજાવી હશે તેને તમે શોધી શકશો અને પ્રમાદ છોડી તે સુધારવા તરફ લક્ષ

મારી નજરે (ર.મ.રાવળ)



સંસારદર્શન ચિત્રાવલિ . . . . . (૧) મૂર્ખાઓનો જીવનવિધાતા

આપણી સામાજિક અને પ્રાન્તીય ઊણપો, બદીઓ, કુરૂઢિઓ વગેરે પર કટાક્ષ કરીને વસ્તુસ્થિતિનું વિશદ અને સુરેખ દર્શન કરાવતાં વ્યંગચિત્રોની એક માળા શ્રી રવિશંકર રાવળે ગુજરાત કલાસંઘના વિદ્યાર્થીઓના સહકારથી તૈયાર કરી છે. એમાંથી, 'કુમાર'માં અગાઉ નહિ આવી ગએલાં એવાં વ્યંગચિત્રો આ અંકથી પ્રકટ કરવાં ચાલુ કરીએ છીએ. એ માળાનાં પચાસેક ચિત્રોનું પ્રદર્શન 'સંસારદર્શન ચિત્રાવલિ' નામથી ગામડાંઓમાં પ્રચાર અર્થે શ્રી રાવળ તરફથી ફરતું કરવામાં આવ્યું છે. એ ચિત્રોની લોકપ્રિયતા આશ્ચર્યકારક બની છે. તે જોઇને સાધારણ પ્રેક્ષક પણ વિચારનો મુદ્દો પકડીને પરિસ્થિતિની ગૂંચ સમજી જાય છે. છેલ્લા છ માસમાં આ ચિત્રો ગામડાંઓમાં ફર્યાં જ કર્યાં છે, અને હજી પણ ફરવાં ચાલુ છે. એ ચિત્રમાળાના સુરક્ષિતપણા વિષે અને વાહનખર્ચ માટે યોગ્ય બાંહેધરી તથા વ્યવસ્થા કરી આપવાનું માથે લેનાર કોઈ પણ સંસ્થા કે વ્યક્તિને તેનો ઉપયોગ કરવા દેવામાં આવે છે.

જ્યોતિષના આધારે જીવનનાં ડગલાં જોતાં નિષ્ક્રિય અને પ્રારબ્ધાધીન બની બેઠેલા ભારતવાસીઓનો ખ્યાલ આપતી ચિમકી ચિત્રમાં છે.

આપશો. ફરીવાર શ્રી અને વિજય જરૂર પ્રાપ્ત થશે. એ એક સમર્થ ભારતીય વચન છે એમાં મૂકેલી શ્રદ્ધા વ્યર્થ થશે નહિ.

સ્વ. શ્રી ઠાકોરલાલ પરમોદરાય ઠાકોર

● તા. ૨૦-૧૨-૪૦ના રોજ ૭૨ વર્ષે તેઓ દેવાધીન થયા. અમદાવાદના સંસ્કારી સાપ્તાહિક 'પ્રજાબંધુ'ના સ્થપાયા પછી લાંબા કાળ સુધી તેઓ તેના સંચાલક અને માલિક હતા તથા નીડર અને લોકપ્રિય આગેવાન પત્રકાર હતા. આજે એમનો એ વારસો એમના તરુણ ભત્રીજા શ્રી ઇંદ્રવદન બળવંતરાય ઠાકોર સંભાળી લઈ 'પ્રજાબંધુ'ની સાથે 'ગુજરાત સમાચાર' દૈનિકનું પણ લોકપ્રકાશન લિમિટેડ દ્વારા સફળ સંચાલન કરે છે. સ્વ. ઠાકોરભાઇની એ ચિરંજીવ સ્મૃતિ છે. અમે તેમના આત્માને ભાવપૂર્વક અંજલિ સમર્પીએ છીએ.

કોઈ કહેશો?

આ મથાળાની યે વાચકો તરફથી તેમને મૂંઝવતી બાબતો, ન સમજાતી બીનાઓ, પ્રશ્નો વગેરે લેવાનું અમે ઠરાવ્યું છે; અને બીજા અનુભવીઓ તથા જાણકારોને તેના જવાબો આપવા વિનંતિ કરીશું. સમાધાનકારક જવાબો અપાશે તો તે પ્રકટ કરીશું, અને જવાબ લખનારને રૂ. ૧-૦-૦નું પાનું ગણી પુરસ્કાર આપીશું. ર. મ. રાવળ

આચાર્ય

આચાર્યના વાસ્તવિક અર્થમાં એ આચાર્ય છે. અરધી સદીનું એકધારું અધ્યાપક-જીવન ગુજારી થોડાં જ વર્ષ પર તે નિવૃત્ત થયા છે, પરંતુ એમની નિવૃત્તિ કેવળ ઔપચારિક છે; કારણ કે આચાર્યપદ એમનાથી આજીવન વેગળું પડી શકે તેમ નથી. આજના હિંદીઓમાં એ પહેલા જ એવા રસાયણ-શાસ્ત્રી છે, જેમણે એ શાસ્ત્રમાં મૌલિક તેટલી જ મહત્ત્વની શોધખોળો કરી હિંદને માનભર્યું આસન અપાવ્યું હોય. પરંતુ એમની કીર્તિની ક્ષિતિજે તો એ સંસિદ્ધિથી યે અનેકગણો વિસ્તાર સાધ્યો છે. એમના જીવનમાંથી અનેક જિજ્ઞાસુઓએ પ્રેરણાનું આકંઠ પાન કર્યું છે અને એમાંના કેટલાકના સહયોગે રસાયણ-શાસ્ત્રની આખી હિંદી સંસ્થા ઊભી થવા પામી છે. અને પુણ્યગુરુની કીર્તિની એ જ યશોધવલ કલગી છે.

ઇ. ૧૮૬૧નું વર્ષ રસાયણશાસ્ત્રના ઇતિહાસમાં ક્રુક્સની થેલિયમની શોધથી અમર બન્યું છે. એ યાદગાર વર્ષના ઑગસ્ટ માસની બીજી તારીખે, બંગાળના પ્રાણકવિ માઇકેલ મધુસૂદન દત્તે પ્રખ્યાત બનાવેલી કપોતાક્ષી નદીને કિનારે આવેલા રરૂલી નામના ગામમાં એ ભાવિ રસાયણશાસ્ત્રીનો જન્મ થએલો. એમના પિતા હરિશ્ચન્દ્ર રાય જેટલા સુશિક્ષિત હતા એટલા જ શિક્ષણપ્રિય હતા, ને તેવા જ પાછા પ્રજાવાદી હતા. ગામમાં કોઈ શાળા ન હોવાથી એમણે પોતાને પૈસે એક છોકરા સારૂ ને એક છોકરીઓ સારૂ એમ બે શાળાઓ ખોલી આપેલી. એમના કાળની ભાષા અદાલતી ફારસી ભાષાના એ જબરા જ્ઞાતા હતા. પરંતુ સાથે અરબી અને સંસ્કૃતના પણ તે એટલા જ વ્યાસંગી હતા.

આવા શ્રી અને શીલસંપન્ન પિતાની નિગેહબાની એટલે સંતતિના ઘડતરમાં પછી શી કચાશ રહે? એ પ્રફુલ્લચંદ્રના માત્ર નિગેહબાન જ નહિ, સાચા રાહબર અને કયારેક દોસ્ત પણ બની જતા. આચાર્ય રાય પોતાના આત્મચરિત્રમાં બાલ્યકાળથી જ એમના પિતાએ અંધપરંપરાઓથી એમને વાળવા માટે કેવાકેવા પ્રકારો યોજેલા એનું બયાન આપેલું છે.

પ્રફુલ્લચંદ્રે પ્રાથમિક કેળવણી પિતાની શાળાથી જ લીધી, પરંતુ પછી એમને ઉચ્ચ અભ્યાસની સગવડ મળી રહે એટલા ખાતર ઇ. ૧૮૭૦માં એમનું આખું કુટુંબ કલકત્તા રહેવા ગયું. ત્યાં હેર સ્કૂલમાં તેઓ દાખલ થયા, પરંતુ ઇ. ૧૮૭૪માં અતિસારનો સખત હલ્લો થતાં તબિયતથી લાચાર થઇ એમને અભ્યાસ મુલતવી રાખવો પડ્યો. એ કાળથી લાગુ પડેલી અશક્તિ આજ સુધી એમને સતાવી રહી છે.

રોગગ્રસ્ત થયા છતાં પ્રફુલ્લચંદ્ર નિષ્ક્રિય નહોતા રહ્યા. પિતાના પુસ્તકાલયની એ બરાબર જેવી ખબર લઇ નાખતા. એમના પિતાએ પણ કૃષ્ણનગર કૉલેજમાં પ્રિન્સિપાલ કૅપ્ટન રિચાર્ડસનના હાથ નીચે રહી સૌષ્ઠવપ્રિય આંગ્લ સાહિત્યનું ઊંડું અવગાહન કરેલું. પુરસદના વખતે પ્રફુલ્લચંદ્રને તેઓ પ્રજાવાદી ચિંતનના પદાર્થપાઠો સાથે ભારતના મહાન પુરુષો ને મહત્કાર્યોની પિછાન આપી દેશદાઝના યે બોધપાઠ આપતા રહેતા.

ચાર વરસ પછી સંપૂર્ણ રોગમુક્ત થતાં પ્રફુલ્લચંદ્રને આલ્બર્ટ સ્કૂલમાં દાખલ કરવામાં આવ્યા. એના મુખ્ય શિક્ષક શ્રી કૃષ્ણવિહારી સેનને લઇને એ શાળા એ કાળે ખૂબ પંકાતી. એમના હાથ નીચે પ્રફુલ્લચંદ્રે અંગ્રેજી સાહિત્યમાં ખૂબ પ્રાવીણ્ય મેળવ્યું ને એ શાળાના સર્વશ્રેષ્ઠ વિદ્યાર્થી પુરવાર થયા.

ઈ. ૧૮૭૯માં પ્રવેશક પરીક્ષા પસાર કર્યા બાદ આપણે કંઇક અંશે આપણી પોતાની શાળા કહી શકીએ એવી, ઇશ્વરચંદ્ર વિદ્યાસાગરે સ્થાપેલી મેટ્રોપૉલિટન ઇન્સ્ટીટ્યૂશનમાં એ દાખલ થયા. એના શિક્ષકો તરીકે કેટલાક સમર્થ બંગાળીઓ હતા, જેમાં સુરેન્દ્રનાથ બૅનરજી અગ્રગણ્ય હતા, અને માત્ર એમના મોહને લઇને જ પ્રફુલ્લચંદ્ર તેમાં જોડાયા હતા. એવો જ મોહ પ્રેસિડેન્સી કૉલેજના સર ઍલેકઝાંડર પેડલરનાં રસાયણ અને ભૌતિકશાસ્ત્ર પરનાં વ્યાખ્યાનો સાંભળવાનો એમને હતો. પોતાનાં તત્કાલીન સંસ્મરણોમાં એમણે લખ્યું છે કે 'સુરેન્દ્રનાથ બૅનરજી અને ઍલેકઝાંડર પેડલર એ અમારા બૂતપરસ્તોના દેવ જેવા હતા; એકે મને રાજકારણની દીક્ષા આપી, બીજાએ રસાયણશાસ્ત્રની.'

રસાયણશાસ્ત્રના પોતાના પ્રિય વિષય અર્થે વિલાયત જવાનું પ્રફુલ્લચંદ્રને બહુ મન રહ્યા કરતું હતું, પરંતુ પિતાના છૂટા હાથને લઇને કુટુંબ એ અરસામાં દેવામાં ઊતરી પડ્યું હોઈ એ જાતની જોગવાઈ થઈ

પ્રફુલ્લચંદ્ર રાય



શકે તેમ ન હતી. બીજી બાજુ પ્રફુલ્લચંદ્રની આકાંક્ષા પણ ઉગ્ર બની ઊઠી હતી. એ પાર પાડવા એમણે ગુપ્ત રીતે જાણીતી 'ગિલક્રાઇસ્ટ સ્કૉલરશિપ' મેળવવા તૈયારી કરવા માંડી—એટલી ગુપ્ત રીતે કે એમના મોટા ભાઈ સિવાય આખા કુટુંબમાં એમની આ પ્રવૃત્તિની કોઈને જાણ ન હતી. એની અખિલ હિંદ હરીફાઈમાં સફળ નીવડી ને ઈ. ૧૮૮૨માં એમણે એ શિષ્યવૃત્તિ મેળવી.

એ જ સાલના ઑક્ટોબર મહિનામાં વર્ષોથી સેવેલું પોતાનું સ્વપ્નું સાર્થક કરવા તેઓ એડિનબરો યુનિવર્સિટીમાં જોડાયા. આ દુર્લભ યોગ પ્રાપ્ત થતાં સંતોષ સાથે પ્રોત્સાહ પણ એમનામાં ખૂબ આવ્યો હતો. અભ્યાસ માટે એમણે ભૌતિક, રસાયણ, વનસ્પતિ અને પ્રાણિશાસ્ત્ર પસંદ કર્યાં. રસાયણશાસ્ત્રમાં ક્રમ બ્રાઉન જેવો સમર્થ અધ્યાપક અને હ્યુ માર્શલ, ઍલેક્ઝાંડર સ્મિથ તથા જેમ્સ વૉકર જેવા જિજ્ઞાસુ સહપાઠીઓ મળી જતાં એમની તમામ રસવૃત્તિ એ દિશામાં વળી અને એ જ વિજ્ઞાન પર એક સંશોધાત્મક નિબંધ લખી ઈ.૧૮૮૮માં એમણે ડી. એસસી.ની ઉપાધિ મેળવી.

એ ઉપાધિપ્રાપ્તિ-પછી યે એમની પ્રતિભા અનેક માનસંમાનોથી નવાજાતી રહી. ગિલક્રાઇસ્ટ ફાઉન્ડેશનની વિશિષ્ટ શિષ્યવૃત્તિ, હોપ પુરસ્કારની શિષ્યવૃત્તિ, એવી નાનાવિધ સ્કૉલરશિપો ઉપરાંત એ વિદ્યાપીઠની રસાયણસંસ્થાના ઉપપ્રમુખપદનું માન પણ એમણે હાંસલ કર્યું. એમના રસાયણજ્ઞાનની તારીફ કરતાં પ્રોફેસર બ્રાઉને લખેલું છે કે તેમનું કામ જોતાં મને તેમનાં જ્ઞાન અને શક્તિની સંપૂર્ણ પ્રતીતિ થઈ ચૂકી છે. રસાયણશાસ્ત્રની તમામ શાખાઓનો તેમને અનુભવ છે, અને મૌલિક સંશોધનની પણ પૂરતી શક્તિ તેમનામાં છે.

રસાયણશાસ્ત્ર સિવાય અંગ્રેજી રાજનીતિ અને હિંદી અર્થશાસ્ત્રમાં પણ પ્રફુલ્લચંદ્ર ખૂબ રસ લેતા. બી. એસસી.ની પરીક્ષા વખતે એમણે હિંદ પરના ઉત્કૃષ્ટ નિબંધની હરીફાઈમાં ભાગ લઈ 'બળવા પહેલાંનું અને પછીનું હિંદ' નામનો નિબંધ લખેલો. જે ખૂબ પ્રખ્યાત બનેલો. પરંતુ એ જ નિબંધે એમના ભાવિ કાર્યક્રમમાં આડખીલી ઊભી કરી. એમાંના કેટલાક આક્ષેપાત્મક ભાગને લઈને, વિદ્યાપીઠનાં ઉચ્ચોચ્ચ સંમાનો અને સર ડબ્લ્યુ. એમ. મૂર અને ચાર્લ્સ બર્નાર્ડ જેવા તદ્વિદોનાં ચુનંદાં પ્રમાણપત્રો છતાં હિંદના કેળવણીખાતાને એમણે આપવા ઇચ્છેલી સેવાનો ઇન્ડિયા ઑફિસે સાફ ઇન્કાર કર્યો.

ઈ.સ. ૧૮૮૮માં તે હિંદુસ્તાન પાછા ફર્યા અને એક વર્ષ રાહ જોયા બાદ કલકત્તાની પ્રેસિડેન્સી કૉલેજમાં માસિક અઢીસો રૂપિયાના પગારે મદદનીશ પ્રોફેસર નિમાયા. હિંદના કેળવણીખાતામાં નજીવી લાયકાતે ઊંચામાં ઊંચો દરમાયો મેળવનારા અનેકો ખડકાયા હતા ત્યારે પોતાને થએલા અન્યાય માટે એમને લાગી આવે એ સ્વાભાવિક હતું. પરંતુ એ પર અફસોસ કરતા રહેવાને બદલે પોતાને હાથ આવેલી તકનો પૂર્ણ ઉપયોગ કરવાનો એમણે નિર્ણય કર્યો.

યુરોપના અને હિંદના અધ્યાપકજીવનમાં એક મહત્ત્વનો ને મૂળગત ભેદ રહેલો છે; તે એ કે ત્યાં કોઈ પણ અધ્યાપક જ્ઞાનની ક્ષિતિજ જેટલી હદે વિસ્તારી શકે તેના પર તેની કીર્તિ અવલંબે છે, જ્યારે આપણે ત્યાં કોઈ પણ અધ્યાપક પોતે શીખેલો બધો પ્રાયોગિક બોજો વિદ્યાર્થીઓ પર જેટલો વધુ ઉતારે એ વધુ કીર્તિભાગી બને છે.

પ્રફુલ્લચંદ્રે પશ્ચિમના ધોરણે પોતાનું અધ્યાપકજીવન આરંભ્યું, અને જેમ બને તેમ પોતાના વિદ્યાર્થીઓમાં સંશોધકવૃત્તિ જગાવવા તેઓ કોશિષ કરવા મંડ્યા.

જગતને પોતાની પ્રતિભાનો પ્રથમ સંગીન પરિચય એમણે આપ્યો ઇ. ૧૮૯૬માં. રસાયણ જગતને ત્યાર સુધી અજ્ઞાત એવું મર્ક્યુરસ નાઇટ્રાઇટ નામનું દ્રવ્ય એ સાલમાં એમણે શોધી કાઢ્યું, જે પ્રથમ શોધે જ એમને જગન્માન્ય બનાવ્યા. જર્મન અને અંગ્રેજ શાસ્ત્રીયપત્રોએ એમની ખ્યાતિ ગાઇ અને દુનિયાભરમાંથી અભિનંદનોનો વરસાદ તેમના પર વરસ્યો.

ત્યાર પછી તો એમની શોધશૃંખલામાં એક પછી એક કડી ઉમેરાતી જ ગઇ. મર્ક્યુરસ નાઇટ્રાઇટ સિવાય ક્ષારમય મટોડીઓમાંથી એમણે અનેક શુદ્ધ નાઇટ્રાઇટ નીપજાવી કાઢ્યાં અને વિજ્ઞાનજગતને બતાવી આપ્યું કે સઘળાં નાઇટ્રાઇટમાં મૅગ્નેશિયમ નાઇટ્રાઇટ સૌથી અસ્થિર હોઇ, જસત ને કૅડમિયમ તથા કૅલશિયમ, સ્ટ્રૉન્શિયમ અને બેરિયમનાં નાઇટ્રાઇટો વચ્ચે એ અંકોડાની ગરજ સારે છે.

૧૯૦૪માં બંગાળ સરકારે એમને રસાયણસંસ્થાઓનું નિરીક્ષણ કરવા જવાની સગવડ કરી આપી ને તેમણે પ્રથમ ડેવી લેબોરેટરી અને પછી રૉયલ ઇન્સ્ટીટ્યૂશનમાં કામ કર્યું. ત્યાં અનેક પ્રકાંડ વિદ્વાનો જોડેની ચર્ચા વડે પોતાની જ્ઞાનની મૂડીમાં પણ એમણે સારો ઉમેરો કર્યો.

નવાં જ જોશ ને નવી જ લગનથી તે હિંદુસ્તાન પાછા ફર્યા. અહીં આવી મર્ક્યુરસ નાઇટ્રાઇટમાંથી એમણે બીજાં અનેક દ્રવ્યો તૈયાર કર્યાં. પ્લૅટિનમ, ઇરીડિયમ, સુવર્ણ વગેરે ધાતુઓના ગુણધર્મો શોધવા પાછળ મથી એમણે પુષ્કળ માહિતી બહાર આણી. પણ એમનો પ્રમુખ રસવિષય તો નાઇટ્રાઇટનો જ અને એ માનીતા વિષયને એમણે પોતાના જ્ઞાનધને એટલો તો સમૃદ્ધ કર્યો છે કે આર્મસ્ટ્રૉંગે એમને 'Master of Nitrites' ગણાવ્યા છે.

૧૯૧૨માં અખિલ જગત વિશ્વવિદ્યાલય પરિષદમાં ભાગ લેવા કલકત્તા વિશ્વવિદ્યાલયના નિયોજિત પ્રતિનિધિ તરીકે એ ફરી યુરોપ ગયા. એ અરસામાં રાસબિહારી ઘોષ અને સર તારકનાથ પાલિતના ત્રીસ લાખના દાનથી કલકત્તામાં સંશોધનકાર્ય માટે એક નવી સંસ્થા ઊભી થઇ અને તે યુનિવર્સિટી કૉલેજ ઑફ સાયન્સ. કલકત્તા વિશ્વવિદ્યાલયના ઉપકુલપતિ આસુતોષ મુકરજીએ એના અધ્યક્ષપદ માટે પ્રફુલ્લચંદ્રને આગ્રહ કર્યો અને તે કબૂલ થયા. આમ, પ્રેસિડેન્સી કૉલેજને સતત અઠ્ઠાવીસ વર્ષની સેવા આપી ૧૯૧૬માં એ તેનાથી છૂટા થયા.

પંદર વરસ એ પદે રહી ઇ. ૧૯૩૬માં તે નિવૃત્ત થયા. એ દરમિયાનમાં પ્રયોગશાળાઓને સ્વયંસંપૂર્ણ અને અદ્યતન બનાવવા તથા સંશોધનની ફેલોશિપ નિભાવવા તેમણે ખૂબ ખંતથી કામ કર્યું. સક્રિય સેવાથી નિવૃત્ત થયા પછી એ જ સાલમાં કલકત્તા વિશ્વવિદ્યાલયમાં રસાયણશાસ્ત્રમાં એમેરિટસ પ્રોફેસરનું પદ એમણે સંભાળ્યું. એ સઘળાં વર્ષોમાં એમને હાથે થએલું સંશોધન ખૂબ વિસ્તૃત છે, પણ આપણે અહીં એમાં ઊંડા નહિ ઊતરીએ.

સરકારે એમની કદર કરીને ઇ. ૧૯૧૧માં એમને સી. આઇ. ઈ. તથા મહાયુદ્ધ બાદ નાઇટ બનાવ્યા. કલકત્તા વિદ્યાલયની પીએચ. ડી.ની માનદ ઉપાધિ પ્રાપ્ત કરવા ઉપરાંત ૧૯૩૪માં લંડનની કેમિકલ સોસાએટીની માનદ ફેલોશિપ તેમને અર્પવામાં આવી. એમની મહત્તાની વાસ્તવિક પિછાન કરવા ઇચ્છનારાએ એમના વિનમ્ર આત્મચરિત્ર (Life and Experiences of a Bengali Chemist) કરતાં યે એમના ૭૦મા જન્મદિનના શુભ નિમિત્તે, દુનિયાભરના સિદ્ધહસ્ત વિજ્ઞાનીઓની કલમે સીંચાએલો 'પ્રશસ્તિગ્રંથ' અવશ્ય જોઇ જવો.

હિંદના વૈજ્ઞાનિક સંશોધનના આદ્ય પ્રણેતા બે: જગદીશચંદ્ર બોઝ અને પ્રફુલ્લચંદ્ર રાય. બંનેના પ્રાયોગિક જીવન પાછળની ગહન ને આર્ષ ચિંતનની પીઠિકા વિસારી શકાય તેમ નથી. તેમાં યે રાય મહાશય તો કેમ જાણે પોતાના આદર્શને જ પરણી બેઠા હોય તેમ આજીવન કુંવારા જ રહ્યા છે. એમની સહેજ ખરબચડી ચામડી નીચે એવું તો કોમળ હૃદય છુપાએલું છે કે માનવીના સહેજ દુઃખથી પણ તે સંક્ષુબ્ધ થઇ ઊઠે છે.

છતાં એ કંઈ વિજ્ઞાનને જ વરેલા એકાંતિક અનુરાગી નથી. રાષ્ટ્રપ્રેમથી પણ એમનું હૃદય એટલું જ રંગાએલું છે. એમણે સ્થાપેલું બેંગાલ કેમિકલ ઍન્ડ ફાર્માસ્યુટિકલ વર્ક્સ આ દેશના ઉદ્યોગધંધાના વિકાસમાં એક આદરભર્યું સ્થાન ભોગવી રહ્યું છે. એડિનબરોમાંના અભ્યાસસમયે કેળવણીખાતામાં જગ્યા મેળવવા એ મથી રહ્યા હતા ત્યારે પબ્લિક ઇન્સ્ટ્રક્શનના ડિરેક્ટરે તેમને

ટોણો મારેલો કે એમના જેવા સિદ્ધહસ્ત રસાયણશાસ્ત્રી શા માટે કોઇ ઉદ્યોગધંધા તરફ ધ્યાન નથી દોડાવતા?

વિદ્યાર્થી પ્રફુલ્લચંદ્રે એ ટોણો સાલવી રાખ્યો. કૉલેજ અને પ્રયોગશાળાના સમયભક્ષી જીવનમાંથી યે થોડા-થોડા સમય બચાવી એમણે પોતાને ઘેર જ થોડીથોડી ફાર્માસ્યુટિકલ બનાવટોની પ્રવૃત્તિ આદરી. થોડાં વર્ષોમાં તો ૯૧ અપર ચિતપુરરોડ પરનું શયનખંડ સિવાયનું એમનું આખું મકાન કારખાનાના રૂપમાં ફેરવાઈ ગયું. ઇ. ૧૯૦૨માં તો એ પ્રવૃત્તિ લિમિટેડ કંપનીમાં પરિણત બની અને આજે ૯૦ એકરની જમીન ધરાવતા તેના કારખાનામાં ૨૦૦૦ માણસો કામ કરી રહ્યા છે. કંપનીનું 'સલ્ફ્યુરિક ઍસિડ પ્લાન્ટ' એશિયામાં સૌથી મોટું અને શ્રેષ્ઠ હોવાની નામના ધરાવી રહ્યું છે.

શુદ્ધ વિજ્ઞાન સાથે માનવ જરૂરિયાતો પ્રત્યે પણ એ કેટલું લક્ષ આપે છે એ હિંદના ઉદ્યોગવિકાસ પ્રત્યેનો તેમનો ચાહ બતાવી આપે છે. કાપડઉદ્યોગ તથા બીજા નાનામોટા અનેક ઉદ્યોગોના તે પુરસ્કર્તા છે. ચરખા અને ખાદીનો ગાંધીજીનો આદેશ જીરવનાર પણ એ કદાચ પહેલા હતા; અને આજે યે એમના શિષ્ય અને ઔદ્યોગિક જોડીદાર શ્રી સતીશચંદ્ર દાસગુપ્તાને બાદ કરતાં એમના જેવો એનો મહાન, સક્રિય અને વહેવારુ પ્રચારક બીજો ભાગ્યે મળે. ઘણાંક તો માને છે કે એમનો ઉત્કૃષ્ટ રાષ્ટ્રપ્રેમ એમની સંશોધક પ્રતિભાનો થોડોઘણો પણ ભોગ લીધા સિવાય નથી રહ્યો. પ્રફુલ્લચંદ્ર જાતે પણ એ વાતથી અણવાકેફ નથી. છતાં એમણે તો અનેક વ્યાસપીઠોએથી ઘોષણા કરેલી છે, કે 'સંશોધન રાહ જોઈ શકે એમ છે, ઉદ્યોગો રાહ જોઈ શકે એમ છે, પણ સ્વરાજ રાહ જોઈ શકે એમ નથી!

અને રાષ્ટ્રપ્રેમની આ ઉત્કટતા વાંઝણી ન રહી. હિંદ સદાકાળ જેનાથી મગરૂબી અનુભવે એવા એક મહાગ્રંથને જન્મ આપી તે ધન્ય બની છે. એ મહાગ્રંથ તે દસ વર્ષના એમના સતત પરિશ્રમ પછી બે ખંડમાં બહાર પડેલો 'હિંદુ રસાયણશાસ્ત્રનો ઇતિહાસ.' માનવ અભીપ્સા અને વૈજ્ઞાનિક પ્રગતિમાં એક નવું પ્રકરણ પૂરું પાડનાર તરીકે એ મહાગ્રંથ આલમે અપનાવી લીધો છે.



જુવાનીમાં પણ 'ગરીબ જવાન' તરીકે જાણીતા રાય મહાશય આજે પણ ગરીબોને એટલી જ દિલચસ્પીથી ઉપાસે છે. એમની આવક પહેલેથી જ અસહાય વિદ્યાર્થીઓ ને વિધવાઓના કલ્યાણાર્થે વપરાતી આવી છે, જે ક્રમ આજ સુધી જેમનો તેમ ચાલુ છે. બૅંગાલ કેમિકલ વર્કર્સનો સઘળો નફો પણ તે નિરનિરાળી સંસ્થાઓને પ્રદાન કરતા રહે છે. દેશની જુવાનીની કાર્યતત્પરતા ને નિરાલસ્યને જ એ સાચી રાષ્ટ્રીય સંપત્તિ માને છે.

સાદી રહેણીકરણી ને ઉચ્ચ વિચારસરણી એ એમની સામાન્ય જીવનઘાટી છે. દુકાળ કે અતિવૃષ્ટિ વખતે જનતાને રાહત આપવા જાતે ઝોળી ફેરવનાર એ મહાનુભાવ આજે એવા જ ચિત્તભાવે ગ્રામપુનર્ઘટના પાછળ લાગી ગયા છે, અને પોતે પ્રગટાવેલા જ્ઞાનદીપનો ફેલાતો ઉજાશ જોતા સંતોષી નિવૃત્ત જીવન ગુજારી રહ્યા છે.

એ ઉજાશ અક્ષુબ્ધ રહી તેની પરાકોટિએ પહોંચો.

વિપત્તિની સંધ્યા કરતાં સંપત્તિનો મધ્યાહ્ન વધુ ભયંકર છે.
ઉતાવળી મૈત્રિ તથા ધીમા શત્રુત્વથી સાવધ રહો.

પતંગ

જમીન હજુ હીમથી ઢંકાએલી હોય ને શ્યામ વૃક્ષોની અપર્ણી ડાળીઓ સ્વચ્છ આકાશ પર ચીડાયા કરતી હોય ત્યારે હવામાં આમતેમ લહતા પતંગો મને હમેશાં આશ્ચર્ય ને ગ્લાનિમાં ગરક કરી દે છે.

અમારે ત્યાં વસંતનો બીજો માસ પતંગ ઉડાડવાની ઋતુ છે. આકાશમાં તમે નજર કરો તો વસંતનો સંદેશ આપી રહેલા કેટલા યે પતંગોથી આંખ ભગાઈ જાય. પણ હું ક્યાં છું? મારી આસપાસ બધે શિયાળાની કરાળતા વિસ્તરી છે, છતાં મારા કૌમારની વસંત અને મારૂં વતન જાણે આકાશમાં શ્વાસ લઈ રહ્યાં છે.

હું પતંગનો શોખીન ન હતો. મારે મન એ બાળકોનાં અર્થહીન રમકડાં હતાં. પરંતુ એથી ઉલટું, તરતમાં જ માંદગીમાંથી ઊઠેલા દશ વર્ષના મારા નાના ભાઈને તો એથી એટલી દિલ્લગી હતી કે એકકે પતંગ ખરીદવાનું પોતાનું ગજું ન હોવા છતાં તે આખો બપોર ફાટેલે મોંએ આકાશ સામું જ તાક્યા કરતો.

એક દિવસ સવારનો તે મારી નજરે ન ચડેલો. એટલામાં મને સાંભર્યું કે તે વાડામાં વાસ એકઠા કરતો હતો. સીધો હું વાડામાં પહોંચ્યો. જોઉં છું તો ધૂળથી ઢંકાએલા બેરીચા પાસે એક સ્ટૂલ પર બેસી તે પતંગનાં ધ્યમો કમાન બનાવી રહ્યો હતો. મને જોતાં જ ચમકીને એ ઊભો થઈ ગયો ને ધ્રૂજવા લાગ્યો. લાલ ચળકતા કાગળનો પતંગ પણ બાજુમાં તૈયાર પડેલો.

મારી આ શોધથી મને સહેજ આનંદ થયો, પણ પછી એણે મારાથી લપાઇને આ બધું કેમ કર્યું એ સવાલથી મને ખૂબ ખેદ થયો. અને એ બધું માત્ર એક રમકડા માટે! મને ખૂબ ક્રોધ ચડ્યો ને પતંગનો બધો મસાલો તેની પાસેથી ઝૂંટવી લઇ તેના કકડેકકડા કરી નાખ્યા. વય અને બળમાં હું એનાથી ચડિયાતો હતો એટલે વિજય મારો જ થયો. તેને જેમનો તેમ હૃદયભંગ ઊભો રહેવા દઈ હું મગરૂબીપૂર્વક ત્યાંથી ચાલ્યો ગયો. હવે એ શું કરવાનો એ હું નહોતો જાણતો ને જાણવાની દરકાર પણ ન હતી.

પરંતુ, આખરે મારી સજાનો દિવસ આવી પહોંચ્યો. અમે બંને ભાઇઓને એકબીજાથી વિખૂટા પડ્યે વર્ષો વીત્યા બાદ, હું લગભગ આધેડ થવા આવ્યો હોઈશ ત્યારે, બાળકો માટે લખાએલી એક પરદેશી ચોપડી કમનસીબે મારા હાથમાં આવી. અને ત્યારે મને ખબર પડી કે બાળકો માટે રમત જેવું બીજું કોઇ પ્રોત્સાહન નથી ને રમકડાં તો તેમને મન દેવદૂત જેવાં છે. એ સાથે જ વીસ વર્ષ પહેલાંની મારી ઉપલી ધૃષ્ટતા મારી નજર આગળ ઓચિંતી તરી આવી ને મારૂં હૃદય જાણે સ્પંદનવિનાના સીસાના ગઠ્ઠા જેવું બની ગયું.

મને થયું કે, મારી ભૂલ સુધારવા માટે હું એને થોડા પતંગ મોકલી આપું, અને એના વારંવારના આગ્રહ મુજબ હું પણ તેની સાથે રમવા માંડું! બસ હસીએ, ખેલીએ, બૂમો પાડીએ ને ગેલ કરીએ! પણ અફસોસ, હવે વેળા વીતી ગઈ હતી. મારી જેમ તેને પણ મોટી દાઢી ઊગી આવી હતી. ત્યારે? એની પાસે જઇને માફી માગું? મને લાગ્યું કે એથી જ કદાચ મારા મનને સાંત્વન મળશે.

ફરી હું તેને મળ્યો ત્યારે અમારા ચહેરા પર કાળના શિલ્પીનું ટાંકણું ફરી ગયું હતું. વાતચીતમાં ધીમેધીમે અમારા બાળપણનાં સંસ્મરણો તરફ વાતનું વલણ જવા લાગ્યું ને મારા દિલમાં કંઇ ને કંઈ થવા લાગ્યું. આખરે મેં હિંમત પકડીને જાતે જ પતંગવાળો પ્રસંગ ઉખેળી તેને કહ્યું કે એ મારી જવાનીની ઉદ્ધતાઇનો દોષ હતો. મને ખાત્રી હતી કે મારો ગુનો એ માફ કરશે.

'ખરેખર એવું બન્યું હતું?' એ સાશ્ચર્ય સ્મિત કરતો કરતો બોલ્યો. જાણે કોઈ ત્રાહિતને લગતી વાત સાંભળતો હોય તેમ એ આખો પ્રસંગ તે સાંભળી રહ્યો. તેને એ બાબતનો રજ પણ ખ્યાલ નહોતો આવેલો.

સંપૂર્ણ વિસ્મૃતિ, નહિ તિરસ્કાર, નહિ ક્ષમા! હું શી રીતે તેની માફી માગી શકું? બીજી શી ઇચ્છા હું કરી શકું? ભારે હૈયે મારે એ બોજો ઊચકવો જ રહ્યો.

અને આજે આ ભૂમિમાં મધ્ય વસંતે જ્યારેજ્યારે આકાશમાં તરતા પતંગો જોઉં છું ત્યારેત્યારે વિસ્મૃત બાલપણુ નજર આગળ તરી આવી આશ્ચર્ય ને ગ્લાનિ અનુભવી રહું છું. **(ચીની કથા)**

'બાપા, પેલો ગરીબ માણસ પોળમાં ક્યારનો બૂમો પાડ્યા કરે છે. એક પૈસો આપો તો એને આપી આવું.'

બાપાએ પૈસો આપી સહજ પૂછ્યું કે તે શાની બૂમો પાડતો હતો.

'આઈસકુટ! આઈસકુટ!' બાબુએ જવાબ આપ્યો.

ऐकाकी अश्वत्थ

लेखक
काकासाहेब कालेलकर



પેલી ચંદ્રાકાર ટેકરીના ખોળામાં પેલું વડનું ઝાડ કેવું શોભે છે! ટેકરીને એ છેડે ઉપર માણસની વસ્તી હોય એમ લાગે છે. ત્યાં પથરા ચણીને ખાસ પહોળી વાડ બનાવી છે. અંદર મોટાં મોટાં ઊંચાં ઝાડ છે. ઉપર સુધી ચઢવા માટે શાંત ગંભીર પગથિયાં છે. કોઈ લક્ષ્મીપુત્રના એકાંત માટેનાં નિવાસ-સ્થાનો હશે અથવા શોખીન સાધુઓના અખાડા હશે. જો મંદિરો હોય તો ઉપર જઈને ત્યાંના ઘંટ વગાડ્યા વગર કેમ ચાલે? નીચેથી એ સ્થાનો આટલાં રૂપાળાં દેખાય છે, તો ઉપરથી નીચેનો વિસ્તાર કેટલો રળિયામણો દેખાશે!

બાકીની ટેકરી ઉપર એકે ઝાડ ન મળે. એનો અર્થ એ કે વાડની અંદરનાં ઝાડો ઇરાદાપૂર્વક વાવેલાં—ઉછેરેલાં છે.

અને નીચેની તળેટીમાં પણ પેલું વડનું ઝાડ બાદ કરતાં કશી જ વનસ્પતિ નથી. થોડાંક ઝાંખરાં હોય તો યે ગનીમત.

ત્યારે શું પેલો વડ કોઈએ વાવેલો જ છે? જઈને જોવું જોઈએ. પણ ખેતરો ખૂંદીને એટલે દૂર કોણ જાય? ખેતરો શાનાં, બીડના કકડા જ પથરાયા છે. પગ કહે, 'અમે જવાના!' આંખો કહે, 'એ ભવ્ય મૂર્તિનું દર્શન નજીકથી થવું જ જોઈએ.' હાથ કહે, 'એ ડોસાની લાંબીલાંબી દાઢી પકડ્યા વગર સખ વળવાનું નથી.' અંતે હૈયું માની ગયું અને જવાનો નિશ્ચય કર્યો. અમે ઝપાટાબેર ચાલ્યા. ભાઈ અશોક અને હું. અશોકે કહ્યું, 'ઉપર જેને નિવાસસ્થાનો કહો છો એ પારસીઓના દુખ્મા—'ટાવર ઑફ્ સાયલન્સ' છે.' તરત મનમાં પ્રકાશ થયો કે એ નિવૃત્તિસ્થાન ખરૂં પણ શોખીનોનું નહિ, પરંતુ છેલ્લે છેલ્લે થાકેલાઓનું. એને અંતિમ સ્વાત્માર્પણનું સ્થાન કેમ ન કહીએ? પંપાળેલું શરીર મરી ગયા પછી અદેખા થઈને બાળી નાખીએ કે દાટી દઈએ, એના કરતાં જટાયુના જાત-ભાઈને એ અર્પણ કરવું એ શું ખોટું! જીવતાં સેવા અને મરી ગયા પછી પણ સેવા, એ આદર્શ શો ખોટો છે?

અમે ઝપાટાબેર ચાલ્યા. પગ તળે ધોળા અને લીલા પથરાના ઝીણા ઝીણા કટકા આમતેમ પથરાએલા હોવાથી, ભૂમિ આકર્ષક લાગતી હતી. કોક ઠેકાણે લીલા કાંકરાઓનું એક સંમેલન જામ્યું હોય એમ લાગતું હતું. કોક ઠેકાણે ચકમકતા પથરા પ્રસન્ન બાળકોની આંખોની પેઠે ચળકતા હતા. અમે આગળ ચાલ્યા. વડનું ઝાડ હવે વધારે મોટું દેખાવા લાગ્યું. જોઉં છું તો એની પાસે એક નાનકડો કૂવો છે. આ કૂવો અહીં કોણે ખોદાવ્યો હશે? વાડીવજીફો કરવાની તૈયારી રૂપે કૂવો ખોદાવ્યો હોત, તો એ આટલો નાનો ન હોત. આ તો પ્રેતયાત્રામાં આવેલા લોકોને વિસામો કરી હાથપગ ધોવાનું સ્થાન બનાવ્યું હશે. હિંદુઓનું સ્થાન હોત તો ખાત્રીપૂર્વક કહેત કે ડાઘુઓને નહાવાની આ સગવડ છે.

ગમે તે હોય. આ આરામનું સ્થાન એટલું બધું એકાંત છે કે માણસ ગમે તેટલો ઉદ્વિગ્ન હોય, પણ અહીં આવીને એને શાંતિ મળવાની જ.

અને એક જ મંત્રનો અનેકવાર જપ કરવાથી જેમ એ મંત્રમાં સંકલ્પસિદ્ધિ આવી જાય છે, તેજ પ્રમાણે આ ઝાડ તળે કેવળ સ્મશાનયાત્રાંઓ જ ઉપરા-ઉપરી આવવાથી આ ઝાડનું આખું વાતાવરણ 'મૃત્યુ એટલે શું?' એનું જ ચિંતન કર્યા કરે છે. જેમ પૂર્ણ-વિરામ એક વાકયને પૂરૂં કરી બીજા વાકયનો આરંભ કરી દે છે, તેવી જ રીતે મૃત્યુ પણ એક જિંદગીના અંત આણી નવા જીવનની પ્રસ્તાવના કરે છે. માણસ વર્તમાનકાળ તરફ જુએ છે, ઇતિહાસ ભૂતકાળ તરફ જુએ છે, કવિઓ અને પેગંબરો ભવિષ્યકાળ તરફ જુએ છે; જ્યારે સર્વગામી સર્વંકર મૃત્યુ ત્રિકાલદર્શી હોય છે. આ અશ્વત્થ વૃક્ષ એ મૃત્યુના આસન તરીકે અહીં વિરાજમાન છે. કેટલી પવિત્ર એની ભૂમિકા,

ને કેટલું ઉદાત્ત એની વડવાઇઓનું ગાંભીર્ય! આની શાખાઓમાં કેટલાંયે પક્ષીઓ બેઠાં છે. અને પક્ષીઓ એટલે પ્રભાતનો કલ્લોલ. તેઓ પણ આ સ્થાનની વિશેષતા ઓળખતાં લાગે છે. એમનો કલરવ અહીં કેટલો દબાએલો લાગે છે!

જો અશોક સાથે ન હોત તો આ વડના થડને આલિંગન આપ્યા વગર હું રહેત નહિ. હિમાલયમાં એ વૃત્તિ મેં કેળવી ત્યાર પછી ઝાડ પણ મારે માટે સ્વજન અને પ્રિયજન થઈ પડ્યાં છે. એમનો આકાર અને એમની છાલની કરચલીઓ જોઇ એમનાં સુખદુઃખ સાથે હું એકરૂપ થઇ શકું છું.

પાછા વળતાં મેં એ વડની વડવાઇઓ હાથમાં પકડી,-એ વૃદ્ધનો અનાદર કરવા માટે નહિ, પણ વિદાયના હસ્તાંદોલન રૂપે. આ વટવૃક્ષ મારી સ્મરણમાળામાં સ્થાન પામી ચૂક્યો છે, કેમકે જીવન અને મૃત્યુ બંનેનો પ્રતિનિધિ એ અશ્વત્થ છે.

(પૂનામાં પારસી દખમા પાસે જૂન ૧૯૪૦)

માણસને કેટલીકવાર જ્ઞાન કરતાં અજ્ઞાન વધારે પથ્યકર નીવડે છે

અજ્ઞાનનો આનંદ

જ્ઞાનની મહત્તા ગાતા લોકોને મારે એક જ વાત કહેવાની છે કે 'બાઇઓ, કેટલીક વાર જ્ઞાન કરતાં અજ્ઞાનમાં વધારે મઝા હોય છે.'

ઘણી વાર મને આ વાતનો અનુભવ થયો છે. એક વાર મેં ત્રણ રૂપિયામાં એક ટોપી વેચાતી લીધી, અને ખૂબ સસ્તામાં સારી ટોપી મળી તેથી હું આનંદમાં હતો એટલામાં હાથમાં એક પડીકું લઇ મારો એક દોસ્ત આવ્યો. વટથી એને મારી નવી ટોપી બતાવતાં મેં કહ્યું: 'ત્રણ રૂપિયામાં કેવી ફક્કડ ટોપી લીધી છે, મહારાજ! જુઓ તો ખરા!'

'શું ખરેખર તેં આના ત્રણ રૂપિયા આપ્યા?' તે બોલ્યો.

'એટલે? આવી ટોપી ત્રણ રૂપિયામાં લાવી તો આપ!'

'અરે ભાઇ, આ જોને તદ્દન એવી જ ટોપી હું બે રૂપિયામાં લઇને ચાલ્યો આવું છું!' હાથમાંનું પડીકું ખોલી એમાંની ટોપી બતાવતાં એણે મને કહ્યું, 'જો, આ રહ્યું બિલ'

મારો ચહેરો જોવા જેવો થઇ ગયો. ગુસ્સે થઇને હું બરાડ્યો; 'મળી હશે તને બે રૂપિયામાં; પણ એ વાત મને કરવાથી તને શું મળ્યું? મારા આનંદનો તો નાશ થઈ ગયો. એમાં તારા હાથમાં શું આવ્યું?'

હું જોકે છેતરાયો હતો, પરંતુ તે વિષેના શુદ્ધ અજ્ઞાનના મધુર આનંદમાં હું હતો; પણ આ ભાઈબંધે વગર કારણે મને સજ્ઞાન અને સાથે દુઃખી કર્યો. ત્યાર પછી જ્યારેજ્યારે હું એ ટોપી તરફ જોતો ત્યારેત્યારે મને દુઃખનો ઊભરો આવતો અને પાણીમાં ગએલો રૂપિયો સાંભરતો. જોકે, આમ તો મારા કેટલા યે રૂપિયા આજ સુધી કેટલી યે વાર ગયા હશે; પણ દુઃખ એ રૂપિયા ગયાનું નથી, એ ગયાના જ્ઞાનનું છે. એ ભલે જાય; પણ એનું જ્ઞાન ન થવું જોઇએ. મને લાગે છે કે ઑથેલ્લોના પણ એવા જ કંઇક શબ્દો છેઃ 'ચોરી થાય તેનો વાંધો નહિ, પણ જેને ત્યાં એ ચોરી થઇ હોય એને ખબર ન પડે તો ઠીક!' ખરું જ છે. શી જરૂર છે એના જ્ઞાનની? તેના કરતાં અજ્ઞાન સારું!



એ માનવસ્વભાવની વિચિત્રતા પર નર્મ કરતો લેખ

ગયા વર્ષથી શરૂ થએલી આ નિબંધિકાઓના મૂળ લેખક શ્રી અનંત કાણેકર આજના યુવાન મરાઠી સાહિત્યકારોમાં આગળપડતું સ્થાન ધરાવે છે. કાવ્ય, નવલિકા, નિબંધ, નાટક, પ્રવાસ,—એમ અનેકમુખી એમની સાહિત્યપ્રવૃત્તિએ મરાઠી ભાષામાં અસામાન્ય લોકપ્રિયતા પ્રાપ્ત કરી છે. પણ એમની પ્રતિભાનો ખરો વિલાસ તો એમના નિબંધોમાં જ નજરે પડે છે. માનવસ્વભાવનું સૂક્ષ્મ અવલોકન, સાદા અનુભવોમાંથી નવાં તત્ત્વો શોધવાનું કૌશલ્ય, અત્યંત સ્વતંત્ર તેમજ પ્રગતિશીલ વિચારો ને વેધક કટાક્ષ એ એના વિશિષ્ટ ગુણો છે. મરાઠી ભાષામાં નિબંધલેખક તો ઘણા છે, પણ એમના નિબંધમાં કલાનો પ્રકર્ષ એટલો બધો છે કે નિબંધ તો શ્રી કાણેકરના. જ એવો અભિપ્રાય બધે સ્વીકારાયો છે. તેઓ 'ચિત્રા' સાપ્તાહિકના સંપાદક પણ છે.



શ્રી અનંત કાણેકર

એક વિખ્યાત નવલકથાકારનું એવું માનવું છે કે કડવા અનુભવોનું અથવા દુઃખદાયક બનાવોનું માણસને પૂરૂં જ્ઞાન હોવું જોઇએ. એ નવલકથાકારે કેટલીક સુંદર નવલકથાઓ લખી છે, અને દરેક નવલકથામાં તેણે માનવજીવનની અત્યંત દુઃખદાયક અને શોકકારી બાજુ વર્ણવી છે. એનું લખાણ વાંચી મનુષ્ય નિરાશ, અસહાય થઇ જાય છે. એ નવલકથાકારને એક વાર કોઇએ પૂછ્યું, 'મનુષ્યજીવનના આવા કરુણ પ્રસંગો જ તમે હમેશાં કેમ ચીતરો છો?' ત્યારે તે બોલ્યો, 'આવા ભયંકર બનાવોનું માણસને પૂર્ણ જ્ઞાન મળે તો એવા પ્રસંગ એના જીવનમાં આવે ત્યારે એમની સામે ઝૂઝી શકવાનું બળ એને મળે; એનું મન એવા પ્રસંગો માટે તૈયાર બની રહે.'

એ મહાન લેખકને એક વાત કહેવાનું મન થાય છે. એક દોઢડાહ્યા માણસને હું ઓળખું છું. ભવિષ્યમાં કોઇવાર ખૂબ ઊંચેથી પોતે નીચે પડી જાય તો માથું ફૂટી જાય અને તેથી મૃત્યુ નીપજે એટલા માટે દરરોજ કલાક બે કલાક એ ભાઈ પોતાનું માથું દીવાલ સાથે પછાડે છે! એ બુદ્ધિશાળી પુરુષ ઘણું કરીને પેલા નવલકથાકારનો પ્રામાણિક અનુયાયી હોવો જોઇએ!

કોઈવાર અજ્ઞાન કેટલું પથ્યકર હોઇ શકે એ વિષે એક રમૂજી વાત છે. બે મિત્રો હતા. તેમાંનો એક હતો ખૂબ જાડો, બેડોળ ને પ્રમાણહીન. એના દોસ્તે એક દિવસ એને કહ્યું:' તું તો હિપોપોટૅમસ જેવો છે.'

'ખરેખર?' એણે પ્રશ્ન કર્યો. એને થયું કે હિપોપોટૅમસ' એ ભયભર્યો અંગ્રેજી શબ્દનો અર્થ પણ કોઈ 'મોટા વિદ્વાન' કે મહાપુરુષ કે એવો જ કાંઇક થતો હશે!

તે દિવસથી પેલા જાડા ભાઈ પોતાના એ દોસ્ત પર હદ ઉપરાંત ખુશ રહેવા લાગ્યા. સાત આઠ વરસ પછી એ એક પ્રાણીસંગ્રહાલય જોવા ગયો હતો ત્યારે એણે સંગ્રહાલયના એક ભાગમાં એક મોટું બેડોળ પ્રાણી જોયું. આ પ્રાણી તે વળી કયું હશે એ જાણવાની ઉત્સુકતાથી બહાર લગાડેલું એનું પાટિયું વાંચવા ગયો ત્યાં નામ નજરે પડ્યું: 'હિપોપોટૅમસ!'


'ઓત્તારીની!' ગુસ્સાથી લાલચોળ થઇ તે બોલ્યો અને ત્યાંથી નીકળી સીધો ગયો પોતાના મિત્રને ત્યાં.

'બદમાશ!' પોતાના દોસ્તને ઉદ્દેશી તે બોલ્યો: 'હિપોપોટૅમસ શું એ મેં આજે પ્રાણીસંગ્રહાલયમાં જોયું! આજથી આપણી દોસ્તી ખલાસ!'

શો જ્ઞાનનો ઉપયોગ?

વારુ; પણ જે બધું 'શક્તિ', 'જ્ઞાન' કહેવાય છે તે યે ક્યાં ત્રિકાલાબાધિત હોય છે? ગઈ કાલનું જ્ઞાન એ આજનું અજ્ઞાન ગણાય છે. ન્યૂટનનો ગુરુત્વાકર્ષણનો જગવિખ્યાત સિદ્ધાંત જ લો ને! કાલપરમ દિવસ સુધી મને એમ લાગતું કે એનાથી પર એવું કોઇ સત્ય હોઇ જ ન શકે; અને આજે સાંભળું છું કે ન્યૂટનનો સિદ્ધાંત ખોટો છે એવું આઇન્સ્ટાઇને બતાવી આપ્યું છે! પહેલાંના શાસ્ત્રજ્ઞો કહેતા કે પૃથ્વી સ્થિર છે અને સૂર્ય ફરે છે; આજના શાસ્ત્રજ્ઞો કહે છે કે સૂર્ય સ્થિર છે અને પૃથ્વી જ ફરે છે. અને હું તો ખાત્રીથી કહું છું કે મારા દીકરાનો દીકરો અથવા એનો દીકરો મને કહેશે કે 'દાદા, પૃથ્વી નથી ફરતી અને સૂર્ય પણ નથી ફરતો, આપણે માણસો જ આડાઅવળા ફરીએ છીએ!'

(શ્રી કાણેકરના મૂળ મરાઠી ઉપરથી) **વસંત જોષી**



જુલે વર્ને નામનો એક ફ્રેન્ચ ગ્રંથકાર થઈ ગયો. એનો જન્મ ૧૮૨૮માં થયો હતો અને મરણ ૧૯૦૫માં ૭૭ વર્ષની વયે થયું હતું. કલ્પનાપ્રવાસનાં અનેક પુસ્તકો એણે લખ્યાં છે, જેમાં વાયુપ્રવાસ, જળગર્ભપ્રવાસ, પૃથ્વીપ્રવાસ વગેરે સર્વ સ્થળોને આવરતા પ્રવાસોની વાર્તાઓ એણે લખી છે. તેમાંની મુખ્ય, 'બલુનમાં પાંચ અઠવાડિયાં', 'સમુદ્રમાં વીસ હજાર લીગ', 'પૃથ્વીથી ચંદ્ર તરફ અને ચંદ્રની આસપાસ', 'પૃથ્વીની આસપાસ એંશી દિવસો' વગેરે ખૂબ રસદાયક અને લોકપ્રિય છે. એ ગ્રંથો કેવા પ્રકારના હતા તે તો તેમનાં નામ પરથી જ જાણી શકાય એમ છે. આ સર્વમાં 'પૃથ્વીથી ચંદ્ર તરફ અને ચંદ્રની આસપાસ' એ બહુ રસદાયક પુસ્તક છે અને એની વૈજ્ઞાનિક કલ્પના અદ્ભુત છે. આવાં કલ્પનામય પુસ્તકો નવી કલ્પનાઓને અને વિચારોને જન્મ આપે છે તથા નવી દિશા સુઝાડી માર્ગદર્શક બને છે, એ એની ખાસ ઉપયોગિતા છે. 'પૃથ્વીથી ચંદ્ર તરફ'ના પુસ્તકમાં જબરદસ્ત તોપના પોલા ગોળામાં બેસી ત્રણ મુસાફરો ચંદ્રના પ્રવાસે જાય છે એવી કલ્પના છે. વળી, એમાં ભૂગોળને લગતા, ખગોળશાસ્ત્ર સંબંધી તથા બીજા પણ અનેક વૈજ્ઞાનિક વિષયો ચર્ચવામાં આવ્યા છે, જે અતિશય રસિક હોવા ઉપરાંત જ્ઞાનપ્રદ છે. આ પ્રવાસની કલ્પનાનો ઉત્તરોત્તર વિકાસ કરી વૈજ્ઞાનિકો અત્યારે ચંદ્રમાં જવા હવાઇના ધક્કાથી ચાલતા અવકાશયાનની યોજના કરી રહ્યા છે, જેમાંના એકની કલ્પનાનો ચિતાર અમે ગયા વર્ષમાં અંક ૨૦૨માં આપી ગયા છીએ. જુલે વર્નની એ મૂળ વાર્તાનો ટૂંકો સાર નીચે પ્રમાણે છે.

ચન્દ્રની સફરે

ફ્રેન્ચ લેખક જુલે વર્નની વિખ્યાત રસપ્રદ કથા

સાતઆઠદસકા પર અમેરિકામાં એવો એક વૈજ્ઞાનિક વિષય ચર્ચવામાં આવ્યો કે જેનાથી સમસ્ત દુનિયા આશ્ચર્યચકિત થઇ ગઈ. ગુલામી નાબુદ કરવા અર્થે થએલા અમેરિકાના આંતરયુદ્ધ પછી અમેરિકાનાં સંયુક્ત રાજ્યોના ગોલંદાજોના એક સમૂહે 'ગન કલબ' યાને અગ્ન્યસ્ત્ર મંડળની સ્થાપના કરી. તેમણે ચંદ્રમાં તોપનો ગોળો છોડીને તેની સાથે સંબંધ શરૂ કરવાનો વિચાર કર્યો. તે મંડળના પ્રમુખ અને આ સાહસના ઉત્પાદક બાર્બીકેઇને કેમ્બ્રિજ (માસાચ્યુસેટસ)-ની વેધશાળાના ખગોળશાસ્ત્રીઓની સલાહ લઇને આ અપૂર્વ સાહસ ફત્તેહમંદ કરવા સારૂ સર્વપ્રકારનાં અગમચેતીનાં પગલાં લીધાં. ઘણાખરા જાણકાર માણસોએ એ યોજના અમલમાં મૂકી શકાય એવી હોવાનો અભિપ્રાય આપ્યો. દુનિયાભરમાંથી ઉઘરાણું કરી ત્રણ કરોડ ફ્રાંક અથવા ૧૧ લાખ પૌંડ જેટલી રકમ એકઠી કરી તેમણે આ ગંજાવર કાર્યની શરૂઆત કરી.

ચંદ્ર તરફ શિરોબિંદુએ ગોળો તાકવા માટે યોજના મુજબ પૃથ્વીના ઉત્તર અથવા દક્ષિણના ૦ અને ૨૮ના અક્ષાંશ વચ્ચે આવેલા પ્રદેશમાં આ તોપ ગોઠવવાની હતી. એ ગોળાને સેકંડે બાર હજાર વારની ઝડપે છોડવાનો હતો. ૧લી ડિસેંબરની રાત્રિએ અગિયારમાં તેર મિનિટ અને વીસ સેકંડ કમે છોડવાથી, તે છૂટયા પછી ચાર દિવસે, ચંદ્ર જે સમયે એના પરિભ્રમણના માર્ગમાં પૃથ્વીની નજીકમાં નજીક, એટલે ૮૬૪૧૦ લીગના અંતરે હોય તે સમયે, ૫મી ડિસેંબરની મધ્યરાત્રિએ ચંદ્રમાં પહોંચવાનો હતો.

ગન કલબના મુખ્ય સભ્યો પ્રમુખ બાર્બીકેઇન, મેજર એલ્ફિન્સ્ટન, સેક્રેટરી જે. ટી. મૅસ્ટન અને બીજા વિદ્વાનોએ અનેક બેઠકો ભરી ગોળાનો આકાર તથા બનાવટ તેમજ તોપ જમીનમાં નાખવાની હોવાથી એને કેમ બનાવવી તથા તેમાં કેવો અને કેટલો દારૂ વાપરવો એ બાબતનો વિચાર કર્યો. એમાં એવો નિર્ણય કરવામાં આવ્યો કે (૧) તોપમાંથી ફેંકવાનો ગોળો ઍલ્યુમિનિયમનો, ૧૦૮ ઇંચ વ્યાસનો અને ૧૨ ઇંચની જાડાઇનો, ૧૯,૨૫૦ રતલ વજનનો શેલ ગોળો બનાવવો; (૨) લોખંડની નવસો ફૂટ લાંબી તોપ જમીનમાં ઢાળવાનું કામ તરત શરૂ કરવું; અને (૩) તેમાં ભરવાના દારૂ તરીકે ચાર લાખ રતલ ગનકૉટન વાપરવું, જે

ફૂટચેથી ૭ અબજ લીટર ગૅસ ઉત્પન્ન થતાં તે વડે ગોળાને ધક્કો મારી ચંદ્રમાં ફેંકી શકાશે. આમ, આ પ્રશ્નોનો યોગ્ય નિર્ણય થયા બાદ પ્રેસિડેન્ટ બાર્બી કેઇને એન્જીનિયર મર્ચિસનને સાથે રાખી ફ્લૉરિડાના સંસ્થાનમાં ૨૭°–૭′ ઉત્તર અક્ષાંશ અને ૫°–૭′ પશ્ચિમ રેખાંશ પર આવેલું સ્થળ આ પ્રયોગને માટે પસંદ કર્યું. ત્યાં અદ્ભુત મહેનતનાં કાર્યોને અંતે તોપ ઢાળવાનું કામ સફળતાથી પાર પડ્યું. પણ વસ્તુસ્થિતિ આટલે સુધી આવી પહોંચ્યા બાદ એક એવો બનાવ બન્યો કે જેનાથી આ સાહસ પ્રત્યે વિશેષ ધ્યાન ખેંચાયું.

એક વિચક્ષણ હિંમતબાજ ફ્રેન્ચમૅને ચંદ્રમાં પ્રવાસ કરવા અને ત્યાં જઇ તેનું અવલોકન કરવા એ ગોળામાં પુરાઇને જવાની માગણી કરી. તે અમેરિકા આવી પહોંચ્યો અને તેનો ખૂબ જ સત્કાર થયો. તેણે અનેક સભાઓ ભરી, અને એનાથી લોક એટલા તો અંજાયા કે એને વિજયસૂચક ચિહ્ન તરીકે ઊચકી આખા ગામમાં ફેરવવામાં આવ્યો. વળી, કૅપ્ટન નિકલ નામનો એક લોખંડની પ્લેટો બનાવનાર હતો તેની અને પ્રમુખ બાર્બી-કેઇનની વચ્ચે બંદુકનો ગોળો વધારે મજબૂત કે લોખંડી પ્લેટો વધારે મજબૂત એ સંબંધમાં લાંબા સમયથી સ્પર્ધા ચાલી રહી હતી, અને તે આખરે એ બે વચ્ચે દ્વંદ્વયુદ્ધમાં પરિણમી હતી, તેનો અંત આણી ફ્રેંચમૅન માઇકલ આર્ડને સલાહ કરાવી. કૅપ્ટન નિકલે બાર્બીકેનની યોજના અશક્ય જણાવી તેના સંબંધમાં કુલ પંદર હજાર ડૉલરની પાંચ હોડો મૂકી. બાર્બીકેન અને નિકલને યોજના પાર પડે છે કે નહિ તેની જાતે ખાત્રી કરવા પોતાની સાથે ગોળામાં મુસાફરી કરવા માઇકલ આર્ડને સમજાવ્યા. કહેવાની જરૂર નથી કે કૅપ્ટન નિકલ પાંચે હોડ હાર્યો.

આ માગણી સ્વીકારવામાં આવી. ગોળાનો આકાર બદલી ભૂંગળા અને શંકુના મિશ્ર આકારનો બનાવવામાં આવ્યો. વળી આ અવકાશયાનના ખંડને ઊપડતી વખતે ધક્કો ન લાગે એટલા માટે તેમણે તેમાં જબરદસ્ત કમાનો મૂકી અને નાનાં ખાનાં બનાવી એમાં પાણી ભર્યું. ગોળો છૂટતાં પાણી કમાનની ગરજ સારી આઘાતને નાબૂદ કરે અને સાથે ખાનાના પડદા તૂટતાં પાણી સ્વયં બહાર નીકળી જાય એવી ગોઠવણ કરવામાં આવી. એક વર્ષ ચાલે એટલો ખોરાક, બે માસ ચાલે એટલું પાણી અને બત્તી માટે કેટલાક દિવસ ચાલે એટલો ગૅસ સાથે લેવામાં આવ્યો. શ્વાસોચ્છ્વાસની મુશ્કેલી ન પડે એટલા માટે ક્લોરેટ ઑફ પોટૅશ અને કૉસ્ટિક પોટૅશ નામના બે પદાર્થો ઉપયોગમાં લેવાથી સ્વયં તાજી હવા મળે અને ખરાબ હવાનો નિકાલ થાય એવી યોજના કરી. વળી, સાથે બે કૂતરાં લીધાં. વિશેષમાં ચંદ્ર તરફ ગએલા આ ગોળાની સફરનું પૃથ્વી પરથી નિરીક્ષણ કરવા માટે રૉકી પર્વત ઉપર ૧૯૨ ઇંચ વ્યાસના કાચનું ૨૯૦ ફૂટ લાંબું એક રાક્ષસી દૂરબીન બનાવી ગોઠવ્યું. આ દૂરબીનથી ચંદ્ર પર નવ ફુટ લંબાઇની વસ્તુ જોઇ શકાય એટલી એની શક્તિ હતી.

પહેલી ડિસેમ્બરે નિર્ણીત સમયે પ્રચંડ મેદનીની હાજરીમાં આ તોપ છોડવામાં આવી અને દુનિયાના ઇતિહાસમાં પ્રથમજ આ ત્રણ મનુષ્યો એ ચંદ્રમાં પહોંચવા-

૧લી ડિસેમ્બરની રાત્રે, ૧૧માં ૧૩ મિનિટ અને ૨૦ સેકંડ કમે, એક સેકંડના ૧૨ હજાર વારની ઝડપે ત્રણ નકાળજ મુસાફરોને લઇને એ તોપનો ગોળો છૂટ્યો.



ની ખાત્રી સાથે ગોળામાં પુરાઇ પૃથ્વી પરથી પ્રયાણ કર્યું.

આ ત્રણ નકામા મુસાફરો—માઇકલ આર્ડન, પ્રેસિડેન્ટ બાર્બીકેન, અને કૅપ્ટન નિકલ—એમની મુસાફરી ૯૭ કલાક, ૧૩ મિનિટ અને ૨૦ સેકંડમાં પૂરી કરવાના હતા, એટલે તેઓ ચંદ્રમાં પાંચમી ડિસેમ્બરની મધ્યરાત્રિએ પહોંચવાના હતા. પણ વચમાં એક અણધારી બીના બની. આવી જબરદસ્ત તોપ ફૂટવાથી વાતાવરણમાં જે જબરો ખળભળાટ થયો તેનાથી આકાશ પર વાદળાંનો પડદો છવાઈ ગયો અને ચંદ્ર દેખાતો બંધ થયો, એટલે કાંઈ પણ જોવું અશકય થઈ પડ્યું! આમ દસ દિવસ ચાલ્યું. આખરે ૧૧મીની રાત્રિએ સખ્ત વાવાઝોડું ફૂંકાયું ને આકાશ સ્વચ્છ થયું. રૉકી પર્વત પરથી જે. ટી. મૅસ્ટન અને કૅમ્બ્રિજ વેધશાળાના વ્યવસ્થાપક જે. બેલફાસ્ટ તરફથી તાર આવ્યો કે ગોળો દૃષ્ટિએ પડ્યો હતો અને તે ચંદ્રમાં પડવાને બદલે તેનો ઉપગ્રહ બની ચંદ્રની આસપાસ ફરી રહ્યો હતો! પણ એમનું આ નિવેદન ખામીવાળું હતું, જે પછીની હકીકતથી જણાશે.

આ વાત આટલે સુધી આવી. હવે આપણા મુસાફરોની શી ગત થઇ એ જોઇએ.

ત્રણે જણાએ ગોળામાં જગ્યા લીધા બાદ નક્કી કરેલા સમયે તોપ છૂટી ને જબરો આંચકો લાગ્યો; પણ તોપ છૂટવાનો જે જબરદસ્ત અવાજ સંભળાવો જોઇતો હતો તે આપણા મુસાફરોને સંભળાયો નહિ. વળી, તરત જ તે બધા મૂર્છાવશ થયા. ગોળાને કાંઈ નુકસાન તો થયું નહિ, પણ કોઇકોઈ ચીજો થોડી આઘીપાછી થઈ. થોડીવારે માઇકલ આર્ડને આંખો ખોલીને ઊભા થઇ પોતાના બે સાથીઓને શુદ્ધિમાં આણ્યા. પછી, તેઓ પોતે મુસાફરી કરતા હતા કે પૃથ્વી પર કોઇ જળમય પ્રદેશમાં પાછા પડ્યા હતા કે હજી તોપમાં જ હતા એનો વિચાર કરવા લાગ્યા, કેમકે ગોળો હાલતો ચાલતો જણાતો ન હતો. નિરીક્ષણ અર્થે ગોળામાં મૂકેલી જાડા કાચની સજ્જડ કરેલી પૉર્ટ હોલ જેવી બારીઓ એના પર સ્ક્રૂથી બેસાડેલાં લોખંડનાં ઢાંકણાં ખસેડી ખુલ્લી કરી. નીચેના ભાગમાં પૃથ્વીની બીજ-ત્રીજના ચંદ્ર જેવી મોટી કળા દૃષ્ટિએ પડી અને સામી બાજુની બારીમાં ચંદ્ર પૂર પ્રકાશમાં દેખાયો. વળી, અંધારામાં તારા જણાવા લાગ્યા, અને માર્ગમાં એક મોટો અતિ પ્રકાશિત પદાર્થ જોસથી ધસતો અને પરિભ્રમણ કરતો એમને સામો મળ્યો. એ પૃથ્વીનો બીજો નાનો ઉપગ્રહ હોવાનો એમણે નિશ્ચય કર્યો. પછી અવાજ કેમ ન સંભળાયો એ વિષે ખૂબ વિચાર કર્યો, પણ તેનો કાંઇ ઊકલ જડ્યો નહિ. છેવટે ઓચિંતું બાર્બીકેનને સ્ફૂર્યું કે અવાજ કરતાં ગોળાની ઝડપ વધારે હોવાથી અવાજ એમને પહોંચી શકયો નહિ. પછી તેઓ નિરાંતે નિદ્રાવશ થયા.

નિદ્રામાંથી જાગી એ લોકો એમના ધાતુના ઘરમાં સગવડભરેલી રીતે ગોઠવાયા, ને સ્ટવ પર નાસ્તાના પદાર્થો તૈયાર કરી નાસ્તો કર્યો. સાથે લીધેલાં કૂતરાંઓને પણ ખાવા આપ્યું. તેમાંનો એક પછડાટ લાગ્યાથી માંદો પડ્યો હતો. હવે સૂર્યનો પ્રકાશ બારીમાંથી અંદર આવવા માંડ્યો હતો. બાર્બીકેને સાથે લીધેલાં વૈજ્ઞાનિક ઉપકરણો તપાસી જોયાં. હવે તેણે એક ક્ષણ પણ નકામી જવા દીધા વિના બારીમાંથી અવલોકન કરવાનું શરૂ કર્યું, અને પોતે જે જોયું તેની નોંધ કરવા માંડી. મુસાફરી શરૂ કર્યે હવે એમને ચોવીસ કલાક થયા હતા, એટલે એમણે ભોજન કર્યું, અને પછી લાંબી સોડ તાણી સૂતા.

ત્રીજીની સવાર થતાં તેઓ ઊઠ્યા. તેઓ જે ઝડપથી ઊપડ્યા હતા તે પ્રમાણે નિર્મિત સમયે ચંદ્રમાં પહોંચાશે કે કેમ એ પ્રશ્ન ઊઠ્યો. બાર્બીકેને કાગળ પેન્સિલ લઈ બીજગણિતના આંકડા માંડવા શરૂ કર્યા અને ગણત્રી કરી જણાવ્યું કે કૅમ્બ્રિજ વેધશાળાએ જે ઝડપથી ગોળાને ઊપડવા જણાવ્યું હતું તેમાં તેમણે ભૂલ કરી છે. તે સેકંડની ૧૨,૦૦૦ વારને બદલે ૧૮,૦૦૦ વારની હોવી જોઇએ, કેમકે વાતાવરણના ઘસારાથી ત્રીજા ભાગની ઝડપ જે ઓછી થવાની હતી, અને તેથી પૃથ્વી પર પાછા પડવાનો જે સંભવ હતો, તેવું કંઇ થયું નહોતું, અને ઉલટું તેઓ વધારે આગળ નીકળી ગયા હતા. ગોળો ફૂટતી વખતે પાણીનો મોટો જથ્થો સ્વયં નીકળી જવાથી વજન ઓછું થાય અને તેથી વધારે ઝડપની જરૂર પડે નહિ એ એમના ખ્યાલ બહાર ગયું હતું. બાર્બીકેનને તે યાદ આવતાં બધા સ્વસ્થ થયા અને નાસ્તો ખાવાનું શરૂ કર્યું. ત્યાં તેમને માલૂમ પડ્યું કે માંદું કૂતરું મરી ગયું હતું. હવે એના મડદાનો નિકાલ કરવાનો પ્રશ્ન ઊભો થયો, કેમકે એનાથી અંદરની હવા બગડવાનો સંભવ

હતો. ઢાંકણું એકદમ ઉઘાડી શબને આકાશમાં ફેંકી તરત જ ઢાંકણને બંધ કરવાની જરૂર હતી, જેથી અંદરની હવા બહાર નીકળી જાય નહિ અને બહારની હદ ઉપરાંતની ઠંડી અંદર પ્રવેશે નહિ. બહુ જ ચાલાકીથી આ કામ બજાવી એમણે શબને બહાર ફેંકી દીધું. થોડી વાર પછી બારીમાંથી જોતાં કાંઇક કોથળા જેવું ગોળાની નજીક અદ્ધર લટકતું દેખાયું. તે એ કૂતરાનું જ શબ હતું અને ગોળા સાથે જ મુસાફરી કરતું હતું, કેમકે ગોળાની બહાર તો શૂન્ય અવકાશ હતો અને તેમાં ગોળા પાસેથી મેળવેલી પોતાની ગતિને એણે જાળવી રાખી હતી.

એમની ગણત્રી પ્રમાણે હવે મુસાફરીનો છેલ્લો દિવસ, એટલે પાંચમા ડિસેમ્બરનો દિવસ આવ્યો. ચંદ્ર હવે ખૂબ મોટો અને અતિશય પ્રકાશવાળો જણાતો હતો. એમના હિસાબે મધરાતે એમને ચંદ્રમાં પહોંચવાનું હતું, પણ ગોળાએ ચંદ્રની મધ્ય તરફ જવાને બદલે સહેજ આડો માર્ગ લેવા માંડ્યો હતો. તે દરમ્યાન આ મુસાફરોનાં મન અતિશય ઉશ્કેરાઈ ગયાં હતાં અને તેઓ જેમ ફાવે તેમ બોલવા મંડ્યા હતા. બોલવા પરથી તેઓ એકમેકનું અપમાન કરવા પર આવી ગયા અને તોફાન કરવા લાગ્યા. તે પછી તરત તેઓ બેભાન ન થઈ ગયા હોત તો આ ક્યાં સુધી ચાલત એ કહીં શકાતું નથી. માઇકલ પ્રથમ ભાનમાં આવ્યો અને દીવાસળીથી ગૅસની બત્તી સળગાવવા પ્રયત્ન કર્યો; પણ દીવાસળી સળગતાં ભડકાની જેમ મોટો પ્રકાશ થયો. હવે તેમના તોફાનનું કારણ એના જાણવામાં આવ્યું. પૉટૅશ ક્લૉરેટવાળા ઑક્સિજન ઉત્પન્ન કરવાના પાત્રમાંથી ઑક્સિજન મોટા પ્રમાણમાં નીકળી રહ્યો હતો. એણે તરત તેને સમું કર્યું અને એક કલાક બાદ બધા ભાનમાં આવ્યા.

ગોળાને રસ્તામાં જે રઝળુ મળ્યો હતો એના આકર્ષણની અસર ગોળા પર થઇ ચૂકી હતી અને તેથી એ એના માર્ગમાંથી ચલિત થયો હતો, એટલે એ હવે ચંદ્ર તરફ પડતો ન હતો એ ચોક્કસ હતું. તે ચંદ્રની ઉત્તર દિશામાં જતો હતો. પૃથ્વી અને ચંદ્રનાં ગુરુત્વાકર્ષણ જે સ્થળે સરખાં થઈ કોઇ જાતનું આકર્ષણ રહે નહિ એ સ્થળ એમણે વટાવી દીધું હતું, એટલે પૃથ્વી પર પાછા પડવાનો તો ભય ન હતો. એમ કરતાં જે સમયે તેઓ ચંદ્રમાં પહોંચવાના હતા એ મધરાતનો સમય થયો, પણ તેઓ ત્યાં પહોંચ્યા નહિ. ચંદ્રથી હવે તેઓ ૨૦૦ લીગ દૂર હતા અને ગોળો ચંદ્રની આસપાસ ફર્યે જતો હતો. જોકે ચંદ્રમાં ન પહોંચ્યાનું તેમને ભારે દુઃખ થયું, છતાં આટલી નજીકથી એને તપાસવાની તક મળી એથી પોતાનું મન વાળ્યું. બાર્બીકેને સાથે લીધેલાં નાનાં પણ જોરદાર દૂરબીનો કાઢ્યાં ને ચંદ્રનું નિરીક્ષણ કરવા માંડ્યું. જાણે ચંદ્ર એમનાથી એક માઇલ કરતાં પણ થોડો દૂર હોય એટલા અંતરે તેઓ તેને જોઈ શકતા હતા.

સવાર થતાંમાં તેઓ ચંદ્રના ઉત્તર ધ્રુવ આગળ આવ્યા. અહીં તેઓએ ચંદ્રની એક બાજુ સૂર્યથી પ્રકાશિત થતી જોઇ અને સામી બાજુ અંધકારમાં ગરકાવ થએલી જોઈ. એમનો ગોળો હવે સામી બાજુ ગયો હતો એટલે તેઓ ચંદ્રમાની રાત્રિવાળા પ્રદેશમાં આવી ગયા હતા. ઠંડી અસહ્ય હતી. એમ છતાં તેઓ એમના પ્રયોગો કર્યે જતા હતા. પૃથ્વી પરનો સવારનો છઠ્ઠી ડિસેંબરનો દિવસ થયો, પણ અહીં તો એ ને એ જ અંધકાર હતો. ક્વચિત્ ક્વચિત્ તેઓ જ્વાળામુખીનો પ્રકાશ દેખી શકતા હતા. અનેક ખરતા તારાઓની પણ તેમને મુલાકાત થઇ. ફરતાં ફરતાં તેઓ ફરી ચંદ્રના પ્રકાશિત ભાગ સામે આવ્યા. ત્યાં તેમણે ચંદ્રનાં મેદાનો, પર્વતો વગેરેનું બહુ સૂક્ષ્મતાથી નિરીક્ષણ કર્યું અને સાથે લીધેલા જૂના નકશામાં સુધારાવધારા કરી નવા નકશા બનાવ્યા. પછી ચંદ્રમાં ઊતરવાને માટે એમણે એક ઉપાય અજમાવવાનો વિચાર કર્યો. ચંદ્ર પર પડતી વખતે ગોળાને આંચકો ન લાગે એને માટે જે હવાઇઓનો પ્રબંધ કર્યો હતો તેને આ કામમાં લેવા તેમણે નિશ્ચય કર્યો, અને નક્કી કરેલા સમયે અમલમાં મૂકયો. હવાઇઓ ફૂટતાં ગોળાની ગતિ બદલાઈ અને તે નીચે પડવા માંડ્યો. પણ તે ચંદ્રમાં ન પડતાં પૃથ્વીપર પડ્યો ! તે વખતે પાસિફિક મહાસાગરમાં 'સુસ્કવીહાના' નામની આગબોટ સમુદ્રનાં ઊંડાણમાં તારનાં દોરડાં નાખતી હતી એનાં માણસોએ બારમી તારીખની મધરાત પછી આકાશમાંથી એક બળતો ગોળો દરિયામાં પડતો દીઠો. એ પેલો જ તોપનો ગોળો હતો અને વાતાવરણ સામે ઘસાવાથી બળતો હતો એમ તેમના સમજવામાં આવ્યું અને

તેમણે તરત સાનફ્રાન્સિસ્કો તરફ હંકારી તાર કર્યો. સ્ટીમર પરથી જબરદસ્ત ખેલાડીઓ નાખી દરિયો શોધવાનું કામ શરૂ કરવામાં આવ્યું, પણ ગોળો ન તો હાથ આવ્યો કે ન તો પકડાયો. એમ કરતાં ર૩મી ડિસેમ્બરનો દિવસ થયો. સૌ ગોળાના મુસાફરો માટે ખૂબ ચિંતા કરવા લાગ્યા. એટલામાં સાનફ્રાન્સિસ્કોના અખાત તરફ સમુદ્રના પાણી પર અમેરિકન વાવટા સાથે કાંઈક તરતું દેખાયું, ને એમને ભાન થયું કે એ ગોળો જ હતો, કેમકે એ પોલો હોવાથી પાણીમાં તરતો હતો. તરત એને પકડી ઊંચકીને બહાર કાઢવામાં આવ્યો, અને એની કાચની બારીમાંથી મૅસ્ટને ગોળામાં દૃષ્ટિ ફેંકી તો એ ત્રણે મુસાફરો શાંતિથી પત્તાં રમતા માલૂમ પડ્યા! તેમને બહાર કાઢી અભિનંદન આપવામાં આવ્યાં, અને ખાસ ટ્રેનમાં આખા અમેરિકામાં વિજયસૂચના સ્વરૂપમાં ફેરવવામાં આવ્યા.

ચંદ્રમણિશંકર જેઠાલાલ પંડિત

જીવી જાણનારા

જે માનવજીવનનું સાચું મૂલ્ય શીખવી ગયા

[૭]

પ્રોફેસર વેયાં

આજથી આશરે ત્રણ વર્ષ પહેલાં શાર્લ વેયાં (Charles Vaillant) નામે એક ફ્રેંચ કિરણશાસ્ત્રીએ પોતાના શરીર ઉપર ચૌદમી વાર શસ્ત્રક્રિયા કરાવી. એક્સ કિરણ રોગનિવારણમાં કેવી રીતે કામ લાગે એની શોધખોળ કરતાં એને પોતાને કોક વ્યાધિ લાગુ પડ્યો, તેને સારુ થઈને એને શસ્ત્રવૈદ્યના આટલા આટલા ઘા ખમવા પડ્યા.

વેયાંની અવસ્થા ૬૭ વર્ષ ઉપર છે, અને તે ફ્રાન્સના આદિકિરણશાસ્ત્રીઓમાંના એક છે. એ એક્સ કિરણ વાપરવા મંડ્યા ત્યારે એ કે એના સાથીઓ એના ગુણધર્મ જાણતા નહોતા, અને આ નવા ઇલાજની વિનાશકવૃત્તિથી કેમ કરીને સુરક્ષિત રહેવું તે પણ એ કોઇ શીખ્યા નહોતા. એનું રહસ્ય ઉકેલવા મથતા ડાકટર ઉપર કિરણોએ વેર લીધું, અને એના શરીરમાં રક્તપિત્ત જેવો જીરણ તથા કોરી ખાનારો રોગ પેદા કર્યો. ડાકટરના પહેલા દરદીઓની દુષ્ટસોળી (કૅન્સર) ના ઉપચાર પારિસની ઇસ્પિતાલોમાં ચાલુ હતા, ત્યાં જ આ ભયાનક રોગે એના શરીરમાં રંજાડ કરવા માંડી.

એની પહેલી શસ્ત્રક્રિયાને વખતે વેયાંનાં થોડાંક આંગળાં ગયાં, અને આ અદ્ભુત કિરણોમાં રહેલું ભયસ્થાન એના ધ્યાનમાં આવ્યું. એ જ વેળાએ એણે ધાર્યું હોત તો કિરણનો અભ્યાસ પોતે છોડી શકે એમ હતું, પણ એણે પલાયનનો વિચાર જ કર્યો નહિ, અને બીજાં વીશ વર્ષ તે કપટી કિરણો ઉપર કામ ચાલુ રાખ્યું, જે એનું માંસ ખાઈ ગયાં, એના સ્નાયુઓ ઉપર જેણે આક્રમણ કર્યું અને જેણે કટકે કટકે એના શરીરનો નાશ કર્યો. બાજી શસ્ત્રક્રિયામાં એણે હાથનો પોંચો આપ્યો, અને ત્રીજીમાં આખું બાહુડું ગયું. એની છેલ્લી છબિમાં એની આંખ કઠોર છે, દાઢી ધોળી છે અને કૅાલરટાઇ વાંકાં છે. તેને એ હવે સીધાં કરી શકતા નથી, કેમકે નરનારાયણને એણે પોતાના હાથ સમર્પી દીધા છે.

અપંગ બનેલા સૈનિકોના આશ્રમમાં વેયાં હવે રહે છે. છેલ્લી શસ્ત્રક્રિયાને દિવસે મિત્રો એને મળવા આવ્યા તેમને એણે કહ્યું, 'સજ્જનો, મને ક્ષમા કરો. એ લોકો મને હમણાં જ બિલિયર્ડટેબલ ઉપર મૂકવાના છે.' શસ્ત્રક્રિયા સફળ થઈ, અને વેયાં સૈનિકાશ્રમે પાછો ગયો.

વેયાંએ સિદ્ધ કર્યું છે કે હાથમાં આયુધ ઝાલ્યા વિના પણ માણસ ભડ બની શકે છે, અને ખરું ભડપણું જીવોને મારવામાં નથી, પણ પોતાના જીવને જોખમે બીજા જીવને બચાવવામાં છે. *

દેસાઇ વાલજી ગોવિન્દજી

---

*'ડાસ નૅાય ટાગ બૂચ (Das Neue Tage Buch)માંના ઇવાન હાઈલબુટ (Heibut)ના લેખ ઉપરથી.

ઉંબર બહાર



શ્રી ઉમાશંકર જોષીની કલમમાંથી ગયા વર્ષથી ચાલુ વાર્તા તરીકે શરૂ થએલી આ કલ્પિત કુમારકથામાં

ઘરનો ઉંબર છોડી ભણતર માટે છાત્રાલયની બહોળી અને પરાઈ દુનિયામાં પ્રવેશેલા એક કુમારના ઘડતરની કહાણી છે. અવનવા અનુભવોથી ભરચક એવી બોર્ડિંગ હાઉસની દુનિયામાં ભણવાના નિમિત્તે ગાળેલા એ દિવસોમાં ભણતર કરતાંયે વિશેષ એવો અનુભવનો જે રંગ જીવનના પટ પર ચડે છે તે કાયમી હોય છે. એવા અનુભવાર્થી એક કુમારની આ કથા છે.

પ્રકરણ ૪
રાઇનો કણ

તે દિવસે ગોપાલને કૂવામાં પડતો મહેતાએ બચાવ્યો તે પછી મહેતાજને ગોપાલનો તિરસ્કાર કરવાની જરૂર પડતી નહિ. મહેતાજ ગોપાલની સામું જુએ એટલે જ મનોમન ગોપાલ કોઇ ઘોર તુચ્છકાર નીચે કચડાઇ જતો. કોઇકોઇવાર એને થતું પણ ખરું કે એના કરતાં તો કૂવામાં પડી ગયો હોત તો સારું' કોઇવાર થતું કે લાવ બધી વાત જાહેર કરી દઉં. જેથી આમ મૂગાંમૂગાં સહન કરવું ન પડે. એમાં શું થઈ ગયું ? નાના છોકરાથી મોટી ડોલ ખેંચી ન પણ શકાય; અને આવડા મોટા મહેતાએ ખેંચી આપી તો એમાં નવાઇ પણ શી થઈ ગઇ ! પણ ગોપાલની જીભ ખૂલવાને હજી વાર હતી. એટલે મહેતાજની નજર મળતાં મનમાં મનમાં બળી રહેવા સિવાય હમણાં બીજું કાંઈ એનાથી થઇ શકે એમ ન હતું.

સાંજના તરેહતરેહની રમતો રમાતી. હજી આ ગાળામાં ક્રિકેટની ઘેલછા લાગી ન હતી એમ કહું તો આજના ઘરની ચાલીઓમાં પણ મૅચ ખેલતા આપણા બટુક ક્રિકેટવીરો માફ ન લગાડે. રમતગમત અને પાણી એ બેને નામે સવા બે આના લેવામાં નહોતા આવતા એમ નહિ. પણ મોટા માસ્તર પુસ્તકો લેવા માટે વર્ષની શરૂમાં શહેરમાં જાય ત્યારે સાથેસાથે બે ત્રણ જુદીજુદી જાતનાં બૅટ અને દડા લઇ આવે એ જ. તેનો ઉપયોગ જવલ્લેજ થાય. આવે એવાં કબાટમાં મૂકી દેવાય. મહિના બે મહિના સુધી તો બહાર કાઢવાની સૂચના પણ શિક્ષકભીરૂ વિદ્યાર્થીઓ કરી ન શકે. ત્યાં બેસે ચોમાસું. તે ખાસ્સું ત્રણ મહિના ખાઈ જાય. પછી છમાસિક પરીક્ષા આવે. એટલે છેક શિયાળામાં જતાં પેલા ગુપ્ત ધનનાં—ક્રિકેટના સરંજામનાં—દર્શન થાય. મોટે મોઢારે રમત શરૂ પણ થાય. એક બાજુ બેચાર જણ ક્રિકેટની નિયમાવલિ સમજવામાં અને ગોખવામાં ગૂંથાયા હોય ત્યાં બીજી બાજુ મોટામોટા વિદ્યાર્થીઓના અણઘડ હાથે ધોકાશાહી ફટકા લગાવતાં હાથો પાટિયામાંની ફાચર લઇને બહાર આવી જ ગયો હોય! એના પછી મલમપટ્ટા થાય. હાથાની દોરી ઉખેડી પાટિયા પર વીંટે, કે સૂતળી લાવી દડાનું ભાવિ પણ બંધબેસતું જ આવતું. આજૂબાજૂ ખાડા પડે અને બારશના ચંદ્ર જેવો થઈ જાય ત્યાં સુધી બિચારો ટીચાતો. પછી મોચીને ત્યાં એ સમારકામ માટે જતો, અને ચામડાનો ડગલો પહેરી ગોળાકૃતિ ધારણ કરી પાછો આવતો. શિક્ષકોને આ તો શું પણ કોઇ જ રમતમાં રસ ન હતો એ જ ક્રિકેટની આવી કંગાલ દશાનું કારણ હતું. પૈસાની અછત એ પણ જેવુંતેવું કારણ નહિ. પાછળથી પડખેના સ્ટેશને પી. ડબલ્યુ. ડી.નો મુકામ થતાં તે રોજ ટ્રૉલીમાં બેસી સોટીની માફક બેટ વીંઝતા રમતના મેદાન પર આવી પહોંચતા ત્યારે એમને આ જ વિદ્યાર્થીઓની આવડતથી અચંબો થયો હતો. પણ એ સ્વપ્ન બે મહિનાથી વધારે ચાલ્યું નહિ. જતાં જતાં 'પી. ડબલ્યુ. ડી.' એ જૂના દડા અને બેટ ભેટ આપેલાં તે સૌએ મોટા યુદ્ધનાં સ્મરણચિહ્નો હોય તેમ સાચવી રાખ્યાં હતાં. તેમાં એક જણને એક રબરનું મોજું ખાસ ખુશ થઇને આપતા ગયેલા તે છાત્રાલયમાં એક મોટી મતા

ગણાતી. બનવાજોગ છે કે આ વિદ્યાર્થીઓને તક મળી હોત તો તે મોટા ખેલાડી થઇ શકત, આ દેશના દુર્લક્ષ્યને લીધે કેટકેટલા નાયક અને બ્રેડમેન આપણે ખોયા હશે એમ કોઈ આવા દાખલા પરથી અફસોસ કરે તો તેને માટે અવકાશ છે.

જેમને ક્રિકેટની રાજ્વી રમતનો ચસકો લાગ્યો હતો તે બીજી રમતો પ્રત્યે તુચ્છકાર જ દાખવતા. માત્ર એક ફૂટબૉલમાં રસ લઈ શકતા. પણ ફૂટબૉલની દશાનું વર્ણન ઉપર ક્રિકેટનું કર્યું છે એટલા લંબાણથી કરવાની જરૂર ભાગ્યે જ હોય. ફૂટબૉલ ભરવા માટે પંપ હોય છે તેની તો બધાને ઘણું વરસે જતાં ખબર પડી. બાકી મોઢાથી પવન ફૂંકીને દડો ભરતા. એકબે જણની આવડત પણ એ બાબતમાં ભારે હતી. મોટી ઉમરના વિદ્યાર્થીઓ એટલે ફૂટબૉલ બરોબર ચગતો. પણ તે જ તો મુસ્કેલી હતી. દસ દિવસમાં જ બધી કોથળીઓ પૂરી થઇ જતી. હમણાંહમણાં તો વળી કોથળીને રબરના મલમપટા કરવાની શોધ આવવા માંડી હતીઃ પણ તે પદાર્થ માટે વિદ્યાર્થીઓ એટલી બધી ચિંતા રાખતા કે તે મૂળ જગ્યાથી થોડા વખતમાં જ ગુમ થઇ જતો અને ચોપડીઓ સાંધવામાં—જેઓને ચોપડીઓ ફાડવા ને સાંધવા સિવાય તેનો કોઇ બીજો ઉપયોગ નથી એવાઓને—કામમાં આવતો.

જૂની દેશી રમતોને ક્રિકેટ અને ફૂટબૉલની દુર્દશાનો લાભ સારો મળતો. સાંજે જૂની દેશી રમતો પૂરા રંગમાં જામતી. મોઇદંડા, ખો-ખો, હુતુતુતુ, વગેરેથી મેદાન ગાજતું જ હોય. આ રમતોમાં વળી નવીનવી ઉમેરાતી જતી અને ફેરફાર પણ થતા. કોઇ નવો વિદ્યાર્થી કોઈ બીજા ભાગમાંથી આવે એટલે રમવાની કોઈ નવી રીત લઇ જ આવ્યો હોય. દાખલા તરીકે હુતુતુતુમાં અહીંના વિદ્યાર્થીઓએ એટલો ફેર કર્યો હતો કે વચ્ચે પાટો દોર્યો એટલી જ મર્યાદા. પછી તેની બે બાજુ પાટા દોરવા પડતા નહિ. બે ઝાડ હતાં. એક થડથી બીજા થડ સુધી પાટો દોરી સામાસામા પક્ષો ગોઠવાઇ જતા. સામા પક્ષમાંથી હુતુતુતુ બોલતો બોલતો એક જણ આવે અને જેટલાને અડીને શ્વાસ મૂકયા વગર પાટો ઓળંગી પોતાની બાજુ પાછો ચાલ્યો જાય તેટલાને રમતમાંથી બેસી જવું પડે. પછી આ પક્ષમાં જેમ બેસતા જાય તેમ પેલા ઊભા થતા આવે. હુતુતુતુ બોલતો બોલતો જે આવે તેને સામાન્ય રીતે પકડે છે તેવું આમાં ન કરતા. એટલે આ રમત ખાસ કરીને શ્વાસ લાંબીવાર ટકાવવાની અને દોડવાની શક્તિ ખીલવવા માટેની હતી.

સાંજના વખતે બે પક્ષો પડતા હતા ત્યારે ગિંદુમલ અને ગોપાલ પણ 'હું રમતો!' 'હું રમતો!' કરતા જઈ ચડ્યા અને મોટી કૃપાની યાચના કરતા હોય એમ પોતાને પણ રમવામાં દાખલ કરે તે માટે કરગરતી આંખે જોઈ રહ્યા. ગોપાલને ભારે ખોટું લાગ્યું હતું કે આ લોકો સીધા જ કેમ બે ભાગમાં ટપટપ 'તું અમારામાં!' 'તું પેલામાં!' એમ બોલી વહેંચાઈ જતા હશે! ગામડામાં રમવા કરતાં રમવાના બે પક્ષ પાડવાની રમત પોતે જ વધારે મજાની તો હોય છે. બે સરખા-સરખા છોકરા એકમેકના ખભામાં હાથ નાખી બાજુપર જઈ સંતલસ કરી આવે કે એકનું નામ આ અને બીજાનું નામ પેલું. પછી વચ્ચે બે જણ ઊભા રહીને બે પક્ષ માગી લેતા હોય ત્યાં ગાતાગાતા આવેઃ

આપણ બે ગોઠિયા, પાણીમાંના પરપોટિયા
કોઇ લ્યો અર્જુન ને કોઇ લ્યો કરણ!

પેલા માગી લેતા હોય તેમાંનો એક જણ અર્જુન બોલે એટલે આ બેમાંથી અર્જુન હોય તે તેની તરફ ચાલ્યો જાય ને કર્ણ એની મેળે બીજાના પક્ષમાં જાય.

કોઇ પોતાને રમતમાં લે એમ નથી એવું લાગતાં ગોપાલે કહ્યું, 'ચાલ, આપણે આ ઝાડ પર ચડીને બેઠાબેઠા બધું જોયાં કરીએ.'

'ઊંહ!' કહી ગિંદુમલે એને સહેજ તરછોડ્યો. થડ પર ચડતાં તો હજી મેં જરીક શીખવ્યું ત્યાં ઝાડ પર ચડવા નીકળ્યા છે!'

'કેમ આમ કરે છે?' ગોપાલને ગિંદુમાં કાંઇક ફેરફાર લાગ્યો.

'જોને તારે લીધે આ લોકો મને પણ નાનામાં ગણી કાઢે છે ને રમવામાં લેતા નથી!' ગિંદુએ વરાળ કાઢી.

ગોપાલને મનમાં બહુ દુઃખ થયું. પોતાનો એકનો એક મિત્ર ગિંદુ તે પણ જો પોતા પ્રત્યે આ રીતે જોતો થઈ જાય તો તો પછી શું રહ્યું? તરત જ એને કાંઈક સૂઝી આવ્યું. સીધો દોડચો એ મહેતાબ તરફ. મહેતાબ નીચલા ધોરણમાં હતો, પણ રમતગમતમાં એ સૌથી ઊંચી કક્ષામાં હતો. વચ્ચોવચ ઊભીને એ રમનારાઓના બે ભાગ પાડી રહ્યો હતો.

'મહેતાબ, આ ગિંદુમલને તો રમવામાં લો.' ગોપાલે મહેતાબના મોં સામું જોયા વગર જ કહી દીધું. 'તો'

એ એવી રીતે બોલ્યો હતો કે 'મને બસે ન લો!' એટલું અધ્યાહાર વાક્ય સમજતાં મહેતાબને વાર ન લાગી.

'ગિંદુને એકલાને શા માટે? ગોપાલ 'તું આવ અમારામાં; ને કાદરસિંગ, ગિંદુ તારામાં.'

કાદરસિંગ જ મહેતાબને પહોંચી શકે. કહેવાય છે કે તમે આસ્તેઆસ્તે ચારસો ગણો ત્યાં સુધી એ શ્વાસ ચલાવી શકતો. અને બીજાઓની પેઠે મનમાં ગણગણ કરતો હોય ને વચ્ચે શ્વાસ ચોરીછૂપીથી લઇ લે એમ પણ નહિ. સામો ડુંગરો ગાજે એવી ગર્જના કરતો કરતો એ દોડતો. એકવાર મહેતાબનો એણે પીછો પકડેલો ને મહેતાબ સામેથી વાડ ઠેકી પેલી તરફ પડ્યો ત્યારે કાદરસિંગ તેની પાછળ ઠેકી ગયો એટલું જ નહિ પણ પાછો ફરી વાડ ઠેકી પાટા સુધી શ્વાસ મૂક્યા વગર આવેલો. ગોપાલ અને ગિંદુમલ પણ આ રમનારાઓ આગળ સાવ મગતરાં જેવા જ ગણાય.

રમત ઘડીકમાં તો પૂર જોસમાં ચાલવા માંડી. કાદરસિંગ આજે પણ જોસમાં હતો. પહેલે જ ઝપાટે એણે મહેતાબ પર છલંગ મારી એને બેસાડી દીધો હતો. મહેતાબના ભેરૂઓએ ભારે ટક્કર ઝીલી, પણ સામાવાળાઓએ છેવટ બધાને જ 'માર્યા.'

આશાનું એક કિરણ હવે હતું તે ગોપાલ. દૂર બેઠો બેઠો અત્યારસુધી 'હો હો!' કરી એ હસતો હતો ને ધૂળની મૂઠીઓ ભરી આનંદમાં ઉડાડતો હતો. હવે જુએ છે તો પોતાના બધા ભેરૂઓ પોતાને છોડી ગયા છે અને આખા રણક્ષેત્રમાં પોતે જ એકલ વીર ઊભો છે!

બીજી બાજુ જમવાનો ઘંટ વાગવાની તૈયારી હતી. તો તો રમત આટલેથી આટોપાઈ જાય અને મહેતાબ હાર્યો એમ થઇ જાય.

ગોપાલ એકવાર પાટો ઓળંગીને બે ડગલાં અંદર જઇ આવી પાછો હેમખેમ આ તરફ દોડી આવ્યો. કાદરસિંગ જો એની પાછળ પડ્યો હોત તો તો તરત ગોપાલને બેસાડી દેત. એના ભેરૂઓ અને મહેતાબના ભેરૂઓ પણ એમ જ ધારણા રાખતા હતા. પણ કાદરસિંગ પોતાની જગ્યાએથી એક ડગલું પણ હટ્યો નહિ. તે જશે એમ માનીને બીજો કોઇ ભેરૂ પણ ગોપાલ પાછળ દોડ્યો નહિ. આ રીતે ગોપાલ બચી જવા પામ્યો. કોઇએ કાદરસિંગને પૂછ્યું ત્યારે એ કહે કે 'કીડી સામે તે કટક હોય?' મોટાઓમાંથી કોઇ હવે દાવ લેવા પણ ગયું નહિ. ગિંદુને જવા માટે કાદરસિંગે હુકમ કર્યો.

ગિંદુમલ જોસથી દોડતો દોડતો આ તરફ આવ્યો. ગોપાલ એને લલચાવવા સહેજ નજીક અવ્યો. ગિંદુમલ ગોપાલને 'મારી' સામાવાળાઓને સંપૂર્ણ હરાવ્યાનું માન લેવા લલચાયો અને ગોપાલની તરફ આગળ દોડ્યો. ગોપાલે માપી લીધું કે આટલેથી હવે ગિંદુભાઈ શ્વાસ ટકાવી રાખીને જઈ શકવાના નથી. ત્યાં ગિંદુએ જીત મેળવવાના આનંદમાં કાદરસિંગની છટાથી પોતે મોટો રમનારો હોય એમ ગોપાલ તરફ છલંગ મારી. પડત તો ગોપાલ ઉપર, પણ ગોપાલ ખસી ગયો એટલે ગિંદુમલ જમીન ઉપર લાંબો થઇને પડ્યો,

'ગિંદુ, તને વાગ્યું?' કહી ગોપાલે પાસે આવી તેને હાથથી ઝાલીને ઉઠાડ્યો.

મહેતાબના બધા ભેરૂઓ આનંદથી કિકિયારીઓ કરતા હતા, કેમકે ગોપાલે ગિંદુમલને 'મારીને' એમનામાંથી મહેતાબને 'જીવાડ્યો' હતો. રમત આખી ફરી ગઈ. હવે તો મહેતાબ એકલો બસ હતો. બધાને એક પછી એક જીવાડવાને.

ત્યાં જમવાનો ઘંટ વાગ્યો. બધા રસોડા તરફ દોડ્યા.

કાદરસિંગે કહ્યું: 'અલ્યા ગિંદુ, જાણીજોઇને તો નહોતો પડ્યોને?'

'જાણીજોઇને તે કોઇ પોતાનાં હાડકાં ભાંગતું હશે?' ગિંદુ ધીરેધીરે પોતાને હાથે વાંસો પંપાળતો બોલ્યો.

'જોને પણ, તેં હાથવેંતમાં આવેલી જીત ખોવડાવી ને આ ગોપાલ નાનો છે પણ એણે....'

કાદરસિંગને વચ્ચે રોકીને મહેતાબ બોલ્યો: 'નાનો નાનો પણ રાઈનો કણ છે!' અને બંને જણ ઝટઝટ રસોડાના બારણા તરફ ધસ્યા.

છેલ્લા શબ્દો ગોપાલને કાને પડ્યા ત્યારે આખી પૃથ્વીનું એને રાજ્ય પોતાનું લાગ્યું. ગિંદુએ પોતાના ભેરૂઓને જીત મેળવતાં અટકાવ્યા ને પોતે પોતાના ભેરૂઓને હારમાંથી બચાવ્યા. ને તેનું તો ઠીક પણ ખુદ મહેતાબને 'જીવાડ્યો!'

આત્મશ્રદ્ધાના અનુભવથી ગોપાલની છાતી ફૂલવા લાગી. પોતે પણ કાંઇક છે એ ભાન એનું હવે ધીરેધીરે વધતું ચાલ્યું. તે એટલે સુધી કે સુપરિન્ટેન્ડેન્ટ સુંદરલાલને એક રાતે સૂતેલા ને સૂતેલા ખાટલા સાથે બાંધીને સ્મશાનમાં મૂકી આવવામાં આવ્યા ત્યારે એ કિસ્સામાં અગત્યનો ભાગ ગોપાલે ભજવ્યો હતો.

(ચાલુ) ઉમાશંકર જોષી

ઍટલાન્ટિક મહાસાગરમાં ગરક થએલું એક પુરાણું સામ્રાજ્ય

ઍટલાન્ટિસ

આજથી સાડા તેર હજાર વર્ષ પૂર્વે એક ભયંકર ધરતીકંપનો ભોગ થઇને વિનાશ પામેલી, આપણા કરતાં યે વધુ ઉચ્ચ સંસ્કૃતિ ધરાવતી એક મહાન પ્રજાની ભાતીગળ હકીકત

કહેવત છે કે 'ડુંગરા દૂરથી જ રળિયામણા દેખાય છે'. ઇતિહાસને પણ આ કહેવત લાગુ પડે છે. ઇતિહાસનું જે દૃશ્ય જેટલું આઘું હોય છે તે તેટલું જ રળિયામણું ભાસે છે. પછી તે ખરેખર રળિયામણું રહ્યું હોય કે ન રહ્યું હોય. માનવહૃદયની આ એક ભાવના છે જે 'જૂનામાં સોનું' જુએ છે; અને એ ભાવના જીવતી રહેશે ત્યાં સુધી માનવહૃદયમાં જૂનવાણી પ્રત્યેનું આકર્ષણ જીવ્યા કરશે.

મહમદ બેગડાના વખત કરતાં સિદ્ધરાજનો જમાનો કેવો મનોહારી લાગે છે! અને વલભીપુરની જાહેરજલાલી હૃદય ઉપર એના કરતાં યે વધુ આકર્ષણ જમાવે છે. એનાથી આગળ જતાં શ્રીકૃષ્ણના પ્રાગૈતિહાસિક કાળનાં દ્વારકાં અને પ્રભાસની કલ્પના તો સોનાના સ્વર્ગનું દૃશ્ય આપણી સમક્ષ ખડું કરી દે છે.

ચાલો ત્યારે, આજે આપણે પ્રાગૈતિહાસિકના યે પ્રાગૈતિહાસિક કાળની એક દુનિયામાં થોડીકવાર વિચરીશું. રખે ધારતા કે આ કોઇ પ્રસ્તરયુગના જંગલી નર-વાનરની નીરસ જીવનકથા હશે. એમ પણ માની લેતા નહિ કે ફૉસિલોનાં પ્રાણીઓની લૂખી દુનિયાનો આ કોઇ ચિતાર હશે. આ તો, ઍટલાન્ટિક મહાસાગરમાં ઈ. સ. પૂર્વે ૧૧,૬૦૦ ની સાલમાં એક ભયંકર ધરતીકંપના વિનાશનો ભોગ થઈ પડેલી, આપણા કરતાં યે વધુ ઉચ્ચ સંસ્કૃતિ ધરાવનારી એક મહાન પ્રજાની ભાતીગળ હકીકત છે. ઇ.સ. પૂર્વે ૬૦૦માં મિસરના એક પુરાતન દેવમંદિરના અવધૂત મહંતે એ કથા જરીપુરાણી પોથીઓમાંથી પોતાના ગ્રીક પરોણા સોલનને વાંચી સંભળાવી હતી. સોલને તે ગ્રીક ભાષામાં ઉતારી પોતાના એક સગા અને ગાઢ મિત્ર ડ્રૉપિડાસને સાચવી રાખવા માટે આપેલી. ડ્રૉપિડાસના પૌત્રનાં પૌત્ર ક્રાયટીઅસે એ ફિલસૂફ સૉક્રેટિસને સંભળાવી હતી. સૉક્રેટિસનો શિષ્ય પ્લેટો ઈ. સ. પૂર્વે ૪૦૦માં આને એક સંવાદકથા રૂપે લખી આપણા માટે મૂકી ગયો છે.

પ્રાચીન ગ્રીસના પુરાણાચાર્યોનું આ એકાદું ટાઢા પહોરનું ગપોડું તો નથી, તેની ખાતરી કરવા કેટલા યે પુરાશાસ્ત્રીઓએ વર્ષો સુધી એની ચકાસણી કરી છે. બ્રિટિશ અને અમેરિકન દરિયાઈ કાફલાની બે મોટી આગબોટો 'ચૅલેન્જર' અને 'ડૉલ્ફિન' મહિનાઓના મહિનાઓ સુધી ઍટલાન્ટિક મહાસાગરમાં ડૂબકીઓ મારી છે. અને અંતે એ વાત સાચી સાબિત થઇ છે કે પ્રાગૈતિહાસિકના યે પ્રાગૈતિહાસિક કાળમાં ઍટલાન્ટિક મહાસાગરની અધવચ્ચે એક મોટો ભૂખંડ હસ્તી ધરાવતો હતો, જે એકાદ પ્રચંડ ધરતીકંપના હચમચાટનો ભોગ થઇ પડી આ મહાસાગરમાં જળસમાધિ લઇને બેઠો છે. પછી તો પુરાવિદ્દોને અમેરિકા, સ્પેન, આયર્લૅન્ડ અને ઉત્તર આફ્રિકાના પ્રાગૈતિહાસિક અવશેષોમાં, આ ખોવાએલા ભૂખંડ ઉપર જામેલી અનેરી માનવસંસ્કૃતિનો પડછાયો જણાયો; મિસરની કેટલી યે પુરાતની મહેલાતોમાં એના સ્પર્શની નિશાનીઓ જડી અને ક્રીટની સંસ્કૃતિ એનો વારસો ધરાવતી માલૂમ પડી. પ્લેટોએ લખેલા સંવાદ ઉપરાંત બીજી કેટલી યે ગ્રીસ, ફીનીશિયા અને મિસરની કથાઓમાં એને લગતો હેવાલ મળ્યો. *

ઈ.સ. પૂર્વે સાતમા સૈકાની આ વાત છે. હિંદમાં તે કાળે હજી આપણા ઇતિહાસગ્રંથોના ઐતિહાસિક કાળની શરૂઆત થઈ નહોતી. બુદ્ધ અને મહાવીરના જન્મને હજુ એક સૈકાની વાર હતી. ખલ્દી અને મીડો આસીરિયાની પાટનગરી નિનેવા ઉપર આક્રમણની તૈયારી કરી રહ્યાં હતાં. મિસરમાં ૨૬મા રાજવંશનો અમલ ચાલવા લાગ્યો હતો. આ વખતે ગ્રીસની પુરાણ નગરી આથેન્સમાં સોલન નામનો એક મહાન પુરુષ

---

* એ બધું વિગતવાર જાણવા માટે નીચેનાં પુસ્તકો વાંચવાં જોઈએ: 1 The Shadow of Atlantis (Cambridge Uni. Press) 2 In Search of Atlantis, by Fjord 3 The Lost Lands of Atlantis and Lemuria.

થયો જે ગ્રીસના સપ્તર્ષિઓમાંનો એક ગણાયો છે.

મિસરની મુલાકાતે

સોલનના જમાનામાં ગ્રીસ એ અખંડ દેશ ન હતો. આથેન્સ, સ્પાર્ટા વગેરે જુદાંજુદાં નગરોનાં ત્યાં કેટલાં યે સ્વતંત્ર નાગરિક રાજ્યો હતાં. એમાં આથેન્સના ઍથેનીઅનો સર્વોપરિ ગણાતા હતા.

એક વખતની વાત છે. સોલન સામે કાંઈ મિસર-ના પ્રવાસે ગએલો. એ વખતે મિસરમાં જે સ્થળે મહા નદી નીલ અનેક મુખે ફંટાય છે તે સ્થળે 'સાઇસ' નામનો પ્રાંત હતો. તેની પાટનગરીનું નામ પણ એ જ હતું. આ પ્રાંતવાસીઓને ઍથેનીઅનો સાથે ઘણો મીઠાશભર્યો સંબંધ હતો, એટલે બંને પ્રદેશોના લોકો એકબીજાનાં શહેરોમાં આવજા કર્યા કરતા. સાઇસમાં સોલનના આગમનનું પણ એ જ કારણ હતું.

ત્યાં એક વૃદ્ધ મહંતના મઠમાં સોલનનો ઉતારો હતો. એક દિવસે વાતમાંથી વાત નીકળતાં મહંતે કહ્યું: 'સોલન, અમારા શહેરમાં "નેથ" દેવીનું મંદિર છે. આને જ તમે તમારી ભાષામાં 'ઍથીની' કહો છો. અમારા સાઇસ અને તમારા ઍથેન્સ એ બંને નગરોની સ્થાપક આ એક જ દેવી છે. અને કદાચ તમે હાલના ઍથેન્સવાસીઓ નહિ જાણતા હો કે અમારું નગર વસાવ્યાની હજાર વર્ષ પૂર્વે તમારું શહેર આ દેવીએ વસાવ્યું હતું. પછી આજથી નવ હજાર વર્ષ પૂર્વે* હેરકલીઝના સ્તંભોની+ પેલી મેરથી એક પ્રજાએ ઍથેન્સ પર આક્રમણ કરેલું ને તે વખતના ઍથેન્સવાસીઓએ એ લોકોને પરાસ્ત કરીને નસાડી મૂકયા હતા. આ પછી તરતજ એક પ્રચંડ ધરતીકંપ પૃથ્વી ઉપર આવ્યો અને તેની અસરથી ગ્રીસના પર્વતો ઍથેન્સ ઉપર ખરડાઇને પડ્યા અને એ પુરા નગરીનો નાશ થયો. હેરકલીઝના સ્તંભોની પેલી મેરથી આવનાર પ્રજાના દેશનું નામ ઍટલાન્ટિસ હતું. એ જ બનાવનો ભોગ બની એ પણ મહાસાગરમાં ડુબકી મારી ગયો.'

'ગુરુદેવ, આ અવનવો ઇતિહાસ કૃપા કરી મને સંભળાવશો?' આશ્ચર્ય ને ઉત્કંઠાભરી નજરે જોઇ રહેલા સોલને પ્રશ્ન કર્યો.

'શા માટે નહિ, સોલન!' એમ કહી મહંત મઠના ગભારામાંથી એક જૂનીપુરાણી પેટી ઊંચકી લાવ્યો અને તેમાંથી પેપાયરસ*નો એક જીર્ણશીર્ણ લાંબો પટ કાઢતાં મહંત બોલ્યો: 'જો સોલન, તમે ગ્રીકો તો કાલ સવારનાં બુલકાંઓની પ્રજા છો. દુનિયામાં શું બની ગયું તેની બે દહાડા પહેલાંની પણ તમને

*ઇ. સ. પૂર્વે ૬૦૦ લગભગની આ વાત છે, એટલે ઇ. સ. પૂર્વે ૯૬૦૦માં આ બનાવ બન્યો હશે.

+ભૂમધ્ય સમુદ્રમાંથી ઍટલાન્ટિક મહાસાગરમાં પ્રવેશતી વખતે જીબ્રાલ્ટરની જે સામુદ્રધુની આવે છે, તેની એક બાજુ જીબ્રાલ્ટર અને બીજી બાજુ ઍટલાસ પર્વત છે. બંને સ્થળ હેરકલીઝના સ્તંભો તરીકે ગ્રીક પુરાણ કથાઓમાં પ્રસિદ્ધ હતા.

* પપાયરી નામના છોડની છાલનો બનાવેલો કાગળ. મિસરમાં પુસ્તકો 'પટ' (Roll)ના આકારનાં થતાં.



ખબર નથી. સોલન, તમારી પહેલાં કેટલી યે પ્રજાઓ તમારી ભૂમિ ઉપર આવી, વસી અને ચાલી ગઈ; કેટલી યે સંસ્કૃતિઓના શંભુમેળાઓ ત્યાં જામી ગયા; દુનિયામાં કેટલા યે જળપ્રલયો આવ્યા અને ઓસરી ગયા; કેટલા યે ધરતીકંપો આ ધરતીને ધ્રુજાવી ગયા ને તેમાં અનેક પ્રજાઓ નાશને ભેટી ચૂકી. પણ જોઇ લે સોલન, આ અમારી ખળખળાટ વહેતી જતી નીલમાતાની ^×^ કૃપા છે કે અમારો દેશ કદી યે એવી દુર્ઘટનાઓમાં સપડાયો નથી. મિસર તો, સોલન, દેવોની ભૂમિ છે જ્યાં એમની કૃપાથી એવા વિધ્વંસક બનાવો બનતા નથી. એટલે જ તો, સોલન, અમારી સંસ્કૃતિ જગતના આદિકાળથી તે આજ સુધી અખંડ ટકી શકી છે, એટલે જ અમારી સંસ્કૃતિ દુનિયામાં સૌથી પુરાતની છે અને એ જ કારણે, આદિથી માંડી આજ સુધીની જગતની પ્રજાઓના ઇતિહાસો અમારે ત્યાં સચવાએલા પડ્યા છે. સોલન, અમારા દેશમાં આ ઇતિહાસગ્રંથોથી ઉભરાતા હજારો ગ્રંથભંડારો તને મંદિરે મંદિરે જોવા મળશે.'

ઍટલાન્ટિસનું વર્ણન

પટનું ટીપણું ઉખેડી વૃદ્ધ મહંતે આગળ ચલાવ્યું: 'સાંભળ સોલન, નવ હજાર વર્ષની યે ઘણી પહેલાંની વાત છે. હેરેકલીઝના સ્તંભો (જિબ્રાલ્ટરની સામુદ્રધુની)-ની પેલી મેર ઍટલાન્ટિક મહાસાગરમાં એક મોટો ભૂખંડ હતો. ઍટલાન્ટિસ તેનું નામ હતું. તેની પેલી મેર એક બીજો ભૂખંડ હતો જે મોટા સમુદ્રથી ઘેરાયલો હતો.

'દેવોએ જ્યારે પૃથ્વીના વિભાગો પાડી પોતાની અંદર વહેંચવા માંડ્યા ત્યારે પોસાઇડનને* ભાગે ઍટલાન્ટિસનો ભૂખંડ આવ્યો. હેરેકલીઝના સ્તંભોની સામે જ આ ખંડમાં એક મોટું મેદાન હતું. દરિયાકાંઠેથી ૫૦ સ્ટેડીઆ (૫ માઇલ)ના અંતરે એના ઉપર એક મોટો પર્વત હતો. એના ઉપર હજારો જંગલી માનવો વસતા હતા. એમની એક રૂપાળી કન્યાને પોસાઇડન દેવે પોતાની સ્ત્રી કરી. એનાથી તેને દસ પુત્રો અવતર્યા. મોટા પુત્રનું નામ ઍટલાસ પાડ્યું અને ઍટલાન્ટિસના મેદાનવાળા પ્રદેશનો પોસાઇડને તેને રાજા બનાવ્યો. એના નામ ઉપરથી જ આખો ખંડ ઍટલાન્ટિસ કહેવાયો અને તેને ફરતા ઘૂઘવતા મહાસાગરનું નામ પણ ઍટલાન્ટિક પડ્યું, એટલું જ નહિ પણ હેરેકલીઝના સ્તંભો પાસે લીબિયાની* પર્વતમાળાનું નામ પણ ઍટલાસ પડ્યું. બીજા નવ પુત્રો વચ્ચે ઍટલાન્ટિસના બીજા ભાગો વહેંચી દેવામાં આવ્યા. પછી તો એ દેવનો વંશવેલો વધવા લાગ્યો. રાજગાદી મોટાને જ મળતી અને ઍટલાસનો વંશધર એ કુળમાં સર્વોપરિ ગણાતો. એમણે પર્વતો અને મેદાનો ઉપર વસતી પોતાની પ્રજાને દરેક પ્રકારના જ્ઞાનવિજ્ઞાનમાં પ્રગતિશીલ બનાવી. વળી ઍટલાન્ટિસની બહાર પણ એ પ્રજાએ પોતાની પાંખો લંબાવી. લીબિયા પણ એમણે પોતાનું કરી લીધું.'

ઍટલાન્ટિસની પ્રજા

'ઍટલાન્ટિસવાસીઓએ પોતાના આખા દેશની જમીન ખોદી તેની અંદરના બધા ખનિજ પદાર્થો જાણી લીધા. ત્યાં ઑરિકેલમ નામની રાતા રંગની ચળકાટ મારતી ધાતુ પુષ્કળ નીકળતી. કીમતમાં એ સોના પછી બીજી ગણાતી. એ પ્રજા પોતાના ખનિજ પદાર્થોને મોટાંમોટાં વહાણોમાં ભરી વેપાર અર્થે મિસર સુધી લઇ જતી. પોતાને રહેવા માટે ઑરિકેલમથી શણગારી એ લોકો ઘણાં સુંદર મકાનો બાંધતા. તે મકાનના ચોકમાં એક ગરમ અને બીજો ઠંડા પાણીનો, એમ બે કુવારા રાખતા. વળી પુરુષ, સ્ત્રીઓ અને જનાવરો માટે જુદાંજુદાં સ્નાનગૃહો બાંધતા. ગામડાંઓ અને શહેરોમાં પુષ્કળ બગીચાઓ અને કસરતશાળાઓ હતાં.

પર્વતમાળાની પડખે પૂર્વ તરફ પ્રસરેલા સમતળ પ્રદેશમાં ઍટલાસના વંશજોનું રાજ્ય હતું. ઍટલાન્ટિસનું પાટનગર આ પ્રદેશમાં જ હતું. દરિયાકાંઠે હોવાથી એને એક મોટું બારું હતું. તેમાં દેશદેશાંતરોનાં વહાણો હમેશાં પડ્યાં રહેતાં. આ શહેરનું નામ પણ ઍટલાન્ટિસ હતું. આને ફરતો પથ્થરનો કોટ હતો અને તેની ઉપર ઑરિકેલમનું પતરૂં મઢેલું હતું. અહીંની પ્રજાએ પર્વતથી તે દરિયાકાંઠા સુધી અરધો અરધો માઇલ પહોળી કેટલી યે નહેરો ખોદી હતી. એ બધી પાટનગર પાસે દરિયાને મળતી હતી. એમાં વહાણો ચાલી છેક પર્વતની

× ગંગા અને નર્મદાની પેઠે મિસરવાસીઓ પોતાના દેશની નીલ નદીને દેવી સ્વરૂપે માની પૂજતા.

* ઍટલાન્ટિસનો અધિષ્ઠાતા આ પોસાઇડન ગ્રીસનો સમુદ્રાધિપતિ દેવ બન્યો હતો.

* ગ્રીકો આખા ઉત્તર આફ્રિકાને લીબીઆ કહેતા.

તળેટી સુધી જઇ પહોંચતાં અને ત્યાંથી ખનિજ પદાર્થો અને વનસ્પતિઓ ભરી દરિયા તરફ હંકારી જતાં.

આ પાટનગરની પાછળ, દેશના અંદરના ભાગમાં દરિયામાંથી નહેરો કાઢી દેશના ચાર જુદાજુદા વિભાગો પાડી દીધા હતા. એક વિભાગમાંથી બીજા વિભાગમાં જવા માટે દરિયાની ખાડી ઉપર લાંબા લાંબા અને ઘણા પહોળા પથ્થરના પૂલો બાંધેલા હતા. આ પૂલોની નીચેથી સહેલાઇપૂર્વક વહાણો પસાર થઇ શકતાં.

પ્રજા બે પ્રકારનો ધંધો કરતી. પર્વતવાસીઓ ખનિજ પદાર્થો કાઢવાનો, ને વનસ્પતિઓ એકઠી કરવાનો ધંધો કરતા; સપાટ પ્રદેશના વતનીઓ ખેતીવાડી કરી ગુજરાન ચલાવતા. દરેક કુટુંબને તેનું સારી રીતે પોષણ થઇ શકે એટલી જમીન ને બીજી મિલકત રાજ્ય મફત આપતું.

જિલ્લાઓનો કારભાર ચલાવવા આગેવાનો નીમવામાં આવતા, જે પ્રજામાંથી ચૂંટાતા. યુદ્ધ વખતે દરેક ગામના મુખી પાસેથી રથનો અરધો ભાગ લેવામાં આવતો અને આમ દસ હજાર રથો એકઠા થતા. ઉપરાંત, એક ગાડું, બે ઘોડા, એક સવાર, એક સશસ્ત્ર પાયદલ સૈનિક, એક સારથી ને ચાર ખલાસીઓ, આટલાં બીજાં વાનાં આપવાં પડતાં. રાજ્ય ૧૨૦૦ મોટાં વહાણો યુદ્ધ માટે હરદમ તૈયાર રાખતું.

દસે રાજાઓ પોતપોતાના પ્રદેશનું રાજ્ય પરસ્પર સંપીને ચલાવતા. કોઇ પ્રજાજનને મૃત્યુદંડ આપવાની સત્તા રાજાને ન હતી. દસે રાજાઓની સલાહથી જ એવી શિક્ષા કરી શકાતી. આ બધામાં સર્વોપરિ કુળ પોસાઇડનના મોટા પુત્ર ઍ લાસનું લેખાતું અને તેની જ સત્તા ત્યાં સર્વોપરિ ગણાતી. પોસાઇડન એ બધા માટે એક નીતિશાસ્ત્ર ઘડી ગયો હતો. જેને સોનાની તકતીઓ ઉપર કોતરી તેના મંદિરમાં રાખવામાં આવેલું હતું. રાજા અને પ્રજા એ શાસ્ત્રને અનુસરીને ચાલતાં.

પોસાઇડનનું મહામંદિર

સપાટ પ્રદેશની વચોવચ્ચ પોસાઇડનનું મહામંદિર હતું. આ સ્થળને સમુદ્રમાંથી કાઢેલી એક નહેર વડે ચારે બાજુથી છૂટું પાડી દેવામાં આવ્યું હતું. એના ઉપર જવા માટે પૂલો ન હતા, પણ નીચે ભોંયરાંઓમાં થઈને જવાતું. આ સ્થળને ફરતો પત્થરનો એક મજબૂત ગઢ હતો. તેના ઉપર પિત્તળનું પતરૂં મઢેલું હતું. એના પછી બીજો કોટ હતો, જે કલઈનાં પતરાંથી મઢેલો હતો. પછી ત્રીજો કોટ આવતો તેના ઉપર ઑરિકેલમનું લાલ પતરૂં ચળકાટ મારતું. અને છેવટનો ચોથો કોટ સોનાનાં પતરાંવાળો હતો. આની અંદર પોસાઇડનનું ઘણું મોટું મંદિર હતું. તેના ઉપર સોનું તથા ઑરિકેલમ ચળકાટ મારતાં અને અંદરનો બધો ભાગ હાથીદાંતનો હતો. દેવની મૂર્તિ રથ ઉપર બિરાજેલી હતી અને તેના ઘોડાઓનાં માથાં છેક ઘુમ્મટ જેટલાં ઊંચાં હતાં. એના સોનાના સ્તંભો ઉપર પોસાઇડનનું નીતિશાસ્ત્ર લખ્યું હતું.

દર છઠ્ઠે વર્ષે આખા ઍટલાન્ટિસની પ્રજા આ મંદિરે જાત્રા માટે આવતી. મોટો મહોત્સવ ઉજવાતો. પ્રજાજનો પાસેથી કાંઈ પણ ભેટ સ્વીકારવામાં આવતી નહિ. બધી ગોઠવણ રાજ્ય તરફથી થતી. દેવમંદિરમાં આખલાઓ છૂટા ફર્યાં કરતા. દસે રાજાઓ અહીં હાજરી આપતા અને દરેક રાજા એક આખલાને પકડી તેને વગર ઘાએ મારી દેવને બલિદાન આપતો. દેવની સામે હવન કુંડમાં જ્વાળા ભભૂક્યા કરતી. એમાં એક એક લોહીનો પ્યાલો ભરીને એ રાજાઓ હવન કરતા અને પછી સોગન લેતા કે અમે તમારા નીતિશાસ્ત્રને અનુસરીને જ ચાલ્યા છીએ અને ચાલીશું.

આ પ્રજાએ છેલ્લે છેલ્લે ભૂમધ્યસમુદ્રની ચોમેરના દેશો પણ પોતાને તાબે કર્યાં હતા અને પછી ઍથેન્સ ઉપર ચડાઇ કરી હતી. પણ ઍથેન્સવાસીઓએ તેમને હરાવી નસાડી મૂક્યા હતા. આ પછી તુરત જ જગતમાં એક મોટો ધરતીકંપ આવ્યો, જેની અસરથી એ જમાનાનું ઍથેન્સ અને તેના વતનીઓ નાશ પામ્યા. વળી ઍટલાન્ટિક મહાસાગર વચ્ચે આવેલો એ ઍટલાન્ટિસ ખંડ પણ હમેશને માટે મહાસાગરમાં ડૂબકી મારી ગયો. સોલન, આ નવ હજાર વર્ષ પહેલાંનો બનાવ છે. હજી પણ એ સ્થળે ઍટલાન્ટિક મહાસાગરમાં કાદવ નજરે પડે છે. *'

પુરાણોમાંનાં સાત પાતાળ

આપણાં પુરાણોમાં સાત પાતાળોનું સવિસ્તર વર્ણન મળે છે અને એના વિષે એવી માન્યતા છે કે

---

* Plato's Dialogues, II. 517, TIMÆSનો સંક્ષિપ્ત સાર જુઓ પદ્મપુરાણ: પાતાલ ખંડ, અ૦ ૧, ૨, ૩; વિષ્ણુપુરાણ: અ. ૨, ૫; ભાગવતપુરાણ, અ. ૮, ૧૮, ૧૯, ૨૦; બ્રહ્મપુરાણ અ. ૧૯.

એ પાતાળો પૃથ્વીની નીચે છે. મારી માન્યતા એવી છે કે એ સાતે પાતાળો તે હિંદી મહાસાગર અને ઍટલાન્ટિક મહાસાગરમાં પુરાતન કાળમાં હયાતી ધરાવતા બેટો હતા, જે ધરતીકંપોની અસરથી દરિયામાં ડૂબી પૃથ્વીની નીચે ચાલ્યા ગયા. એટલે જ એવી માન્યતા ઊભી થઇ કે પાતાળો પૃથ્વીની નીચે છે. હિંદ અને પશ્ચિમ એશિયા અને પૂર્વ આફ્રિકાના પુરાતત્ત્વના એવા કેટલા યે કોયડા છે જેનું સમાધાન હિંદી મહાસાગરમાં પ્રાચીન કાળમાં મોટા બેટોની હયાતી માનવા વગર થતું નથી. પણ હવે જૉન મરેના સંશોધન દ્વારા આ વાત સાચી ઠરી ચૂકી છે. પાતાળ-તો ગુજરાતની નજીકમાં જ હતું. માંધાતાનો પુત્ર પુરુકુત્સ્થ મૌનેય ગંધર્વો અને નાગોનો વધ કરવા નર્મદા નદીના મુખને માર્ગે પાતાળ પહોંચ્યો હતો એમ પુરાણોમાં જણાવેલું છે. મિસરના સાહિત્યમાં પણ પંત દેશના નામે પાતાળની સચિત્ર હકીકત મળે છે.

આ સાત પાતાળોમાંના પહેલાનું નામ 'અતલ' લખેલું મળે છે. ઍટલાસના નામ ઉપરથી આફ્રિકાનો જે પર્વત હાલ પણ ઍટલાસ કહેવાય છે તેને આરબ લોકો 'અતલ' પર્વત કહે છે. એની પાસેના દરિયાનું પ્રાચીન અરબી નામ 'બહર-ઉલ-અતલ (અતલનો અખાત) હતું. આ આધારે પુરાણોનું પહેલું પાતાળ 'અતલ' તે ઍટલાન્ટિસ હોય એ બનવાજોગ છે. ઉત્તર અમેરિકાના પુરાતત્ત્વના કેટલા યે નિષ્ણાતો એમ માને છે કે મેક્સિકોની પ્રાગૈતિહાસિક 'મય' નામની પ્રજા ત્યાં ઍટલાન્ટિસમાંથી જઈ વસી હતી. પુરાણોમાં અતલ વિષે જણાવ્યું છે કે એમાં 'મય' દૈત્યના પુત્ર 'મહામય'નું રાજ્ય છે. જે ૯૬ પ્રકારની માયાઓ સરજે છે; અતલ સ્વર્ગથી યે વધુ સુંદર છે; મય દૈત્યે એમાં અનેક નગરો, મંદિરો અને ગોપુરોની રચના કરી છે.

આ પ્રમાણે અતલના નામથી ઍટલાન્ટિસ ખંડને લગતી કેટલી યે છૂટીછવાઇ હકીકત આપણાં પુરાણોમાં પણ મળી આવે છે અને જો એનું પદ્ધતિસરનું સંશોધન કરવામાં આવે તો જેવી રીતે આની હકીકત મિસર અને ગ્રીસના સાહિત્યમાં મળી આવે છે તેવી જ રીતે ઍટલાન્ટિકની તવારીખ ઉપર આપણા પ્રાચીન સાહિત્યમાંથી પણ ઘણો પ્રકાશ પડે તેમ છે, એટલું જ નહીં પણ એથી આપણાં પુરાણોનાં ભૌગોલિક વર્ણનોની સત્યતાની પણ પ્રતીતિ થાય છે.

અમૃત વ. પંડ્યા

Our Friends Abroad

૭૨૧૫ ટિલ્ડન સ્ટ્રીટ
પિટ્સબર્ગ (પેન્સિલવાનિયા, યુ.એસ.એ.)

પ્રિય ભાઇશ્રી અંતાણી — ઑગસ્ટ ૧૨, ૧૯૪૦

તમારો પત્ર મને ગઈ કાલે મળ્યો. ખરી વાત છે કે હિંદમાં પત્રમિત્ર મેળવવા હું ઇંતેજાર હતો. અમારા દેશના છોકરાઓના એક માસિકમાં કુમારતંત્રી શ્રી. રાવળનો એક લેખ થોડા વખત પહેલાં છપાયો હતો એ પરથી મેં તેમને જણાવ્યું હતું કે મને હિંદનો એક પત્રમિત્ર જોઇએ છે. તમે લખો છો તે પરથી લાગે છે કે તેમણે મારું નામ તેમના પત્રમાં પ્રસિદ્ધ કર્યું હશે.

હવે મારી પોતાની બાબત. હું અઢાર વર્ષનો, ઊંચો ઘેરા ભૂખરા વાળ અને આંખોવાળો તરુણ છું. ગયા જૂનમાં જ હું હાઇસ્કૂલમાંથી ગ્રૅજ્યુએટ બની નીકળ્યો છું અને તે પછીથી આજ સુધી સીમેંટ ફિનિશર તરીકે શાગિર્દ બની કામ કરૂં છું; અને ઘણા ભાગે આવતી વસંતઋતુમાં કોઇ યુનિવર્સિટીમાં જઈશ, જ્યાં સાંજના વર્ગોમાં બાંધકામ, અંદાજપત્ર અને મકાન સંબંધી બીજા જે વિષયો ઉપયોગી જણાશે તે શીખીશ. હું મારા જ ઉપયોગનાં મકાનોનો અંદાજ કાઢતાં પ્રથમ શીખીશ, બીજાનાં પછી. હાલ તો આવી અબળખા છે. મારા શૉખ થોડાક છે. ફુરસદે હજુ પણ હું વહાણો કે ઍરોપ્લેનોનાં મૉડેલો બનાવું છું. પરદેશનો પત્રવ્યવહાર તો મને બહુ જ ગમે છે. મેં ત્રણ વર્ષ પહેલાં દક્ષિણ મહાસાગરમાં વસતા એક જુદ્ધ સાથે પત્રવ્યવહાર શરૂ કર્યો અને ત્યાર પછી હું પત્રમિત્રો વધારતો જ રહ્યો છું.

હવે અમારા પિટ્સબર્ગનું વર્ણન આપું. અહીં દરેક વર્ગનાં મળી આશરે ૬૭૦,૦૦૦ માણસોની વસ્તી છે. શહેરનો વિસ્તાર ૫૦ ચોરસ માઈલનો છે. તેમાં ૫૬૧ દેવળો, ૧૩૯ એડ સ્કૂલો અને ૨૦ સિનિયર હાઈસ્કૂલો છે; ૫ કૉલેજ યુનિવર્સિટીઓ છે; ત્રણ ન્યૂસપેપરો છે. ૫ રેડિયો સ્ટેશન છે, એક શૉર્ટવેવ W8XK છે. અમારે ત્યાં લોખંડ પોલાદ અને કાચ મહાપ્રમાણમાં બને છે. ખરેખરૂં ઉદ્યોગનગર જો કોઈ હોય તો આ જ છે. પિટ્સબર્ગની એકેએક તો વાત હું કહી શકીશ; પણ તમને કંટાળો આવશે. હું તમને જ પ્રશ્નો ઉઠાવવા આમંત્રણ કરૂં છું. અમેરિકા વિષે તમને જે કંઇ અજાણ્યું હોય તે મને પૂછજો.

હું ટિકિટો તો સાચવતો નથી, પણ મને મળતો દરેક પત્ર તો હું સાચવું છું જ. તમે તમારા પત્ર પર જુદીજુદી કિંમતની ટીકીટો ચોડી છે તે માટે આભારી છું.

તમને વધુ પત્રો લખવાનો શોખ છે તો હું એક પરદેશનું બીજું સરનામું મોકલું છું. તમે લખેલો કાગળ ભલે પહેલો જ હશે, છતાં હું કબૂલ કરૂં છું કે મને મળેલા બીજા અનેક પત્રો કરતાં તેમાં વધુ લિજ્જત હતી.

મારો સ્નેપશૉટ ફોટો મોકલી શક્યો નથી તે માટે લાચાર છું. તમે પૂર્ણ કુશળ હશો.

પિટ્સબર્ગમાંનો તમારો મિત્ર આલફ્રેડ નૉરો

મકન અને છગન

એક આનંદકથા



સવારના છ વાગ્યાને શુમારે સૂર્ય પૂર્વમાં લાલી પાથરતો હતો તે વેળા કાંકરીયા તળાવ પાસેનું એક મોટું આમલીનું ઝાડ ચિચિયારીઓ અને કૂદકાઓ-થી જાગી ઊઠ્યું. આગલી રાતથી તેની ડાળોમાં લપાઇ ગએલા વાંદરા ઊઠતા હતા. થોડી ક્ષણોમાં તો ડાળીએ-ડાળીએ પૂછડીઓ લટકવા માંડી અને એક ડાળીએથી બીજી ડાળીએ કૂદકા લેતા વાંદરાઓની ચિચિયારીઓ વાતાવરણને ભરી દેવા લાગી.

બેચાર ગુંજારો સાથે ટોળાનો વડીલ નીચે ઊતરી આવ્યો ને જમીન પર બે પગ વચ્ચે ખોળો બનાવી બેઠો. તેના હાથમાં નાનીનાની કૂંળી ડાળીઓ હતી. તેનાથી પોતાનું શરીર સાફ કર્યા પછી તેને સૂંઘીને તેણે ફેંકી દીધી. આજુબાજુ બેચાર ચપળ નજર નાખ્યા પછી ડાબા હાથની હથેલીની બાજુથી નાક ઘસી તેણે એક તીણી ચિચિયારી પાડી. થોડી વારમાં ટોળાના બધા સભ્યો તેની આસપાસ ગોઠવાઈ ગયા. બધા આવી ગયાની ખાંત્રી થઇ એટલે ઊડીને ઘરડી ભમરની છાજલી નીચેથી આજુબાજુ તીક્ષ્ણ નજર નાખતાં તેણે ચાલવા માંડ્યું. આખું ટોળું તેની પાછળ પાછળ જવા લાગ્યું.

આંબાવાડિયામાં આજે તેમણે જમણ રાખ્યું હતું અને તે માટે આગલા દિવસે જ ગઢેરાએ જાતે જઇ તપાસ કરી હતી.

જ્યારે બધા ચાલ્યા ગયા ત્યારે વાંદરાનાં બે નાનાં બચ્ચાં તેમની સંતાવાની જગ્યાએથી બહાર આવ્યાં. આપણે તેમને મકન અને છગન કહીશું.

મકન અને છગન બન્ને જોડિયા લાગતા હતા. બન્નેની ઉમર સરખી હતી—લગભગ છ મહિનાની, અને બન્નેનાં આકાર અને કદ પણ મળતાં આવતાં હતાં. તદ્દન સીધા ઊભા રહે ત્યારે તેમની ઊંચાઈ માંડ એક ફૂટ થતી. તેમનાં ગોળ, નાનકડાં, કુમાશભર્યાં માંખા પર ચકળવકળ ફરતી કાચના લખોટા જેવી તેમની આંખોમાં તોફાન અને કુતૂહલ ચમકતાં.


આગલે દિવસે તેઓ ટોળાની સાથે આજુબાજુના લત્તાઓમાં ભમ્યા હતા. અને ફોટોગ્રાફીનો સ્ટુડિયો, હૉટેલ, પોસ્ટઑફિસ એવીએવી કેટલીયે અજાયબી-ઓથી ભરેલી ચીજો દૂરથી જોઇ હતી, પરંતુ વડીલોની ધાકે તેમની પાસે જઇને એ બધું નીરખવાની છૂટ ન લેવાઈ. એટલી મુસાફરી દરમિયાન તેમની ખાતરી થઈ ગઈ કે વડીલોની હાજરીમાં તેમને કશું જોવાજાણવાનું નહિ મળે અને એટલે તેમણે ટોળાની નજર ચૂકવી પલાયન કરી જવાનો નિશ્ચય કર્યો. આજે સવારે એવી તક મળતાં મકન ગરનાળામાં સંતાઇ ગયો અને છગને ઝાડની બખોલમાં આશ્રય લીધો.

બધા ગયા પછી બન્ને જણ સંતાવાની જગ્યાએથી બહાર નીકળ્યા અને આનંદની ચિચિયારીઓ કરતા, રસ્તો, બંગલાઓ મોટરો વગેરે જોતા એક મોટી દીવાલ ઉપર દોડવા લાગ્યા. થોડે દૂર જતાં ફોટોગ્રાફરના સ્ટુડિયો તરફ તેમનું ધ્યાન ગયું અને બન્ને જણા તેથી આકર્ષાયા. દીવાલ પરથી ઠેકડો મારી, રસ્તો ઓળંગી બન્ને સ્ટુડિયોના બારણે આવી ઊભા. આજુબાજુ કોઇ છે કે નહિ તે જોવા નજર ફેંકી બન્ને જણા 'શો રૂમ'ના પ્રદર્શનમાં પેઠા. ત્યાં પડેલી એક ઘોડી ઉપર મકન ચડી ગયો અને પૂંઠા ઉપર ગોઠવેલા ફોટાઓને નીચે ઝૂકી જોવા લાગ્યો. એક ફોટો લઇ તેણે નાક આગળ ધર્યો અને લીસું લાગવાથી નાક સાથે ઘસી તેના બે ટુકડા કરી નાખ્યા. બીજા એક ફોટોના પહેલેથી જ બે ટુકડા કરી સૂંઘીને તેણે નીચે ઠેકડો માર્યો અને ઝનૂનથી ફોટાને જમીન સાથે ઘસવા લાગ્યો. પરંતુ એમાંથી કાંઇ નવીન ન નીકળતાં તે ફેંકી દઈ છગનની શોધમાં નીકળી પડ્યો.

છગન એક બીજા ઓરડામાં કોઈ એક વાંદરાની સામે બેઠો હતો. મકનને પહેલાં તો પૂંઠ ફેરવી નાસી જવાનું મન થયું, પણ જ્યારે તેણે જોયું કે છગન સામા વાંદરા સાથે મિત્રભાવે વર્તતો હતો ત્યારે તે સાવચેતીથી ઓરડામાં ગયો. જેવો તે આગળ જવા

ચિત્રકાર • રવિશંકર પંડિત

લાગ્યો તેવો જ—તેની અજાયબી વચ્ચે એક બીજો વાંદરો તેની સામે આવવા લાગ્યો. જ્યારે સામો વાંદરો પાસે આવ્યો ત્યારે તેણે દાંતિયાં કર્યાં. સામાએ પણ સામાં દાંતિયાં કર્યાં. મકનને લાગ્યું કે એ ઓરડામાં રહેવું સલામત નહોતું, એટલે તે બીજા ઓરડામાં નાસી ગયો. ફરી છાનામાના આવી તેણે છગનવાળા ઓરડામાં



ડોકિયું કર્યું ત્યારે સામેથી પણ એ વાંદરાએ ડોકિયું કર્યું. છગન પણ તેના મિત્ર સામે ચાળા કરતો હતો. મકનને હવે ખાતરી થઇ કે સામા વાંદરા દુશ્મનો નહિ પણ મિત્રો હતા અને તેમની સાથે રમવા માગતા હતા. આ જ્ઞાન થયું એટલે તેનામાં હિંમત આવી અને તે દોસ્તી કરવા સામા વાંદરા પાસે ગયો. પણ તેને લાગ્યું કે તે પોતાના મિત્રને ખેંચી તેની સાથે ગળોટિયાં ખાઈ શકે તેમ નહોતું. આથી તેનો રોષ એકદમ વધી ગયો. અને તેણે મુક્કાબાજી શરૂ કરી દીધી. પણ થોડી જ ક્ષણોમાં તેની ખાતરી થઇ ગઇ કે આ જાતનું દ્વંદ્વ દુશ્મનને નહિ પણ પોતાને જ નુકસાનકારક છે, એટલે દયાભાવે પ્રતિસ્પર્ધીને જતો કરી તે બહાર નીકળવા લાગ્યો. એટલામાં સ્ટુડિયોના કામદારો આવ્યા અને બન્નેને તગડી મૂક્યા.

સ્ટુડિયો છોડચા પછી બન્ને જણા 'પોસ્ટઑફિસ'-ના છાપરા ઉપર આરામ કરવા બેઠા. છાપરા પર એકએ ચક્કર લગાવ્યા ત્યાં તો બા-બારિયાએ તેમનું ધ્યાન દોર્યું અને મકન તથા છગન ટીંગાતા દોરડા વાટે સરકસના ખેલાડીની જેમ નીચે સરક્યા. નીચે ઊતર્યા પછી તેમના આનંદનો પાર ન રહ્યો, કારણ કે ત્યાં કેટલી યે નવીનવી અને કુતૂહલપ્રેરક ચીજો હતી. પરંતુ તરત જ તેમને નિરાશ થવું પડચું, કારણકે વચ્ચે પડેલાં ટેબલો, ખુરશીઓ, વગેરે તેમને છૂટથી હરવા ફરવા દે તેમ ન હતું. એ સમય 'ડીલીવરી'નો હોવાથી ગીરદી પણ ઘણી હતી. પણ એથી કાંઇ મકન કે છગન બી જાય એમ ન હતું. તેમણે તો સ્વૈરવિહારીની જેમ એક ટેબલ પરથી બીજા ટેબલ પર એમ ફરવા માંડયું. તરત જ બન્ને બધાના ધ્યાનનું કેન્દ્ર બની ગયા અને માણસોનું એક ટોળું તેમને હાંકી કાઢવા લાગ્યું. પોસ્ટઑફિસનું કામ બંધ પડી ગયું અને બધા આ બે આંગતુકોને કાઢવા મથવા લાગ્યા. એ દરમિયાન બન્નેએ ત્રણ શાહીના ખડિયા ઢોળી નાખ્યા, કાગળોના થોકડાઓ વિખેરી નાખ્યા અને ગુંદરથી કેટલાં યે ટેબલ-ખુરશી ચીકણાં કર્યાં.




છગને તો વ્યવસ્થિત ગોઠવેલા ટપાલના કાગળોને સેળભેળ કરી નાખ્યા અને એક ટપાલીના પગે ઉઝરડા પાડી દીધા. જાડા કાચના ચશ્મા પહેરેલા એક કારકુનને મકને તેના ટેબલ ઉપર ભૂસકો મારી ગભરાવ્યો. છગનને તારના ટકટકાટમાં કાંઈક રહસ્ય લાગ્યું, એટલે એ એની ઉપર જઇને પડચો અને આખી લાઇનમાં ગભરાટ ફેલાવે તેવો સંદેશો મોકલી દીધો ! આ પ્રમાણે આખી પોસ્ટઑફિસમાં ધમસાણ મચાવી બે ત્રણ જોડાનો માર ખાઈ બન્ને આઝાદ બિરાદરો બહાર નીકળ્યા.

બહાર નીકળ્યા પછી તેમણે છાપરા ઉપર ચાલવાની નીતિ અખત્યાર કરવાનું નક્કી કર્યું, કારણકે રસ્તા ઉપર એમને વધુ જોખમ લાગ્યું. પરંતુ કેટલી યે અજાયબી તથા વૈવિધ્યભરેલી ચીજોનો સ્પર્શાનુભવ કરવાનો લોભ તેમનાથી તજાતો નહિ તેથી ઘણી વખત એમના નિર્ણયમાં સ્ખલન થતું અને બન્ને પાછા ફુટપાથ કે રસ્તા ઉપર આવી પહોંચતા. આ રીતે તેમણે અરધો દિવસ પસાર કર્યો. પરંતુ એ દરમિયાન તેમણે પાટિયાં

પર લગાવેલી સીનેમાની જાહેર ખબરો ફાડી નાખી; 'ટારઝન'ની સાથે ઝાડ ઉપર લટકાવેલા પોતાના જાતભાઇનું અપમાન સહન ન થઇ શકવાથી, કોહી ગએલા દાડમના દાણા જેવા દાંતવાળી એક દાડમ વેચતી ડોશીને ખીજવી; એક ઘોડાને રસ્તા વચ્ચે નાચતો કર્યો અને વાહનવ્યવહાર અટકાવી પોલિસનું માથું તેને હાથે ખંજવાળાવ્યું. આવાં તો કેટલાં યે પરાક્રમો તેમણે



કરી નાખ્યાં. પરંતુ આથી ન ધરાયા હોય તેમ ભેંશ પર સ્વારી પણ કરી. જ્યારે તેમણે ભેંશને કાને લટકી હીંચકવાનો પ્રયોગ શરૂ કર્યો ત્યારે ભેંશે તેમને નીચે ફેંકી દીધા. આથી ભેંશને નાપાક પ્રાણી ગણી પડખે ઊભેલા એક ગધેડાની પૂંછડીએ તે વળગ્યા. પરંતુ જ્યારે તેઓ ગધેડાની એક લાતે દસ ફીટ દૂર ઊછળી



પડ્યા ત્યારે તેમને લાગ્યું કે પ્રાણીસૃષ્ટિમાં ગધેડો એ સૌથી ક્રૂર અને ભયંકર પ્રાણી હોવું જોઇએ અને તેની પાસે ફરી ન આવવાનો તેમણે ઠરાવ કર્યો.

આમ આગળ ચાલતાંચાલતાં તેમની રમૂજોથી ખુશખુશ થઈ ગએલા એક છોકરા પાસેથી ત્રણ પાઈના દાળિયા પણ તેમણે ખાધા પણ એવામાં એક દરજીના સંચામાં તેઓ અટવાઈ જતાં એ ઓકાઇ પણ ગયા.

પણ હવે તેમની મુસાફરી સ્વૈરવિહારીની જેમ નહોતી થતી. હવે તો તેમને પાંચથી પંદર વર્ષ વચ્ચેનાં છોકરાંઓનાં ટોળાંનો સાથ મળ્યો હતો. બધાને ફરજ ભૂલાવતા સારંગીવાળા જેવા મકન અને છગન ટોળાના આનંદ અને ભેટને પાત્ર બનતા છાપરા ઉપર ચાલ્યા જતા હતા.

એક કલાકમાં તેઓ જાહેર હિત અને સલામતીને જોખમકારક ગુન્હેગારો તરીકે જાહેર થયા અને પોલિસ તેમની ચાંપતી તપાસ લેતી તેમની પાછળ પડી. પરંતુ મકન કે છગન કોઇને આ વાતની માહિતી ન હોવાથી તેમણે તો પોતાનું નિરીક્ષણ ચાલુ રાખ્યું.

એક ઝવેરીની દુકાનમાં પેસતાં તેમની આંખો પ્રકાશથી ચમકી ઊઠી અને ત્યાંનાં ચમકતાં રમકડે રમવાનું મન થઇ આવ્યું. બે ક્ષણમાં બધું ખેરવિખેર કરી બન્ને બહાર નીકળ્યા ત્યારે છગનના હાથમાં એક હીરાની બંગડી હતી. આ બંગડી તેને જાજમ પાસેની પેટીમાંથી મળેલી. તે લઇ પહેલાં છગને સૂંઘી જોઇ, બેચાર બટકાં પણ ભરી જોયાં, પરંતુ કાંઇ ખાવાની વસ્તુ ન લાગી. છતાં એનો ચમકાટ જ છગનને ખૂબ ગમી ગએલો, એટલે બીજું બધું પડતું મૂકી તેણે આ બંગડી જ ઉપાડી. મકનને આ બધી ઝગારા મારતી ચીજોમાં સાકર જેવું કોઇ તત્ત્વ ન જણાયું એટલે તેણે કશો મોહ કર્યો જ નહિ. ગ્રાહક જેટલી જ સરળતાથી બંને જણ દુકાનની બહાર નીકળ્યા અને સામેના ઝાડ ઉપર ચડી ગયા. આ બનાવથી તો ઝવેરીને પોતાનું મગજ ખરડા પરથી ઊતરી પાનીમાં થઈ ભોંયમાં કોતરી જતું લાગ્યું. થોડા વખત પછી જ્યારે તેને સ્હેજ ભાન આવ્યું ત્યારે તેણે આંસુના આશરા તજી સર્વસ્વ લૂંટાઈ ગયાની પોક મૂકી. આ પોક સાંભળી પહેલાં કુતૂહલથી અને પછી સહાનુભૂતિ બતાવવા એક ટોળું તેની દુકાન પાસે ભેગું થઇ ગયું. ટોળાના શોરબકોરમાં ઝવેરીનું આક્રંદ શમી ગયું અને 'શું ચોરાયું?' અને 'કેમ ચોરાયું?'ની તરેહતરેહની અટકળો એકનું મોઢું બીજાના કાનને કહેતું ગયું. 'અરે ભાઇ! વાંદરાઓના ટોળાએ દુકાન ઉપર આક્રમણ કર્યું અને હીરાની પેટી ચોરી ગયું.' એક ભાઇએ છાપામાંથી તાજેતરમાં જ શીખેલા શબ્દનો ઉપયોગ કરતાં અનુમાન બાંધ્યું. બીજાએ થોડા દિવસ અગાઉ જ બળેવને દિવસે પહેરેલી જનોઇના સોગન

ખાતાં કહ્યું કે તેણે એક ગોરીલાને દુકાનમાં પેસતાં જોએલો અને પછી એ ઝવેરી સાથે લડી સોનારૂપાની બંગડીઓ લઇ ગયો. આ જાતના મંતવ્ય ઉપર સુધારો લાવતાં એક ભાઈએ કહ્યું કે ગોરિલો કોઇ બદમાશોની ટોળકીની માલિકીનો હતો અને એ સોનેરી ટોળીએ તેને લૂંટવાની પદ્ધતિસર તાલીમ આપી હતી! પરંતુ આ ઉત્સાહને ઠંડો કરી નાખતાં એક છોકરાએ ઝાડ તરફ આંગળી કરી કહ્યું 'એય! પણે તો જુઓ!' ઝાડ ઉપર મકન ને છગન બેઠા હતા. છગન હજી કોઈ સ્વાદ-શાસ્ત્રીની ધીરજથી બંગડીનો સ્વાદ ચાખવા મથતો હતો.

કોઈ એક શૂરવીરે ઝાડ ઉપર ચડવાનો પ્રયત્ન કર્યો, પરંતુ ત્યાં તો છગન ઠેકડો મારી છાપરા ઉપર પડ્યો. મકન પણ એની પાછળ કૂદ્યો. માનવજાતના તેમણે કેટલા દાળિયાબાર ગુના કર્યાં હશે કે બધા એમની પાછળ પડ્યા છે, એ વિચાર કરતો મકન આ બધો શોરબકોર અને પોલિસની સીસોટીનો અર્થ સમજી શક્યો નહિ. પણ વગરવિચાર્યે એ છગનની પાછળ પાછળ એકથી બીજા છાપરે કૂદ્યે જતો હતો. નીચે રસ્તા ઉપર ઉશ્કેરાએલું ટોળું બૂમો ને કિકિયારીઓ કરતું દોડ્યું જતું હતું

એકાએક મકને છગનની તીણી ચીસ સાંભળી અને તેને હવામાં અદ્ધર ગુંલાંટ ખાઇ નીચે દુકાનના પડદા પર પડતો જોયો. મકનને લાગેલા આ આઘાતની અસર દૂર થાય તે પહેલાં જ છગન દુકાનના પડદા સાથે ટોળા વચ્ચે જઈ પડ્યો અને માનવસમુદાયમાં અદૃશ્ય થઇ ગયો. મકનને નીચે ઊતરી શું થયું તે જોવાનો પણ વખત ન રહ્યો.

એક પોલિસે છગનના હાથમાંથી હીરાની બંગડી લઈ લીધી અને બૂમો પાડી: 'અરે ભાઈ! કોઈ પાણી લાવો પાણી. આ બચ્ચું મરી જાય છે મરી.'

"બચાડા જીવને મારવો એ પાપ કહેવાય હોં?" ટોળામાંથી કોઇ જૈન શેઠ બોલ્યા.

'અરે! પણ મેં એને મારી નથી નાખ્યું. ગલોલમાં મેં તો કાગળની ગોળી જ વાપરેલી.' પોલિસે પોતાનો બચાવ કર્યો.

મકન આ દરમિયાન છગન પાસે પહોંચવા ખૂબ પ્રયત્ન કરી રહ્યો હતો. હવે તે મરણિયો થયો હતો. મનુષ્યોની બીક તેણે છોડી દીધી હતી. તે પડખેના છાપરે ચડ્યો અને તેની કિનાર ઉપરથી તેણે ટોળા વચ્ચે ભૂસકો માર્યો અને ભાનમાં આવેલા છગનનો હાથ પકડી તેને ટોળામાંથી બહાર ખેંચી ગયો. ટોળાને વાંદરાની આ હિંમત જોઇ નવાઇ લાગી અને છોકરાઓ આનંદથી બૂમો પાડવા લાગ્યા. થોડા વખતમાં મકન અને છગનના ખોળામાં મેવા, મિઠાઇ, જમરૂખ, કેળાં વગેરે ઉપયોગી અને સ્વાદિષ્ટ ચીજોના ઢગલા થઈ ગયા. બન્ને જણા માનવીએ દીધેલું દુઃખ ભૂલી ગયા અને હરખમાં આવી જઇ પેટ ભરવા લાગ્યા. બન્નેનાં ગલોફાંમાં પણ કેટલું યે ભરાઇ ગયું. આ રીતે પેટ ભરી બન્નેએ ટોળા વચ્ચેથી દોટ મૂકી અને પાસેના ઝાડ ઉપર સડસડાટ ચડી ગયા; અને પછી ફરતાફરતા કાંકરિયા પરની આમલી ઉપર આવી પહોંચ્યા ત્યારે બીજા બધા આંબાવાડિયા-માંથી પાછા આવી ગયા હતા.

મકન અને છગનને જોઇ બધા આનંદની કિકિયારી-ઓ કરતા તેમની આસપાસ ભેગા થઈ ગયા અને તેમની પૂંછડી, પગ, હાથ, કાન, બધું ખેંચી કેટલા યે



પ્રશ્નો પૂછ્યા. મકન અને છગને રસથી તેમનાં પરાક્રમો કહ્યાં, પરંતુ વડીલોને આ સ્વચ્છંદતા ગમી નહિ એટલે નાસી જવાની શિક્ષા તરીકે તેમને ઝાડની નીચે રાખવામાં આવ્યા. મકન છગનને હવે ભાન થયું કે એકલા એકલા રખડવા ચાલ્યા જવું એ કલ્પના કરવા જેટલું સહેલું અને આનંદદાયક નથી.

(અંગ્રેજીને આધારે) **જનાર્દન રાવળ**

તપાસેલી નોટબુક શિક્ષકે વિદ્યાર્થીને પાછી આપતાં તે પર લાંબો શેરો મારેલો તેણે જોયો. એ ઉકેલી ન શકાતાં એણે શિક્ષકને પૂછી જોયું: 'સાહેબ, આ શેરો શાનો મારેલો છે?'

'અક્ષરો સુવાચ્ય લખવાની સૂચનાનો!'

પંચતંત્રની વાર્તાઓ

આ સાંભળી શિયાળ કોપ કરીને બોલ્યો : 'મૃગનું આપને પ્રથમ દર્શન થયું ત્યારે આપનાં કુલશીલ એ કયાં જાણતા હતા? છતાં આપની સાથે એનો સ્નેહ ઉત્તરોત્તર કેમ વધે છે? આગંતુક છતાં પરમ ઉપકારી વીરવરની આખ્યાયિકા તમે નથી સાંભળી?' મૃગ કહે, 'એ કેમ?' શિયાળ કહે :

કથા ૪

(હિતોપદેશની)

શૂદ્રક રાજાના રાજદ્વાર આગળ વીરવર નામે મહારાજપુત્ર કોક દેશથી આવ્યો અને પ્રતીહારને કહ્યું, 'હું રાજપુત્ર છું ને નોકરી શોધું છું, એટલે મને રાજ-દર્શન કરાવો.' પ્રતીહાર એને રાજા આગળ લઈ ગયો, ત્યાં એણે કહ્યું : 'દેવ, મારી સેવાનું પ્રયોજન હોય તો મને જીવાઈ બાંધી આપો.' શૂદ્રક કહે, 'તમારી વરત શું છે?' વીરવર બોલ્યો, 'મને એક દિવસના પાંચસો સોનૈયા આપો.' રાજા કહે, 'તારી આગળ સામગ્રીમાં શું છે?' 'બે બાહુ ને ત્રીજી તલવાર.' રાજા કહે, 'એ તો શક્ય નથી.' એ સાંભળીને વીરવર ચાલતો થયો, ત્યાં મન્ત્રીઓ કહે, 'દેવ, ચાર દિનની વરત આપીને આનું સ્વરૂપ જાણી લઇએ કે કાંઇ ઉપયોગી થાય છે કે નહિ.' મન્ત્રીના કહેવાથી રાજાએ વીરવરને બોલાવી તામ્બૂલ તથા ૫૦૦ સોનૈયા દીધાં. એમાંથી અર્ધા વીરવરે દેવ તથા બ્રાહ્મણને આપ્યા, વધ્યું એનું અર્ધું દુ:ખિયાંને દીધું અને અવશિષ્ટ રહ્યું એમાંથી ભોજનવિલાસ ઉકેલ્યાં. આમ નિત્યકર્મ કરીને વીરવર રાજદ્વાર આગળ રાતદિન ઉઘાડી તલવારે ઊભતો, અને રાજા પોતે આદેશ આપે ત્યારે ઘેર જાતો.

એકદાણ કૃષ્ણચતુર્દશીની રાતે રાજાએ રોણાનો ધ્વનિ સાંભળ્યો, એટલે કહે, 'કોઈ બાર આગળ છે કે?' એણે કહ્યું, 'દેવ, આ હું વીરવર છું.' રાજા કહે,



'કોણ રુએ છે તે જુઓ.' 'જેવી આજ્ઞા' કરીને વીરવર ચાલ્યો. રાજાને થયું, કે 'આવા સોઇએ વીંધાય એવા અંધકારમાં આ રાજપુત્રને એકલો મોકલ્યો તે ઉચિત ન થયું, એટલે વાંસે જાઉં અને જોઉં કે શું છે.' એટલે રાજા પણ ખડ્ગ લઈ ને એની પાછળ નગર બહાર નીકળ્યો. વીરવરે જોયું તો એક રૂપયૌવનસંપન્ન સર્વાલંકારભૂષિત સ્ત્રી રોતી હતી. એણે પૂછ્યું, 'તમે કોણ છો ને કેમ રુઓ છો?' સ્ત્રી કહે, 'હું આ શૂદ્રકની રાજલક્ષ્મી છું. ચિરકાળથી એના બાહુની છાયામાં મેં વિશ્રામ લીધો છે, પણ હું હવે બીજે જાઉં છું.' વીરવરે કહ્યું, 'તમે અહિં જ રહો એવો કાંઇ ઉપાય છે?' લક્ષ્મી બોલી, 'જો તું તારા બત્રીશલક્ષણા પુત્ર શક્તિધરને ભગવતી સર્વમંગલા આગળ ધરી દે તો હું પાછી અહિં સુચિર રહું.' એમ કહેતીક ને એ અદૃશ્ય થઈ ગઈ.

વીરવરે ઘેર જઇને નિદ્રાધીન વહૂ તથા દીકરાને જગાડ્યાં, અને લક્ષ્મીલચનની વાત કરી. તે સાંભળીને શક્તિધર કહે, 'સ્વામીના રાજ્યની રક્ષા સારુ મારો ઉપયોગ થાય તો તો મારા જેવો ધન્ય કોણ? હવે વિલંબ શું કામ કરવો? કેમ કે

ધનજીવન આનન્દે પરાર્થે પ્રાજ્ઞ છોડતો।
સન્નિમિત્તે કરો ત્યાગ નાશ એનો અવશ્ય છે॥
હિ૦૩-૧૦૦

શક્તિધરની માએ પણ સંમતિ આપી, ને બધાં દેવીને સ્થાનકે ગયાં. ત્યાં પૂજા કરીને વીરવર કહે, 'દેવિ, પ્રસન્ન થાઓ, ને આ નિવેદનો સ્વીકાર કરો. શૂદ્રક મહારાજનો વિજય થાઓ.' એમ કહીને તેણે પુત્રનો શિરચ્છેદ કર્યો. પછી વીરવર કહે, 'રાજાનું લૂણ ખાધું છે તે પ્રમાણ થઈ ગયું. હવે અપુત્ર દશામાં જીવીને શું કરવું?' એમ વિચારીને એણે પોતાનું માથું કાપી દેવી આગળ ધર્યું. પછી સ્ત્રીએ પણ સ્વામીને પુત્રના શોકથી એમ જ કર્યું.

આ જોઇને રાજાએ આશ્ચર્યચકિત થઈને કહ્યું:

જીવે છે ને મરે છે યે હુંસમા ક્ષુદ્ર જન્તુઓ।
આના જેવો જીવલોકે ન ભૂતો ન ભવિષ્યતિ॥૧૦૧॥

હવે મારે રાજ્યનું પણ શું પ્રયોજન છે? એમ કહીને પોતાનું માથું કાપવા ખડ્ગ ઉગામે છે, ત્યાં દેવીએ એનો હાથ ઝાલ્યો ને કહ્યું, 'પુત્ર, હું તારા ઉપર પ્રસન્ન છું. સાહસ રહેવા દે. તારું રાજ્ય અમર તપશે.' સાષ્ટાંગ પ્રણામ કરીને રાજા કહે, 'દેવિ, મારે રાજ્યને કે જીવને યે શું કરવો છે? જો મારા ઉપર તમને અનુકંપા હોય તો મારું બાકીનું આયુષ લઈ ને સ્ત્રીપુત્ર સહિત વીરવરને સજીવન કરો, નહિ તો જે એની દશા એ મારી દશા.' દેવી કહે, 'વત્સ, હું તારા સેવકવાત્સલ્યથી તૂઠી છું. જા, એ સપરિવાર જીવશે.' એમ કહીને દેવી અલોપ થઈ. પછી વીરવર વહૂદીકરા સહિત ઘેર ગયો. એ ન દેખે એમ રાજા પણ અંતઃપુરમાં ગયો.

પ્રભાતે દ્વારસ્થ વીરવરને ભૂપાળે પૂછ્યું તો કહે, 'દેવ, રોનારી મને જોઈને અદૃશ્ય થઈ ગઈ. બીજી કાંઇ વાત નથી.' એ સાંભળીને રાજા કહે, 'દાનીએ પ્રિય વચન બોલવું, શૂરાએ બડાઈ ન મારવી, દાતાએ અપાત્રે ન વર્ષવું, એમ કહે છે, આ મહાપુરુષલક્ષણ બધું આનામાં છે.' એમ કરીને એણે સવારે શિષ્ટસભા બોલાવી, વીરવરનો વૃત્તાન્ત કહ્યો અને એને કર્ણાટકનું રાજ્ય દીધું.

(ચાલુ) **દેસાઇ વાલજી ગોવિન્દજી**

અથાણું

'આ તમારો શાંતિ કેટલા વરસનો થયો?'

'પાંચનો'.

'તો તો નિશાળે જતો હશે.'

'ના ના, નિશાળે જઈને શું કરે? કંઈ લખતાં વાંચતાં તો આવડતું નથી!'

બાપા: મેં તને પહેલેથી જ કહ્યું હતું કે પરીક્ષામાં પાસ થઈશ તો મોટર આણીશ, છતાં તું પાસ ન થયો; તે એટલો વખત શું કેરતો હતો?

બેટા: મોટર હાંકતાં શીખતો હતો, બાપા!

'તમારો છોકરો ખરાબ સોબતમાં છેક હાથથી જવા બેઠો છે. એને જરા સમજાવતા હો તો?'

'મારી તો જીભના કૂચા વળી ગયા. મારું માને તો ને? મૂર્ખાઓનું જ માને છે તમે એને નહિ સમજાવો?'

એણે મને આજે કહ્યું, 'હું પચીસ રૂપિયા કમાયો.'

'હેં? મને કાલે કહ્યું'તું કે એ પચાસ રૂપિયા કમાયો હતો.'

'તો મારા કરતાં તને એ બમણો મૂરખ માનતો હશે.'

પ્રોફેસર: કેટલા વાગ્યા?

એક વિદ્યાર્થી: પાંચ મિનિટ પછી નવ થશે.

પ્રોફેસર: પણ હું તો અત્યારે કેટલા વાગ્યા એ પૂછું છું.

સંસારનાં શહેરો

૧૭—શિકાગો

જગતનાં અદ્‌ભુત તેમજ આશ્ચર્યકારક નગરોમાંના એક આ અમેરિકન શહેર શિકાગોનું આછું ગ્રામસ્વરૂપ નજરે જોનારા હજુ પણ કોઇ રડચાખડયા મળી આવે, એટલું એ નવું છે; છતાં આજે તો એ દુનિયાનું ચોથા નંબરનું વિપુલ અને ત્રીજા નંબરનું સમૃદ્ધિશાળી નગર બની રહ્યું છે.

પશ્ચિમ ગોળાર્ધની ઘણીખરી ધાર્મિક, શૈક્ષણિક ને સુધારક પ્રવૃત્તિઓનું જન્મસ્થાન શિકાગો છે. એનાં ઔદાર્ય ને પરોપકાર જગજાણીતાં છે. એના વેપારવાણિજ્યે દુનિયાના દૂર દૂરના ખૂણા સુધી હાથ પહોંચાડયો છે. આ ઊજળી બાજુ સાથે એની કાળી બાજુ પણ છે, અને તે એ કે જગતના કોઇ પણ ભાગ કરતાં વધુમાં વધુ ગુનાખોરો ત્યાં વસે છે. એ (ગૅંગ્સ્ટર્સ)ની ટોળીઓ ને ટોળીઓ પોતાની પ્રવૃત્તિ દરમિયાન ક્યારેક પોતપોતામાં તો ક્યારેક પોલીસ સામે બૉંબ, મશીનગન ને ઝેરી વાયુ વડે મોરચા માંડે છે.

મિશિગન સરોવરની નૈઋત્યે પ્રેરીના મહાન વિસ્તારની કંધારે ભેજવાળી જમીન પર આવેલા એ સ્થાને ગોરી વસાહત કરવા દેવાની પ્રથમ મંજૂરી એક બ્રિટિશ અફસરે ત્યાંના લાલ નિવાસીઓ પાસેથી મેળવેલી. અમેરિકાના સ્વાતંત્ર્યયુદ્ધ પછી ૧૮૦૪માં ત્યાં ફૉર્ટ ડીઅરબૉર્નનો કિલ્લો બાંધવામાં આવ્યો. થોડા ઘણા વેપારીઓ ત્યાંના મૂળ નિવાસીઓ જોડે વેપાર કરવા ત્યાં આવી વસ્યા ને શિકારસફરીઓ પણ અવારનવાર મુલાકાતે આવતા ગયા. ઈ. ૧૮૨૯માં પહેલવહેલું ગોરું ફરજંદ શિકાગોમાં જન્મ્યું.

એની પશ્ચિમ પારના પ્રદેશો સાથે વેપાર કરવા માટે શિકાગો ખૂબ અનુકૂળ કેન્દ્ર જણાયું ને તેનો વિકાસ થતો ગયો. પહેલવહેલાં બધાં મકાન લાકડાંનાં જ બંધાએલાં; પાકાં તો પાછળથી. ૧૮૪૮માં તેનો પહેલો રેલવે માર્ગ ખુલ્લો મુકાયો અને એ પછી શિકાગોએ સાધેલા વિકાસ સાથે એ રેલવેએ પણ એટલો વિકાસ સાધ્યો છે કે આજે જગતનું તે મોટામાં મોટું રેલવેકેન્દ્ર બની ગયું છે. દૂરદૂરની મજલ ખેડતી ૩૦૦ જેટલી પૅસેન્જર ટ્રેઇનો ત્યાં આવ્યે જાય છે અને માલગાડીઓનો તો પાર જ નથી. અને મિશિગન સરોવર તથા સેન્ટ લૉરેન્સ નદીની સહાયે એનાં જહાજો પણ જગતની એકેએક દિશામાં સંચરે છે.

એનું કાષ્ઠમય માળખું તો ૧૮૭૧માં લાગેલી તેની મહાન આગમાં ભસ્મીભૂત થઇ ગએલું. પૂરજોશ ફુંકાતા પવને સારા શહેરમાં એ આગ ફેલાવી દીધી હતી. ચોવીસ કલાકની એ આગમાં ૨૫૦ જિંદગીઓ ખલાસ થઇને લાખો ઇન્સાનો તનહા બની ચૂક્યાં. આધુનિક કાળનો એ જબરામાં જબરો આતંક હતો. એને પરિણામે થએલી તારાજીમાં સહાય રૂપે યુનાઇટેડ સ્ટેટ્સ તેમજ આખી દુનિયામાંથી ત્યાં મદદ પહોંચવા લાગી. દસ લાખ પૌંડ રોકડા તથા બીજી સાધનસામગ્રી શિકાગોના પુનર્નિર્માણ અર્થે પૂરી પાડવામાં આવી. એની રાષ્ટ્રીય પુસ્તકશાળાની પુનર્રચના માટે જગતભરના લેખકોએ પોતાનાં પુસ્તકો ભેટ આપ્યાં, ને બાકીનાં સંખીદિલોએ પૂરાં પાડયાં. પરંતુ એ જ્ઞાનોપહારના અરસામાં ભાગ્યે જ કોઇને ખ્યાલ હશે કે એ શુભેચ્છાના સ્વીકાર બાદ અરધી સદી રહીને એ જ શિકાગોનો એક મેયર એવો પાકશે કે જે એ બધાં પુસ્તકોને બ્રિટિશ પ્રચારકાર્યનાં જાહેર કરી તેમનો નાશ કરી નાખશે.

આગ પછી નવનિર્મિત શિકાગોનો એટલો તો ઝડપી વિકાસ થયો કે ૨૦ વર્ષ પછી એની વસતિ દસ લાખ પર પહોંચી ગઈ. બીજાં દસ વર્ષ રહીને એ ૨૦ લાખે પહોંચી ને આજે ૩૦ લાખ ઉપર છે. ન્યૂ યૉર્ક જેવાં જ ગગનચુંબી મહાલયો ધરાવતા આ મહાનગરની વસતિ આવતા જ દાયકામાં કદાચ અરધા કરોડ પર પહોંચી જાય એવી બધી શક્યતાઓ છે.



ઉપર મિશિગન સરોવર અને નીચે શહેર વચ્ચે વહેતી નદીવાળું શિકાગોનું દૃશ્ય

ફોટોગ્રાફી

હરીફાઈનું પરિણામ

પહેલું ઇનામઃ 'વિસામો'–ડી. ડી. બારોટ (વડોદરા); બીજું ઇનામઃ 'રેંકડીવાળી'–મનુ પટેલ (સાંખેજ); ત્રીજું ઇનામઃ 'છબછબિયાં'–ભગવાનજી મિસ્ત્રી (અમદાવાદ).

૧૯૪૧ના આરંભ માટે આ વખતનાં ચિત્રો આશાસ્પદ લાગ્યાં છે. 'વિસામો' ચિત્ર, રેખાઓ અને છાયાપ્રકાશની ગોઠવણીનો સારો નમૂનો છે. ફોટોગ્રાફી પણ સ્વચ્છ છે. ઉલટી બાજુથી પ્રકાશ લીધા છતાં છાયામાંનો આકાર સુરેખ ઊઠે છે અને પ્રાણીલક્ષણો અચૂક પ્રકટ્યાં છે. આગલી જમીન યોગ્ય રીતે ભરી દેવામાં પડછાયાની સાર્થકતા થઈ જાય છે.

'રેંકડીવાળી'નું પાત્ર ઝડપવામાં ભાઇ મનુ પટેલે છાયાઓમાં ઉઠાવ આપે એવી ચાંપબારી (ડાયાફ્રામ) જાળવી ન હોત તો આ ચિત્ર સાવ નિષ્ફળ થાત. અકસ્માતે મળતા આવા પ્રસંગે ઘણા ચાંપની ભૂલો કરી ચિત્ર ગુમાવે છે. આવું ચિત્ર પાત્રનિરૂપણ માટે અચ્છો નમૂનો ગણાય.

'છબછબિયાં'ના પાડનારથી પાણીને બરોબર ઉઠાવ અપાયો નથી. હાથ પડતાં છાંટા ઊડતા બતાવ્યા હોત તો તેની સફળ અસર થાત. બીજી રીતે ફોટોગ્રાફી સફળ છે, પણ દશ્યરચના બરોબર કરી શકાઈ નથી. નામ આપ્યું ન હોય તો પ્રસંગ એકદમ સમજાય નહિ. નામ આપોઆપ બોલાઈ જાય એવી રીતે ચિત્ર થવું જોઈએ.

ગુમાવેલી તકો

'કુદરતી બક્ષિશ'–રાજેન્દ્રલાલ દવે (વલસાડ); 'જંગ'–ફિરોઝ એ સરકાર (સુરત); 'ડૂંડાં ફાલતાં'–મનુ પટેલ (સાંખેજ); 'મધુર હાસ્ય'–ફિરોઝ એ. સરકાર (સુરત); 'જીવનકળા'–જયંત મધવાણી (પૂના); સાઇકલના પ્રવાસી–બી. એમ. મિસ્ત્રી (અમદાવાદ).

'કુદરતી બક્ષિશ'માં ચિત્રના નામ પરથી તમે ચિત્ર શોધી નહિ શકો. પણ 'જળધોધ' કહું તો તરત તમારી આંખ પકડી પાડશે. આવું નયનરંજક દશ્ય અમેરિકા પાસે હોય તો ત્યાંથી અસંખ્ય દશ્યો ખેંચી લાવે. આ ચિત્ર લેનાર ભાઇએ ચિત્ર લેવાની જગ્યા બેશક સારી પસંદ કરી છે, પણ વિગતો સાચવવા માટેનું ડાયાફ્રામનું માપ અને ફોકસ મેળવી શકયા નથી, એટલે દૂર કે નજીકના આકારો ઝીણવટ વિનાના અને યોગ્ય ઉઠાવ વગરના રહી ગયા છે. આવા પ્રસંગે મુખ્ય આકર્ષણને બરોબર જાળવી બીજાઓનો ભોગ આપી દેવો જોઇએ.

'જંગ' એવું બીજું ચિત્ર છે કે જેમાં કૅમેરા વાપરનારે પોતાની તત્પરતા સાબિત કરી છે, પણ જંગના મહારથીઓને પાછા પાડી દેતાં સફેદ ધાબાં અને અતિ ઘેરી જમીન આકર્ષણને ઉડાડી દે છે. મોરચા મંડાયા છે, અને પહેલો ઘા કોણ મારે છે (કે બંને બાજુ એકીસાથે જ ઊડે છે) તે નક્કી કરતી પળ આવી ગઇ છે; પણ આવા ચિત્રની સફળતા માટે નેગેટિવ તેમજ પ્રિન્ટ ઉપર કેટલુંક રીટચિંગ (સમારકામ)થવું જોઈએ.

'ડૂંડાં ફાલતાં' નામ તો મેં આપ્યું છે. પાડનારને નામ અંગ્રેજીમાં આપવું પડયું છે તેનું કારણ સમજાતું નથી. સરસ ઝીણવટવાળી નેગેટિવ હાથ આવી હોવાં છતાં ચિત્ર માટે મર્યાદા પકડતાં આવડી નથી. એક જ નેગેટિવ પર બે જુદાં જુદાં ચિત્રો સમાયાં છે તે ચિત્ર પર આંકી બતાવેલી લીટી પરથી સ્પષ્ટ થશે. બંને સાથે રાખવાથી યોગ્ય ચિત્ર બંધાતું જ નથી. મનુભાઇ ફરીવાર બતાવ્યા પ્રમાણે પ્રયત્ન કરી જોશે તો વધારે અનુભવ મેળવશે.

'મધુર હાસ્ય'ના પાડનારમાં ચિત્રયોગ્ય પાત્ર સમજવાની શક્તિ છે ને સફળતા પર કાબુ પણ છે, છતાં છાયામાં ગએલા ચહેરાને આ પળે જોઇતો ઉઠાવ આપી શકેલા નથી. ગાલનો મનોરમ વળાંક બૅકગ્રાઉન્ડથી છૂટો પડી આવતો બતાવાયો હોત તો ઘણો ફેર પડી જાત. તે જ પ્રમાણે નાકનું ટેરવું વધુ જોરદાર પ્રકાશવર્તન (રિફ્લેકશન) માગે છે

'જીવનકળા' વળી ચિત્રના પ્રસંગને અનુગતું નામ લાગે છે. બુઢ્ઢો વણકર શાળ ઉપર દોરા ટાંકી બેસાડે છે એ વાત હું જણાવું નહિ તો તમે ચિત્રનું વસ્તુ તરત સમજી શકશો ? અને તે પણ એ નામને આધારે ? વળી ખરી વાત તો એ છે કે કૅમેરાને બધું જ લેવામાં રોકવો એ ભૂલ છે. આવું લક્ષણયુક્ત પાત્ર મળે ત્યારે ચહેરો કે હાથનું વિશિષ્ટ વૈચિત્ર્ય બરોબર ઉતારવા પ્રયત્ન કરવો જોઈએ. આ ડોસાના કાન અને ડોક આગળ સ્નાયુઓની કેવી ચોટ મારતી ગૂંથણી પડી છે ! એનું તાલકું, આંખની એકાગ્રતા વગેરે જોઈને તો કોઈ ઉમંગી ફોટોગ્રાફર બેપાંચ જુદાં જુદાં ચિત્રો લેવાં ચૂકે જ નહિ. છતાં આ છબિમાં છાયા, પ્રકાશ અને પાત્રનાં અવયવો એ બધાંનો એવો શંભુમેળો લાગે છે કે શું જોવું તેની સમજ ન પડે. આવાં પાત્રો મળે ત્યારે બહુ જ ધીરજથી તેમને સમજાવી આપણી અનુકૂળતા પ્રમાણે પ્રકાશ અને સમયનો લાભ મેળવવો. વિવિધતા ઉપજાવવાનું ધ્યેય તો જરાપણ ભૂલવું નહિ.

'સાઈકલના પ્રવાસી' વાળું ચિત્ર પણ તેઓ 'પ્રવાસી' છે એવો ખાસ ખ્યાલ આપી શકતું નથી. માત્ર સળિયાની આરપારથી ફોટોગ્રાફ લીધાનું કુતૂહલ સાચવ્યું છે. પૈડાને મોથાળે પ્રવાસનો સામાન બાંધેલો લટકતો હોત તો કદાચ ધારી અસર થાત; અથવા બેઠેલાં પાત્રો પૈકીનો કોઈ રસ્તા ઉપર જ કંઈક નાસ્તાની ગોઠવણ કરતો હોત તો ચિત્રની કથાને મદદ કરત. આગળના ભાગમાં બેઠેલ પાત્ર પોતાની સામે શું જુએ છે તે કળી શકાતું નથી. સાઇકલનું પૈડું

અને પાછળનું દશ્ય ચિત્રરચનામાં ભળી જાય છે એ દોષ તો પ્રત્યક્ષ છે. પૈડાંની આરપાર, પગ નીચેથી કે બારીના સળિયા પાછળથી દશ્યો લેવાનો વિશિષ્ટ પ્રકાર ભલે ખેડાય, પણ અંદર દેખાડવાની વસ્તુ અને કથામાં કંઇક ચમત્કાર હોવો જોઈએ. આવી આવી તકો મળે ત્યારે તમે તદ્દન સ્વાભાવિક દષ્ટિબિંદુ પહેલું પકડી તે પર તમારી કલ્પના ચલાવી નવા પ્રકારો શોધી કાઢશો તો તમારૂં મન અને ક્રિયા નવો જ ઓપ પામશે. ર. મ. ર.

ઈનામને પાત્ર ચિત્ર કેમ મેળવવું ?

ઍમેટર કૅમેરિસ્ટોને ફોટોગ્રાફીના વિવિધ વિષયો પર ઉપયોગી સૂચનાઓ આપતી આ નાનકડી લેખમાળા, હિંદ તેમજ પરદેશમાં ફોટોગ્રાફીમાં નામ કાઢનાર અને સ્નૅપશૉટના સિદ્ધહસ્ત ફોટોગ્રાફર શ્રી આબીદમિયાં સૈયદે ગયા વર્ષથી શરૂ કરી છે, અને આ વર્ષે પણ તે ચાલુ રહેવાની છે. આ તેનો ત્રીજો જ હપતો છે.

ઘણા ઍમેટર્સનાં ચિત્રો માસિક તથા અઠવાડિક હરીફાઇઓ તેમજ પ્રદર્શનોમાંથી પાછાં ફરે છે. આવું એકાદ બે વાર થવાથી કુદરતી રીતે જ નિરાશ થઇ જવાય છે. પણ કોઇએ તેથી થાકવાની જરૂર નથી. તમારા ચોક્કસ સારા પ્રિન્ટ્સનો જથ્થો પ્રથમ તો અસલ માપમાં જ તમારા ગામમાં જ આગળ વધેલા અનુભવીઓને બતાવો. તેમાંથી કેટલા સારા છે અને તે દરેકમાંથી કેટલો ભાગ એન્લાર્જ કરવા જેવો છે તે જાણી લો. જો ગામમાં કોઈ ન હોય તો બહારગામ કોઇ જાણકારને અથવા કોઇ કૅમેરા ક્લબને તે જોવા મોકલો. ઉપરાંત જેટલાં જોવા મળે તેટલાં ફોટોગ્રાફિક અઠવાડિકો અને માસિકો જોતા રહો અને તેમાં ખાસ કરીને કયાં ચિત્રોને ઈનામ મળે છે તે બારીકાઇથી તપાસતા રહો. 'કુમાર' તમને ઘણી ઉપયોગી સૂચના આપતું રહ્યું છે. તે ફરી ફરી વિચારો. તેવાં ચિત્રો તમે પણ લેવાની કોશિશ કરો.

હમેશાં બીજાઓ પાસેથી જાણવાની અને શીખવાની ટેવ રાખો. 'પૂછતાં પંડિત બનાય.' શટર દાબીને માત્ર ખરા ઍક્સ્પોઝ ને ચોક્કસ ફોકસવાળું ચિત્ર લેવાથી જ કંઇ ઉત્તમ ચિત્ર મળતાં નથી. પરંતુ દ્રષ્ટિબિંદુ (ઍંગલ) અને દેખાવ બૅકગ્રાઉન્ડ ઉપર પણ મોટો આધાર રહે છે. પોતાના પાત્રને ગમે તેવા દેખાવ પર લેવા કરતાં જરા જગ્યાનો વિચાર કરીને લીધું હોય તો તે વધુ અસરકારક થઇ શકે છે. આ સાથે આબુમાં લીધેલી એક ભિસ્તીનાં બે ચિત્રો આપું છું. એક તો ગમે તેવા બૅકગ્રાઉન્ડમાં લીધો છે અને બીજો જરા તેને બાજુએ લઈ જઇને પાછળ આકાશનો પટ આવવા દઇ જરા નીચા દષ્ટિબિંદુ (ઍંગલ)થી લીધો છે; અને તેનું ધ્યાન પણ કૅમેરા બહાર રાખ્યું છે તે તફાવત તમે પોતે પણ જોઇ શકશો. આવાં પાત્રોને બેચાર આના આપવાનું ચૂકવું નહિ. તમને આવો કોઇ પ્રસંગ નીરાંતે લેવાનું મળે તો ઓછામાં ઓછા પાંચ અથવા છથી ઓછાં ઍક્સ્પોઝ કરવાં નહિ; અને દરેક ઍક્સ્પોઝ સહેજસાજ જુદા-



જુદા ઠાઠ(પોઝ)માં લેવો. એમાંનો એકાદો તો જરૂર સારો નીકળવાનો. વારંવાર આ રીતે કોશિશ કરતા રહેવાથી તમે પણ જરૂર ફતેહમંદ થશો અને ઇનામપાત્ર ચિત્ર ઉતારી શકશો.

આબીદમિયાં સૈયદ

પ્રેમને તોળવાનો કે મૈત્રિને માપવાનો પ્રયાસ કદી ન કરવો.
વીરતા એટલે ભયનો અભાવ નહિ પણ ભયનો પરાજય.



માધુકરી

શિર દૈ દીધું : દીધો ન સાર

[નવમા શીખ ગુરુ તેગબહાદુર શત્રુની તલવારથી વધેરાયા પછી તેમનું શબ પહેરા નીચેથી એક અંત્યજ પિતાપુત્ર કેવી રીતે લઈ આવ્યા તે પ્રસ્તુત કવિતાનો વિષય છે.]

ચોર સમા દીવાલ ચડ્યા તે,
આચરવા શુભ કાર્ય નિતાન્ત,
ઊતર્યા: જહીં અસ્ત અરુણ શા
હતા પડેલા ગુરુ ચિર શાન્ત,
'ધન્ય ધન્ય ગુરુદેવ તમે છો,
ધર્મ ચલાવ્યો દઈને દાન,
કૃતાર્થ હું આ રજમાં લોટું
તમે કરો હાવાં પ્રસ્થાન.'
કહ્યું પુત્રને તેણે,—'જેથી
પ્રહરીને ના'વે સન્દેહ,
'ગુરુને લૈ જા: મને મૂકી જા:
અહિંયાં કાપી મારી દેહ.'
બોલ્યો પુત્ર, 'મને મૂકીને
ગુરુને લૈ જાઓ બસ આપ;
પુત્ર ફરીથી બની શકે છે
તમે અમર રહો મારા બાપ!'
"'પાગલ! હું મરવાને લાયક,
પણ તું કૈં છે કરવા યોગ્ય;
તેથી તો મારો વિચાર આ
છે તારે આચરવા યોગ્ય.
તું પણ મુંજ-શું મરવું જાણે
એવો ઉમદા બેટો છોડ.
યવન જાગશે—વખત જાય છે:
તુચ્છ મોહ તરણા શો તોડ.
હસી રહ્યો'તો બાપ, પરન્તુ
ઊભેલ બેટો કાષ્ઠ સમાન;
સ્વયં ભુજંગે નિજ શિર કાપ્યું,
સ્મરણ કરી ગુરુવરનાં ગાન.
સ્તબ્ધ બની બેટાએ જોયું,
પછી પિતાને કર્યાં પ્રણામ;
ગુરુનું શિર લૈ બચી નીકળ્યો,
રથમાં લાવ્યો તેને ધામ.
પુરપ્રાંગણમાં ઉત્સવ આજે
હાહાકાર અગર જયકાર!
રોતાં રોતાં ગાતાં'તાં સૌ:
'શિર દૈ દીધો ન સાર!'
ધ્રૂજી ઊઠ્યું ગગન અચાનક
દશે દિશાએ કર્યો પુકાર—
સુણ્યું બધાંએ: કહ્યું બધાંએ—
'શિર દૈ દીધું: દીધો ન સાર!'
ઊકળી ઊઠ્યા ક્ષુબ્ધ પંચનદ
ક્ષોભ તણો ના કોઈ પાર;
ઉત્તુંગોર્મિ ઉછાળી બોલ્યા—
'શિર દૈ દીધું : દીધો ન સાર!'

(હિન્દી પરથી) —હિમતલાલ જોષી

પુલિનબિહારી દત્ત

છેલ્લાં કેટલાંક વર્ષોથી ગુજરાતને પોતાની કર્મભૂમિ બનાવી નિજનિજનાં ક્ષેત્રોમાં ગુજરાતને સમૃદ્ધ કરનાર પરપ્રાંતીય વ્યક્તિઓમાં શ્રી પુલિનબિહારી દત્ત પણ છે. આજથી અઢારેક વર્ષ પહેલાં પુલિનબાબુ અમદાવાદમાં શ્રી અંબાલાલ સારાભાઇને ત્યાં કલાશિક્ષક તરીકે આવ્યા. છતાં પુલિનબાબુ ગુજરાતને બહુ પરિચિત નથી; કારણકે કલાના ધંધાદારી પ્રચારના આ જમાનામાં યે પોતાનાં ચિત્રો પ્રદર્શનોમાં એભાગ્યેજ મોકલેછે.

ઇ. સ. ૧૮૯૭માં એમનો જન્મ કલકત્તામાં થએલો. મુર્શિદાબાદ નજીક બહેરામપુરની કૉલેજમાં એમનાપિતા શ્રી અતુલચંદ્ર દત્ત અંગ્રેજીના અધ્યાપક હતા એટલે એમણે કેળવણી ત્યાં લીધી. એમના પિતામહ તેમજ પિતાને કળા અને સાહિત્યનો શોખ હતો. અતુલબાબુ પોતાના પુત્રોને રામાયણ મહાભારતની કથાનાં ચિત્રો દોરતા જાય અને વાર્તા કહેતા જાય, એટલે શૈશવથી જ એમનાં બાળકોમાં કલાપ્રેમ જાગ્યો અને આજે પુલિનબાબુના બીજા બે ભાઇઓ પણ ચિત્રકાર છે.

બંગાળી સાહિત્યમાં જાણીતી થએલી ઘણી વ્યક્તિઓ એ વખતે બહેરામપુરમાં હતી અને આ કુટુંબના સંસ્કારી વાતાવરણમાં એ બધા સુપરિચિત હતા. સ્વાભાવિકરીતે જ એમને ચિત્રકલા પ્રત્યે અભિરુચિ હતી. કૉલેજના રજાના દિવસોમાં પિતા અને પુત્રો સાથે બેસીને ચિત્રો દોરતા અને ચર્ચાઓ કરતા. પણ ખરું પ્રોત્સાહન તો એમને કુટુંબના મિત્ર જાણીતા ચિત્રકાર ચારુચંદ્ર દત્તનું હતું. ચારુચંદ્ર દત્ત એમને સૂચનો કરતા અને એમનાં ચિત્રો અવનીન્દ્રનાથ ઠાકુરને મોકલતા. એમ એમને પ્રોત્સાહન ને પ્રેરણા આપતા.

૧૯૨૦માં કલકત્તામાં ઇન્ડીઆ સોસાએટી ઑફ આર્ટ્સની



પુલિનબિહારી દત્ત : આજે



પુલિનબાબુ ૧૯૨૨માં (સ્કેચ : ર. મ. રાવળ)

સ્થાપના થઇ. હાવેલ, અવનીન્દ્રનાથ ઠાકુર અને ગાંગુલીના નેતૃત્વ નીચે બંગાળમાં થએલી ભારતીય ચિત્રકલાના પુનર્જીવનનાં એ પ્રગતિનાં વર્ષો હતાં. ઇન્ડીઆ સોસાએટી ઑફ આર્ટ્સમાં એમના સહાધ્યાયીઓમાં શ્રી નન્દલાલ બસુ અને શ્રી દેવીપ્રસાદ રાયચૌધરી હતા. એ વખત બંગાળના ગવર્નર લૉર્ડ રૌનાલ્ડશે હતા. એમને ભારતીય સંસ્કૃતિ પ્રત્યે અનુરાગ છે. હિન્દી ચિત્રકલાના એ પુરસ્કર્તા ચિત્રકારોના તૈયાર થતી કૃતિઓમાં જે એમને ગમી જતી તે પોતાને માટે રખાવતા. સોસાઍટીના એ પ્રદર્શનમાં પુલિનબાબુનું 'મૃત્યુની છાયા' નામનું ચિત્ર મુકાયું હતું એ એમને ખૂબ ગમી ગએલું. એમણે એ ખરીદી લીધું અને ચિત્રકારને મળવા બોલાવ્યા. એક જુવાન ચિત્રકારનું આ વિષયનું આવું સુંદર ચિત્ર જોઇ એમને આશ્ચર્ય થએલું. એ અરસામાં જ પુલિનબાબુનાં માતાનું અવસાન થએલું. એમના મૃત્યુના શોકની અસર એમના પર બે વરસ લગભગ રહી અને બીજા પ્રદર્શનમાં પણ એ જ વિષય મૂર્ત કરતું એક બીજું ચિત્ર એમણે મૂક્યું તે પણ લૉર્ડ રૌનાલ્ડશે જ લઇ ગયા.

દત્તબાબુએ એમના સહાધ્યાયીઓની જેમ ઘણાં ચિત્રો કર્યાં નથી. એમની નાજુક પ્રકૃતિ પણ આના કારણ રૂપ હશે. પણ એઓ માને છે કે કલાકારની દરેક કૃતિ એના કસબનો નવો ઉન્મેષ છે. કલાકારની ઉત્તરોત્તર વિકાસ પામતી સાધનાનો આવિષ્કાર એની કૃતિમાં હોવો જોઇએ.

પુલિનબાબુની મુખ્ય કૃતિઓ જોતાં એવી જ પ્રતીતિ થાય છે. વર્ષો પહેલાંના એમના એક ચિત્રમાં 'મને પ્રેરતા તારકવૃંદ, આ હું આવ્યો રે' એ પંક્તિમાંની કુમાર સિદ્ધાર્થની સ્થિતિ આલેખેલી છે. આકાશ તરફ જોઈ રહેલા સિદ્ધાર્થના એ ચિત્રમાં ઝાંખા તારાવાળી પશ્ચાદ્ભૂમિમાં ઊંચે નજર કરી રહેલા સિદ્ધાર્થની નજીક યશોધરાને બતાવવામાં ઉચિત નાટ્યતત્ત્વ છે. જ્યારે વર્ષો પછીના 'પરિવ્રાજક બુદ્ધ'ના ચિત્રમાં વિશાળ શાલવૃક્ષને ઓથે અરધા ઢંકાએલા તથાગતને જોતાં એમના જીવનઆદેશનું સ્વરૂપ આપોઆપ સમજી જવાય છે.

પુલિનબાબુને મન એમની શ્રેષ્ઠ કૃતિઓ તે 'ચિંતન' અને 'મીરાં'. પહેલા ચિત્રમાં એક વૃદ્ધ સ્ત્રીને હાથમાં માળા લઈ ભગવત્સ્મરણમાં ડૂબેલી બતાવી છે. એણે રામનામની છાપવાળી પછેડી ઓઢી છે. ઉત્તરાવસ્થાનું જીવન પાથેય ચિંતન અને નામસ્મરણ છે એવું બતાવવાનો એમાં આશય છે. વિષયને અનુરૂપ આછા રંગોમાં એ ચિત્ર કરેલું છે.

એમનું 'મીરાં' એક અપૂર્વ કૃતિ છે. કૃષ્ણમૂર્તિ સન્મુખ નૃત્યમગ્ન મીરાંના એ ચિત્રમાં એકએક રેખા ઉપર કળાકારનો અદ્ભુત કાબુ છે. પૌરસ્ત્ય કળાની એ જ સાધના છે કે આધ્યાત્મિક વિષયને પણ એ રેખામાં પકડી શકે છે.

અમદાવાદ આવીને નાનાં બાળકોને શીખવવાનું છે એ જાણતાં એ નિરાશ થએલા. કલકત્તા છોડીને આટલે દૂર આવવાની એમને ઇચ્છા નહોતી. પણ અવનીબાબુ અને ગાંગુલીએ ભારતીય ચિત્રકલાના પુનર્જીવનના મિશનરી તરીકે જવાને એમને આગ્રહ કરી સમજાવેલા. પણ એમાંથી ચિત્રકલાના શિક્ષણના એમણે જે પ્રયોગો કર્યા છે તે સરકારી

શાળાની ઘરેડના ડ્રૉઇંગ શિક્ષકો પાસેથી મળત નહિ.

અમદાવાદ છોડીને પુલિનબાબુ મુંબઈ ફેલોશિપ સ્કુલમાં જોડાયા અને પોતાના એ શિક્ષણપ્રયોગો એમણે ત્યાં કર્યા. બાળકને આપમેળે જ પોતાની વૃતિ અનુસાર જેવાં દોરે એવાં ચિત્રો એ દોરવા દે છે કે રંગો પૂરવા દે છે. ચિત્રમાં વ્યક્ત થતું બાલમાનસ ઓળખીને એ દરેકને જુદીજુદી દોરવણી આપે છે. એઓ કહે છે કે આદિમાનવે (Primitive) દોરેલી આકૃતિઓ જેટલી જ સ્વાભાવિક ઊર્મિથી એ કૃતિઓ સર્જાય છે. એમનું કહેવું છે કે Before the child mind is overtaken by adolesence it has the purest quality of vision and boldness of expression. બાળકોને ડ્રૉઇંગ શીખવવાની ચાલુ પદ્ધતિ બાળકમાંનું સર્જક તત્ત્વ રૂંધી નાખે છે ' બાળકમાં સર્જકવૃત્તિ અને કલ્પના ઉત્કટ રૂપે હોય છે. બાળક પોતાની દુનિયા એ વડે રચી એમાં જીવે છે. એની કલ્પના અને સર્જનમાં રચેલા જગતમાંથી જ એને ભાવિ જીવનનું વલણ મળે છે.

કેળવણીમાં સર્જન અને કલ્પનાની કિંમત સમજવી જોઈએ. એ વિના કેળવણી વંધ્ય છે. સાચું કહીએ તો આ વિધાન ગાંધીજીની પાયાની કેળવણીને સ્વતઃસિદ્ધ થએલી શિક્ષણપદ્ધતિના અનુમોદન જેવું છે: બાળકોની ઊર્મિસહજ કૃતિઓમાં પુલિનબાબુ masterpieces શોધી કાઢે છે.

ફેલોશિપ સ્કુલના વાર્ષિક ઉત્સવો નિમિત્તે રંગભૂમિનાં આયોજનો અને સન્નવટમાં પણ એમણે દરેક વખતે નવાં પ્રસ્થાન કર્યાં છે અને શહેરનાં ઍમૅટર મંડળો અને બીજી શાળાઓને દિશાસૂચન આપ્યાં છે.

પુલિનબાબુએ ઘણી કળાકૃતિઓ નથી આપી, પરંતુ કલા કેળવણી તેમજ જીવનમાં શાન્ત સાધના અને ઉપાસના, નવા પ્રયોગો અને નવી સિદ્ધિ માટે જરૂરનાં છે એ તો એ બતાવે જ છે.

હરિશ્ચંદ્ર ભ. ભટ્ટ

ટાંગાનીકા

પૂર્વે હિંદી મહાસાગર અને પશ્ચિમે આફ્રિકાનાં મહાન સરોવરો વચ્ચે આવેલો આ દેશ બ્રિટનના સાંસ્થાનિક દફતરના હાથ નીચે આવેલો સૌથી જબરો પ્રદેશ છે. પહેલાં તે જર્મન આધિપત્ય નીચે હતો અને જર્મન ઈસ્ટ આફ્રિકા તરીકે ઓળખાતો; પરંતુ ગયા મહાયુદ્ધ પછી સંધિની ૨૨મી કલમના પહેલા ભાગ અનુસાર તે બીજા વર્ગના મૅન્ડેટ તરીકે બ્રિટિશ શાસન હેઠળ આવ્યું છે.

ટાંગાનીકાની રાજધાનીનું શહેર દારેસાલામ છે. કુલ આઠ પ્રાંતોમાં આખો દેશ વહેંચાએલો છે. તેનું જમીનનું ક્ષેત્રફળ ૩,૪૦,૦૦૦ ચોરસ માઈલ છે અને ૨૦,૦૦૦ ચોરસ માઇલ પાણીએ રોકેલ છે. એની વસતિમાં લગભગ ૮૦૦૦ જેટલા યુરોપિયનો છે, ૪૦,૦૦૦ જેટલા એશિયાવાસીઓ અને ૫૦,૦૦,૦૦૦ જેટલા ત્યાંના દેશી લોકો છે. એની આવક લગભગ ૧૭ લાખ પૌંડની છે અને ખરચ લગભગ ૧૬ લાખ પૌંડનો.

ટાંગાનીકાના દેશી લોકોમાં બાંટુ, અરબ અને જુલુ લોહીનું મિશ્રણ થએલું છે. અરબોએ એમને બધાને મુસલમાન ધર્મમાં વટલાવેલા, પરંતુ યુરોપના મિશનરીઓના આગમન પછી તે ઝડપભેર ખ્રિસ્તી થવા લાગ્યા છે.

સારા જેવા વરસાદ ને હિંદી મહાસાગરના પડોશને લીધે તેનું હવામાન સહ્ય રહે છે. સરેરાશ ઉષ્ણતામાન ૭૮ ડીગ્રી ને સરેરાસ વરસાદ ૪૦ ઇંચ પડે છે. કિલિ માંન્જરો પર્વતના ઉચ્ચ પ્રદેશોમાં તો હવામાન લગભગ યુરોપ જેવું જ રહે છે.

બીનદેશી લોકોમાં ૯૦ ટકા જેટલી વસતિ હિંદી છે. જુદી જુદી અનેક ભાષાઓ ત્યાં બોલાય છે, પણ સ્વાહિલી ભાષા સર્વવ્યાપી છે. વેપારનો મોટો ભાગ હિંદીઓના હાથમાં છે. દેશી ખેતી ઉપરાંત મેસર્સ કરીમજી જીવણજી ઍન્ડ કંપનીએ પોતાની એસ્ટેટ્સ ઉપર રબર, નાળિયેરી, કૉફી, સાગ, સીસલ, કૉપૉક વગેરેનો ઉછેર કરવા માંડ્યાં છે.

દેશની ઊપજમાં ધાન્ય સિવાય મીણ, કોપરૂં, કપાસ, ભોંયશીંગ, ચા, તમાકુ ને સિમસિમ છે. ખનિજ ઉત્પન્નમાં સોનું, હીરા, અબરખ, કલઇ, કોલસો; લોઢું, ત્રાંબું, આસબેસટોસ, અફીક, તેલ વગેરે છે. પશુસમૃદ્ધિમાં ભેંશ, હાથી, જિરાફ, કિબોકો (હીપો પોટૅમસ) ગેંડા, દીપડા, સિંહ, ચિત્તાં, જરખ, ભૂંડ, સરવાલ, ઝિબ્રા, કુતરો વગેરે આવે.

હિંદીઓને સરકારી ખાતાંમાં માત્ર ઊતરતા દરજ્જાની નોકરીઓમાં લેવામાં આવે છે. હિંદીઓની બધી મળી ૩૨ શાળાઓ ચાલે છે. અહીં આવવા ઈચ્છનાર પાસેથી સરકાર ૧૦૦ પૌંડ અનામત લઇને પછી જ પ્રવેશવા આપે છે અને ચાહે તેને હાંકી કાઢવા પણ અહીંની સરકાર અમર્યાદિત સત્તા ધરાવે છે.

સૂક્ષ્મ જંતુ (Bacteria)

બૅક્ટીરિયાને પૃથ્વી પરના નાનામાં નાના જીવો તરીકે ગણી શકાય. તે એકકોશી, રંગરહિત અને અત્યંત સૂક્ષ્મ હોય છે અને સૂક્ષ્મદર્શકયંત્ર સિવાય દેખાતાનથી. એના કેટલાક પ્રકારો (aerobic) હવામાં જ વધી શકે છે, જ્યારે કેટલાક પ્રકારો (unaerobic) હવા સિવાય પણ વધી શકે છે. તેના આકાર ચાર પ્રકારના હોય છે: ગોળ જંતુ (spherical), યષ્ટિજંતુ (long rod), સૂત્રજંતુ, ને ૪ સર્પિલ જંતુ (spiral). એમનો વ્યાસ એક ઇંચના પણ પચીસ હજારમા ભાગનો હોય છે. સઘળા પ્રાણિજ (organic) તથા સજીવ (living) પદાર્થો ઉપર તે મળી આવે છે. પ્રાણિજ પદાર્થોમાં તેમની વૃદ્ધિ દર મિનિટે એક હજારની હોય છે. શૂન્ય ઉષ્મામાનમાં તેની વૃદ્ધિ બિલકુલ થતી નથી. બરફમાં મુડદાં સલામત રહે છે તેનું એ જ કારણ. એની વૃદ્ધિ એક કોશના બે ભાગ થઇને થાય છે પ્રત્યેક ભાગ મોટો થઇને પાછું

એનું દ્વિધાભવન થાય છે અને એ મુજબ પરંપરા આગળ લંબાય છે. કેટલાક જંતુ બીજકણ (spores) પણ ઉત્પન્ન કરે છે. ઘણાખરા જંતુઓ ઊકળતા પાણીમાં મરી જાય છે, પણ તેના બીજકણ દોઢથી બે કલાક સુધી સાબૂત રહે છે.

વિજ્ઞાનીઓ માને છે કે મનુષ્યજાતિની શરૂઆતથી જ આ જંતુઓ અસ્તિત્વ ધરાવે છે, કારણ પિરામિડોમાં ભંડારાએલાં શબોનાં ફેફસાંમાંથી પણ એ મળી આવ્યાં છે. આ શબો ૬૦૦૦ વર્ષ પૂર્વેનાં હોવાં જોઇએ એવો અંદાજ છે.

આ જંતુઓમાંના કેટલાક વિશિષ્ટપ્રકારો વિશિષ્ટ પ્રકારના રોગો ઉત્પન્ન કરે છે, તો કેટલાક પ્રકારો વિશિષ્ટ પ્રકારની રાસાયનિક ક્રિયા ઉપજાવે છે. આથી કેટલાક પ્રકારના જંતુ આપણને ઉપયોગી પણ છે. દૂધમાંથી તૈયાર થતા સઘળા પદાર્થ (દહીંથી માંડીને બધી ચીજો) આપણે દુગ્ધામ્લ જંતુ (Lactic Acid Bacteria)ની મદદથી તૈયાર કરીએ છીએ. કેટલાક ઉદ્યોગધંધા સુદ્ધાં વિશિષ્ટ પ્રકારના જંતુ પર અવલંબે છે. દાખલા તરીકે દારૂ તૈયાર કરવો, તંમાકુ બનાવવી, ચામડાં કમાવવાં વગેરે. કેટલાક જંતુ (Nitrifying Bacteria) હવામાંનાં તથા જમીનમાંનાં નાઇટ્રોજનયુક્ત પોષક દ્રવ્યો વનસ્પતિમાં મેળવી દે છે ને જમીનની પાકશક્તિ વધારે છે.

કુદરતે રોગજંતુઓ સામે આપણા શરીરને બરાબર સુરક્ષિત રાખ્યું છે. લોહી તથા શરીરમાં ઉત્પન્ન થતા વિમોચન અને વિસર્જન થનારા પદાર્થો (Secretions and Excretions)—જઠરરસ, પરસેવો, મૂત્ર વગેરે—ને લઇને જંતુઓ આપણને કશી હાનિ કરી શકતા નથી. એજ જ રીતે જ્યાં સુધી આંતરડાંની અને જઠરની અંદરનું નાજુક આવરણ (mucous membrane) સુરક્ષિત હોય ત્યાં સુધી આપણને જંતુઓની ભીતિ નથી રહેતી. પરંતુ એ જંતુઓ જ્યારે અત્યંત વિષારી હોય ત્યારે જ માત્ર અપાયકારક થાય છે.

શાસ્ત્રજ્ઞોએ આ જંતુઓ પરત્વે પુષ્કળ પ્રકાશ પાડ્યો છે અને પાડતા રહે છે.

અમેરિકા ખંડ હિંદુઓએ શોધેલો

સદીઓથી આપણે શીખતા આવ્યા છીએ કે અમેરિકા ખંડનો પહેલો પત્તો કોલંબસે મેળવ્યો, પરંતુ સાચી વાત તો એ છે, કે એ પત્તો મેળવનાર તો હિન્દુ, મંગોલિયન અને બીજી એશિયાઇ જાતો હતી હા, યુરોપવાસીઓ એ ખંડ વિષે કશું જાણતા ન હતા એટલે 'તેઓને માટે' કોલંબસે એ ખંડ શોધી કાઢ્યો એમ કહી શકાય.

ઈ. ૧૪૯૨માં કોલંબસે અમેરિકા પહોંચીને જે માણસો જોયાં તેમનું વર્ણન ભારતીઓ જોડે મળતું આવે છે. એ લોકોને 'ઇંડીઅન' કહેવામાં આવે છે, કારણ કોલંબસે એ નવા ખંડને હિંદુસ્તાન જ ધારી લીધેલો. એ લોકોની જીવનચર્યાનું કે મંદિરો અને ધાર્મિક ચિત્રોનું નિરીક્ષણ કરતાં એ વાત સિદ્ધ થાય છે. સૂર્યવંશી હિન્દુ શાસકોની સભ્યતા અને સંસ્કૃતિ જ નહિ પણ એમના સામ્રાજ્યનો વિસ્તાર પણ ત્યાં સુધી થયો હતો. પરંતુ સમય બદલાતાં સ્પેનનો પ્રભાવ એ ખંડ પર વધ્યો ત્યારે એણે ત્યાંથી હિંદુ સંસ્કૃતિનો નાશ કરી નાખ્યો; છતાં હજુ અમેરિકાભરમાં એવાં કેટલાં યે સૂર્યમંદિરો મળી આવે છે.

ધર્મ અને સંસ્કૃતિ સંબંધી જુદાંજુદાં લગભગ ૨૦૦ જેટલાં પ્રમાણો પરથી માલૂમ પડે છે કે આદિ. નિવાસી અમેરિકન લોકો એક ઈશ્વરમાં માનતા હતા અને વૈદિકદેવતાઓને પણ માનતા હતા. આજ પણ એમનામાં કેટલીક વૈદિક પ્રથાઓ મોજૂદ છે. ઉત્તર અમેરિકાના લોકો સોમયજ્ઞ કરે છે. સૂર્યને એ પોતાનો સૌથી મોટો દેવ માને છે, અને એનો પૂજાવિધિ આપણા હિન્દુવિધિને બહુ મળતો આવે છે.

મહાભારત અને રામાયણની કથાઓનું માહાત્મ્ય હજુ યે એમનામાં મોજૂદ છે અને તે સંબંધે તેઓ જુદાજુદા તહેવારો પણ પાળે છે. મૅક્સિકોની રામલીલાનાં દશ્યોમાં રામ અને રાવણની સેનાઓની લડાઇ થાય છે અને મધ્ય અમેરિકાની દુકાનોમાં હનુમાનની મૂર્તિઓ વેચાય છે.

મૅક્સિકોના રાષ્ટ્રીય મ્યૂઝિયમમાં એક જબરૂં પંચાંગ છે જેમાં હિન્દુઓનાં ચાર યુગોનું વર્ણન છે. હિન્દુ લોકો ચાર યુગોની કથાઓને જે રીતે માને છે એ જ રીતે પ્રાચીન અમેરિકનો માનતા, અને એમનું જ્યોતિષ આપણા જ્યોતિષશાસ્ત્ર જોડે મળતું છે.

કુશકોમાં રામચંદ્રજીના પુત્ર કુશનું એક મંદિર છે, જેને 'ઘર-કંચન' (સોનાનું ઘર) કહેવામાં આવે છે. તેમાં સૂર્યની જેવડી મૂર્તિ છે એવડી મોટી મૂર્તિ દુનિયા આખામાં ક્યાં યે નથી. વળી મૅક્સિકોના 'યુકાન' નામક સ્થાનમાં ૧૦૦૦ થાંભલાવાળા મંદિરના ભગ્નાવશેષ છે જે મદુરાના સહસ્રસ્તંભમંદિરના જેવા જ છે. સ્પૅનિશ આક્રમણકારો સાથે જે ઈતિહાસવેત્તાઓ ત્યાં ગએલા તેમણે એ મૂર્તિઓને કેવાં આભૂષણો પહેરાવવામાં આવતાં તેનાં પણ વર્ણનો કર્યાં છે.

મધ્ય અને દક્ષિણ અમેરિકામાં પહેલાં ગુરુકુલ શિક્ષાપ્રણાલિ પ્રચલિત હતી, અને એની છાપ આજ પણ ત્યાંનાં વિદ્યાલયોમાં દેખા દે છે. હિન્દુ બાળકના જન્મ વખતે જે ક્રિયાઓ અહીં થાય છે તે જ ત્યાં પણ થાય છે. અહીંની વિવાહની, મૃતકની, દાહકર્મની તથા સતીની સઘળી પ્રથાઓ પ્રાચીન આર્યોની પ્રથાઓ જોડે મળતી આવતી હતી.

આ આદિનિવાસીઓનાં ધર્મપરિવર્તનની વાતો ખૂબ હૃદયવિદારક છે. એ કહાણીઓ ઇસાઈ પાદરીઓનાં પુસ્તકોમાંથી જ મળે છે. ત્યાંના હજારો મનુષ્યોએ ઈસાઈ બનવા કરતાં મરી જવું જ વધારે સારૂં માન્યું ને ઈસાઈઓની ક્રૂર નીતિએ એમનાં અનેકોનો સંહાર કર્યો.

અમેરિકામાં પહેલાં ગણેશ, ઈન્દ્ર અને શિવલિંગ વગેરેની પણ પૂજા થતી હતી. મૅક્સિકોના રાષ્ટ્રીય સંગ્રહાલયનો

ક્યૂરેટર પ્રોફેસર રેમન મેના લખે છે: 'અહીંની મય જાતિના મનુષ્યો હિંદીઓ સાથે આબેહૂબ મળતા આવે છે. એમનો દૃઢ ધાર્મિક વિશ્વાસ, એમનો માથાનો પોશાક એમની ધરો બાંધવાની પદ્ધતિ તથા બીજી રહેણીકરણી ભારતવાસી સાથે જ મળતી આવે છે.' ('ભારત'–અલ્લાહાબાદ)

હસો ને સ્વસ્થ રહો

હસવું એ નરવા રહેવા માટે બહુ ઉપયોગી છે. એની શરીર પર થતી અસરનું એક અમેરિકન ડૉક્ટરે પૃથક્કરણ કરતાં જણાયું છે કે ખૂબ હસવાથી આપણી લાગણીઓમાં થતો વિકાર મજ્જાતંતુઓમાં ક્ષોભ આણી આપણી પાચનશક્તિને ઉત્તેજે છે, મોંમાં લાળ (પાચનરસ)નો સ્રાવ વધારે છે જે સ્ટાર્ચવાળો ખોરાક પચાવવામાં ઉપયોગી છે, અને આપણું આખું પાચનતંત્ર સુધારી નાખે છે.

એના કહેવા પ્રમાણે હાસ્ય આપણા મગજમાં લોહીની ગતિ વધારી આપણી માનસિક શક્તિ અને સહાયતા વધારે છે. સામાન્ય રીતે આપણા લોહીના આખા પરિભ્રમણ ઉપર એની અસર થાય છે અને ફેફસાંના વિકાસથી હૃદય પરનું લોહીનું દબાણ પણ ઘટી જાય છે.

ઍપેન્ડિસાઈટિસ વિષે ગેરસમજૂતી

'ઍપેન્ડિસાઈટિસ'ની બાબતમાં લોકોમાં બહુ ભૂલભરી કલ્પના પ્રચલિત છે. પેટમાં જમણી બાજુએ તીવ્ર વેદના થાય એ ઍપેન્ડિસાઈટિસનું સ્પષ્ટ લક્ષણ કેટલાક માને છે; પણ વૈદકશાસ્ત્રની દૃષ્ટિએ એ બરાબર નથી. પેટમાં જમણી બાજુએ દુખાવો થાય એ અનેક શારીરિક વ્યાધિઓનું લક્ષણ હોઇ શકે. માત્ર અપચાથી પણ એમ થવાનો સંભવ છે. એ ઉપરાંત ન્યૂમોનિયાથી, નાના કે મોટા આંતરડા પર સોજો આવવાથી અથવા ટાઈફૉઈડ, ક્ષય ઇત્યાદિ વિકૃતિથી પણ એવું પેટદુ:ખ થવાનો સંભવ રહે છે. સ્ત્રીઓની બાબતમાં પણ અણઘડ માણસોની એવા પ્રકારની ગેરસમજ થવાનો સંભવ હોય છે.

એવી જ રીતે કેટલાક લોકોની એવી ગેરસમજ હોય છે કે નિષ્ણાત ડૉક્ટર મળે અને અચૂક ઉપાય લાગુ પડે તો શસ્ત્રક્રિયા વિના જ ઍપેન્ડિસાઇટિસ મટાડી શકાય. આવી સમજણમાં જરા યે તત્ત્વ નથી. શસ્ત્રક્રિયા સિવાય બીજો કોઈ જ ઉપાય વૈદકશાસ્ત્ર હજુ આ રોગ ઉપર શોધી શક્યું નથી. ફળફળાદિનાં બી પેટમાં રહી જવાથી આ રોગ ઉદ્ભવે છે એમ વળી કેટલાક માને છે, પરંતુ એ પણ ગેરસમજ છે. કારણ, ઑપરેશન કરેલા ઍપેન્ડિસાઇટિસમાં કોઈ પ્રકારના ફળનાં બી કે તેના અંશ માલૂમ પડ્યાં નથી.

હસતો વાયુ

તાંબાનો ટુકડો નાઇટ્રિક ઍસિડમાં નાખતાં તેમાંથી નાઈટ્રસ ઑક્સાઇડ નામનો લાલ રંગનો જે વાયુ નીકળે છે તેને 'હસતો વાયુ' કહેવામાં આવે છે, કારણ માણસના શ્વાસમાં એ ગયો એટલે એ કૈંક અંશે બેશુદ્ધ થઈ હસવા જ માંડે છે! એ વાયુના રાસાયણિક ગુણો પર બે વર્ષ સુધી સંશોધન કરી સર હમ્ફ્રી ડેવીએ ઇ. ૧૭૯૮માં એક નિબંધ તૈયાર કર્યો અને શસ્ત્રક્રિયામાં એ વાયુની સહાય લેવાનું સૂચન કર્યું, પણ એ વખતે કોઇએ લક્ષ ન આપ્યું. એ જ રીતે ઈ. ૧૮૪૪માં અમેરિકામાં હાર્ટફોર્ડ મુકામે કોલ્ટન નામના એક શોધકે વ્યાખ્યાન આપ્યું ત્યારે પણ બહુ ઓછું લક્ષ ખેંચાયું હતું. પરંતુ એ ભાષણ સાંભળનારામાં વેલ્સ નામનો એક દંતવૈદ્ય હતો. તેને આ વાયુ અજમાવવાની ઈચ્છા થઈ. કોલ્ટન પાસેથી એ વાયુ લઈ પોતાના પર જ તેણે અજમાવ્યો અને પોતાના એક સ્નેહી પાસેથી પોતાનો એક દાંત ખેંચાવી જોયો. એ તો ખુશ ખુશ થઇ ગયો અને કહેવા લાગ્યો કે આજ પર્યંત આવી મહાન કોઈ જ શોધ નથી થઇ. એ વાયુની મદદથી 'વગર ઇજાએ દાંત કાઢવા'થી એની પોતાની પણ પુષ્કળ ખ્યાતિ થઇ.

પેટન્ટોનો ધસારો

પેટન્ટ ખાતાની ઑફિસમાં કામ કરતા એક માણસને અમુક વરસ સુધી કામ કર્યા પછી લાગ્યું કે શોધવા જેવી લગભગ બધી જ શોધો થઇ ચૂકી છે અને હવે કંઇ નવું શોધવાનું રહેતું નથી, એટલે આપણી નોકરી પણ હવે સલામત નથી. એટલે અગમચેતી વાપરી કોઈ કાયમના ધંધામાં પડવા ખાતર એણે એ પેટન્ટ ખાતાની નોકરી છોડી દીધી. એ સાલ ૧૮૭૦ની હતી.

અને એણે એ નોકરી છોડ્યા પછી વિજ્ઞાનજગતમાં આટલી તો મુખ્ય નવી શોધો થઇ: મોટર ગાડી, વિમાન, સ્ટ્રીમલાઈન્ડ ગાડી, સ્ટીમ ટર્બાઈન, ડીઝલ એન્જિન, મૂવી, રેડિયો, ટેલીવીઝન, વીજળીક અને ગૅસનાં રેફ્રીજરેટર, વૅક્યૂમ ક્લીનર, ઍર કન્ડીશનિંગ, રેયોન, નીલોન, સેલોફેન સ્ટેનલેસ સ્ટીલ, ક્રોમિયમ પ્લેટ, રંગીન ફોટોગ્રાફી, તારથી જતાં ચિત્રો, સંહારનાં અવનવાં સાધનો વગેરે! ગયા સિત્તેર વરસમાં જ આ બધું શોધાયું છે, તો આવતાં સિત્તેર વરસમાં બીજી કયી કયી સંભવિતતાઓ રહી હશે?

વાળ ઊગવાનું પ્રમાણ

માણસના શરીર ઉપરના વાળની વૃદ્ધિનું પ્રમાણ જાણવા માટે ઘણા અખતરા થયા છે. અસ્ત્રાવડે ગાલ ઉપરથી લઇ લીધા બાદ દિવસ દીઠ એવા ૧૦૦ વાળના તાંતણા એકઠા કરવામાં આવ્યા હતા, માઇક્રોમીટરથી તેમનું માપ કાઢવામાં આવ્યું હતું અને આબોહવાની દૈનિક નોંધ રાખવામાં આવી હતી. પરિણામે એમ માલૂમ પડ્યું હતું કે ઠંડી ઋતુમાં વાળ જેટલી ઝડપથી ઊગે છે તે કરતાં વધારે વેગથી તે ગરમ ઋતુમાં ઊગી નીકળે છે. એટલે ઠંડી ઋતુમાં હજામત કરવાનું ખર્ચ ઓછું આવે એ સ્વાભાવિક છે.

ભારતીય સંવતો

[૧૪] કોલ્લમ (કોલંબ) સંવત

આ સંવતને સંસ્કૃત લેખોમાં કોલંબ સંવત અને તામિલમાં 'કોલ્લમ્ આંડુ' (કોલ્લમ=પશ્ચિમી, આંડુ=વર્ષ) કહે છે. આ સંવત કોણે કયા પ્રસંગને અનુલક્ષી ચાલુ કર્યો એનો કંઇ પત્તો નથી. એનાં વર્ષો ક્યારેક 'કોલ્લમના ઉદ્ભવથી વર્ષ' એમ લખાય છે તે પરથી એમ અનુમાન કરી શકાય કે સંસ્કૃત લેખકોએ જેને 'કોલંબપત્તન' કહ્યું છે એ, ભારતના મલબાર કાંઠાના કોલ્લમ (ત્રાવણકોર રાજ્યના ક્વીલોન) સાથે સંબંધ ધરાવતી કોઈ ઘટનાથી આ સંવત ચાલુ થયો હોય. મલબારના લોકો એને 'પરશુરામનો સંવત' કહે છે. ડૉ. કિલહૉર્ન તથા દીવાન બહાદુર એલ. ડી. સ્વામિકન્નુ પિલ્લેની ગણતરી અનુસાર ઈ. સ.માંથી ૮૨૫ બાદ કરતાં આ સંવત આવે છે. મલબારથી કન્યાકુમારી સુધી તથા તિન્નેવેલી જિલ્લામાં આ સંવત હજુ પ્રચલિત છે.

આપણે

એક કલાકે ૬ૢ ઘનફુટ કાર્બન ડાયોક્સાઇડ આપણે ઉચ્છ્વાસ દ્વારા બહાર કાઢીએ છીએ.

ઇ. ૧૮૭૧માં હિંદમાં જણ દીઠ રૂ. ૧-૧૩-૦કરવેરો આવતો તે ૧૮૯૧માં ૨-૦-૩, ૧૯૧૧માં ૨-૧૧-૩, ૧૯૨૨ માં ૬-૧-૮ અને ૧૯૩૫માં ૧૦-૦-૦ ઉપર પહોંચ્યો હતો. આજે ?

આપણી પૃથ્વીના બધા મળી ૭ ખંડો છે: યુરોપ, એશિયા, આફ્રિકા, અમેરિકા, ઑસ્ટ્રેલિયા અને ઍન્ટાર્કટિકા (દક્ષિણ ધ્રુવખંડ). એમાં યુરોપ સૌથી નીચ અને એશિયા સૌથી મોટો છે. યુરોપનું ક્ષેત્રફળ ૩૬,૦૦,૦૦૦ ચોરસ માઈલ. એશિયાનું ૧,૭૨,૫૦,૦૦૦, આફ્રિકાનું ૧,૧૪,૫૦,૦૦૦, અમેરિકાનું ૧,૬૦,૦૦,૦૦૦, ઑસ્ટ્રેલિયાનું ૨૯,૭૪,૫૦૦ અને દક્ષિણ ધ્રુવખંડનું ૫૦,૦૦,૦૦૦ ચોરસ માઇલ છે.

આ મહિનો (જાન્યુઆરી) ઈતિહાસમાં

તા. ૩ પોર્ટુગીઝ ગવર્નર અલ્બુકર્કે કાલીકટ પર હલ્લો કરી રાજા ઝામોરીનનો મહેલ સળગાવ્યો—૧૫૧૦.

તા. ૪ મીઠાના સત્યાગ્રહ સામે લૉર્ડ અર્વિને ઑર્ડિનન્સ કાઢ્યા—૧૯૩૨.

તા. ૬ અફઘાનિસ્તાનમાંથી ૧૬,૫૦૦ માણસો સાથે ખસતા જનરલ એલ્ફિન્સ્ટન પર સરહદની ટોળીઓએ વારંવાર સખત મારો કર્યો જેમાંથી પકડાતાં ને મરાતાં એક જ શખ્સ ડૉ. બ્રાઈડન બચીને જલાલા પહોંચી શક્યો-૧૮૪૨.

તા. ૧૨ કવિ બાયરનનો જન્મ-૧૭૮૮.

તા. ૧૮ કૅપ્ટન સ્કાટ દક્ષિણ ધ્રુવ પર પહોંચ્યો—૧૯૨૨.

તા. ૧૯ કલામાં બાહ્ય આબેહૂબપણા કરતાં આત્મનિરૂપણ વિશેષ જરૂરનું માનતા વિખ્યાત 'પોસ્ટ ઈમ્પ્રેશનિસ્ટ' કલાકાર પૉલ સેઝાંનો જન્મ—૧૮૩૯.

તા. ૨૩ મુંબાઇના હાઈકૉર્ટ ટ્રિબ્યુનલે શ્રી સાવરકર સામેના રાજદ્રોહનો કેસ શરૂ કર્યો (૧૯૧૧) અને તેને અંતે તા. ૩૦મીએ તેમને અપરાધી ઠરાવી આજન્મ દેશાંનકાલની સજા કરી.

તા. ૨૫ 'ઝૂંપડીના ગાનાર' (Singer of the Cottage)નું બિરુદ મેળવનાર સ્કૉટિશ કવિ બર્ન્સનો જન્મ-૧૭૫૯.

તા. ૨૯ રશિયાના સરમુખત્યાર સ્ટાલિને ૧૩ ટ્રૉટ્સ્કી વાદીઓને ફાંસીએ લટકાવ્યા—૧૯૩૭.

તા. ૩૦ બ્રિટનના બુદ્ધિવાદના સંત ચાર્લ્સ બ્રાડલોનું અવસાન-૧૮૯૧.

આ માસની વિભૂતિ

ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી



૧૮૫૫ની ૨૦મી ઑક્ટોબરે નડિયાદમાં વડનગરા નાગર જ્ઞાતિમાં જન્મ. પિતા માધવરામ મુંબાઈમાં વેપાર કરતા તેથી ત્યાં અભ્યાસ કર્યો, એ દરમ્યાન તેમના પિત્રાઈ કાકા શ્રી મનઃસુખરામ સૂર્યરામ મુંબાઇ ભણવા ગએલા તેમના સમાગમમાં આવ્યા ને સાહિત્યસંસ્કાર રોપાયા. ૧૮૭૧માં એલ્ફિન્સ્ટન હાઈસ્કૂલમાંથી મૅટ્રિક પાસ કરી ૧૮૭૫માં બી. એ. અને ૧૮૮૩માં એલ-એલ.બી. થઇ ને મુંબાઇમાં વકીલાત શરૂ કરી.

૧૮૭૪માં તેમનાં પહેલાં પત્ની અવસાન પામતાં 'સ્નેહમુદ્રા' નામક શોકપ્રશસ્તિ કાવ્યો ઉદ્ભવ્યાં. ત્યાર બાદ કાઠિયાવાડના સંસ્થાનના અનુભવ ઉપરથી 'સરસ્વતીચન્દ્ર'ની શરૂઆત થઇ(૧૮૮૭) અને ચાર ભાગની એ નવલ, તેમાંની વિપુલ જ્ઞાનસમૃદ્ધિના કારણે ગુજરાતી સાહિત્યમાં યુગદર્શી કૃતિ બનવા ઉપરાંત તેમની કીર્તિદા પણ બની. એ ઉપરાંત એમની બીજી કૃતિઓ પણ પાછળથી લખાઇ, જેમાં ૧૯૦૨માં તેમનાં પુત્રી લીલાવતી સ્વર્ગસ્થ થતાં તેના સ્મરણમાં લખાએલી 'લીલાવતી જીવનકલા' તથા ઉત્તરાવસ્થામાં લખાએલ 'સાક્ષરજીવન' નામનો લઘુગ્રંથ આગળપડતાં છે. ૧૯૦૫માં ગુજરાતી સાહિત્ય પરિષદનું પ્રથમ સંમેલન ભરાયું તેમાં તેમને જ પહેલા પ્રમુખ નીમી ગુજરાતે એમની સાહિત્યસેવાને અંજલિ અર્પી.

પોતાની જીવનયોજનાનુસાર ૧૮૯૮ માં બધા પ્રવૃત્તિ છોડી નિવૃત્તિનિવાસ સ્વીકારી શેષ જીવન સાહિત્ય અને દેશની સેવામાં વ્યતીત કર્યું, જે દરમ્યાન 'સમાલોચક' ત્રૈમાસિકનું સંચાલન પણ તેમણે કરેલું. શરીરે નરમ તંદુરસ્તી ધરાવનાર ગોવર્ધનરામનું માનસ સમૃદ્ધિશીલ અને ચિંતનશ્રેષ્ઠ તથા હૃદય ઉદાત્ત હતું. વિદ્યાવ્યાસંગ એ એમના જીવનનો ધોરી પથ હતો. બાવન વર્ષની વયે ૧૯૦૭ના જાન્યુઆરીની ૪થી તારીખે મુંબાઈમાં સંધ્યાકાળે સૃષ્ટિ ઉપરનો સૂર્ય અસ્ત થવા સાથે ગુજરાતી સાહિત્યનો આ અજોડ તેજોરાશિ સૂર્ય પણ અસ્ત પામ્યો.

પુનાના ભીષણ પ્લેગમાં લોકમાન્યના સૌથી મોટા પુત્ર વિશ્વનાથ ભોગ બન્યા ને પછીના અઠવાડિયામાં એમના ત્રિમ્બકરાઇ ભાઈ ને ભાણેજનો પણ પ્લેગે ભોગ લીધો એ વેળા એમને આશ્વાસન આપનાર શ્રી કેતકરને એમણે ધીરજથી જવાબ આપેલો: 'ભાઈ, ગામની હોળી સળગે ત્યારે દરેક ઘરવાળાએ છાણાં તો આપવાં પડે ને?'

અનેકાર્થી શબ્દ: આગિયો=ખદ્યોત; જુવાર ઇત્યાદિનો એક રોગ, આગિયું; એક જાતની ધોળી જુવાર; જેને અડકવાથી લાહ્ય બળે તેવો છોડ; વૈતાલ.

ગણિત ગમ્મત:

(૧×૨) — $૧^{૨}$=૧
(૨×૩) — $૨^{૨}$=૨
(૩×૪) — $૩^{૨}$=૩
(૪×૫) — $૪^{૨}$=૪
(૫×૬) — $૫^{૨}$=૫
(૬×૭) — $૬^{૨}$=૬
(૭×૮) — $૭^{૨}$=૭
(૮×૯) — $૮^{૨}$=૮
(૯×૧૦) — $૯^{૨}$=૯
(૧૦×૧૧) — $૧૦^{૨}$=૧૦

અને એમ આગળ (કા. મ. જોષી)

કહેવતોના અર્થ: 'સાપ—ફુંફાડો તો રાખજો'. એક સાપને સંતનો ઉપદેશ થતાં એણે ક્ષમા ધારણ કરી, પણ લોકોને એની ખબર પડતાં એને વધુ હેરાન કરવા માંડયાં. સાપે પેલા સંતને ફરિયાદ કરતાં એમણે કહ્યું કે ફુંફાડો તો રાખજો. પછી કોઇ લાકડી લઇને આવે એટલે તરત તે ફુંફાડો મારે. આથી બધાએ તેની છેડ કરવી મૂકી દીધી. વહેવારમાં અતિભલાઈ કામની નથી એ બતાવવા તે વપરાય છે. એને મળતી કહેવતો, 'વાંકા ચન્દ્રને સૌ નમે', 'વાંકી આંગળી વગર ઘી ન નીકળે,' વગેરે.

મધમાં ૧૧૯ જાત થાય છે.



આંતરસંબંધો યોજીને શાકભાજી અને ફળોની સમૃદ્ધિમાં માતબર વધારો કરીઆપનાર પોતાના જગપ્રસિદ્ધ વનસ્પતિશાસ્ત્રી લ્યૂથર બુરબૅંકને અમેરિકાએ પોતાના દેશની ત્રણ સેન્ટની ટપાલની ટિકિટ પર સ્મરણાંકિત કર્યાં છે.

જગતમાં જુદી જુદી ૨૮૦૦ ભાષાનો પ્રચાર છે એમ ફ્રૅંચ ઍકેડેમીનો અંદાજ છે. એકલા યુરોપમાં જ ૬૦૦ ભાષાઓ છે.

મોગલકાળમાં રાજમહેલોમાં અંગત વર્તમાનપત્રો પ્રસિદ્ધ થતાં. એમાં કેટલીયે અણમૂલી અને અંધારામાં રહેલી ઇતિહાસસામગ્રી હજી ભરી પડી છે.

ખોટી વાત

'કૅમલ' બ્રશના નામથી ઓળખાતી ચિત્રકારોને ચીતરવાની પીંછીઓ ઊંટ (કૅમલ)ના વાળની નથી બનતી. (ચિ.)

ચાયનો પ્યાલો દરેક વપરાશે અત્યંત બેમાલૂમ પ્રમાણમાં પાણીનાં રસાયણોમાં ગળીને પાતળો પડતો જાય છે.

નીલ વ્હેલ માછલી જગતનાં સર્વ પ્રાણીઓમાં મોટી હોય છે. જન્મ વેળા જ તેની લંબાઈ ૨૪ ફૂટની હોય છે!

૧૮૫૯માં ઑસ્ટ્રેલિયામાં ન્યૂ સાઉથ વેલ્સથી ક્વીન્સલૅન્ડનો પ્રદેશ છૂટો પાડવામાં આવ્યો ત્યારે બધો હિસાબ ચૂકતે કરતાં બ્રિસ્બેનની તીજોરીમાં સાડાસાત પેન્સ બાકી રહેલા!

આખી દુનિયામાં દર વર્ષે સવા ત્રણ કરોડ ટન સાકર તૈયાર થાય છે તેમાંની રાા કરોડ ટન શેરડીમાંથી થાય છે; બાકીની બીટ રૂટમાંથી.

ઑસ્ટ્રેલિયાનું સિડની શહેર એ જગતમાં સૌથી મોટું ઊનનું મથક છે.



જેસો ચિત્રકામ (ઉઠાવ આપતા રસથી આલેખન) કરવાની રીત: ચિત્રના ક્રમ વાર—(નં. ૧) દસ ચમચા ચાળેલી ખડીને શીખંડ જેવી થાય એટલા પાણીમાં પલાળવી; (નં. ૨) આઠ ચમચા મધ જેવો સરેસ તેમાં ભેળવવો; (નં ૩) એક ચમચો વાર્નિશ અને ત્રણ ચમચા બેલતેલ તેમાં નાખવું; (નં. ૪) એ વાસણને બીજા પાણીભર્યાં મોટા વાસણમાં રાખી દસ મિનિટ ઉકાળવું. આ રસ વડે પેટી કે પાટિયાં ઉપર કરેલા આલેખ પર નીતરતા રસે લીટીઓ પાડવી. લીટીઓ માટે ડાળખીની સળી કે માથાની પીનનો સીધો કરેલો છેડો અથવા પંખીનું પીછું ચાલે. એ રીતે આલેખેલી લીટીઓથી બનતી આકૃતિઓ ઊપસેલા રૂપમાં પડશે. પછી તે સુકાઈ જાય એટલે એ આકૃતિઓમાંનાં ફૂલ, ડાળખાં, પત્તીઓ વગેરેને મરજી મુજબના જે વિવિધ રંગ કરવા હોય તે ઍંધક્રોન (તેલિયા રંગ) વડે કરવા. છેવટે ચપડાલાખનું અસ્તર ચારી મીણ ઘસી પૉલિશ કરવું.




પરિવ્રાજક બુદ્ધ (મૂળ ચિત્રનું કદ: ૨૯×૧૯॥ ઈંચ)



(મૂળ ચિત્રનું કદ: ૧૯×૧૦ ઈંચ) **સંધ્યાકાળે**

ચિત્રકાર · પુલિનબિહારી દત્ત

(એમના પરિચય માટે આ અંકની 'માધુકરી' જુઓ)



મંદિરને ઓટલે

ફોટો · આબીદમિયાં સૈયદ · પાલનપુર